દૈનિક
# મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 173 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 July 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
ગુરુવાર, ૨૩ જુલાઈ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વલસાડ, નવસારી, સુરત જળબંબોળ

**અનેક ટ્રેનો પ્રભાવિત, ૩૨૬ રસ્તા બંધ - વલસાડમાં ૧૨ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ, ૧૨૯ તાલુકામાં વરસાદી માહોલ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી અનુસાર સુરત, નવસારી અને વલસાડ સહિત દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડ્યો હતો. રાજ્યમાં બુધવારે ૧૨૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને વલસાડ, નવસારી અને સુરત જિલ્લાના અમુક તાલુકાઓમાં બારે મેઘ ખાંગા થયા જેવી સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાયું હતું. ભારે વરસાદના કારણે ઉદવાડા અને પારડી વચ્ચે થયેલા ભૂસ્ખલનને કારણે ગુજરાતમાં પશ્ચિમ રેલવેની ઘણી ટ્રેનો પ્રભાવિત થઈ હતી. અમદાવાદ-મુંબઈ અને સુરત-મુંબઈ વચ્ચેનો રેલવે વ્યવહાર ખોરવાયો હતો.

સ્ટેટ ઇમર્જન્સીના આંકડા પ્રમાણે ગુજરાતમાં ૨૨ જુલાઈએ સાંજે છ વાગ્યા સુધીમાં ૧૨૯ તાલુકામાં વરસાદે હાજરી નોંધાવી હતી. જેમાં સૌથી વધારે વરસાદ વલસાડ જિલ્લામાં અને સૌથી ઓછો વરસાદ છોટાઉદેપુરમાં નોંધાયો હતો. આંકડાની વાત કરવામાં આવે તો, વલસાડના ઉમરગામ તાલુકામાં ૧૧.૨૬ ઇંચ, નવસારીના ખેરગામમાં ૮.૯ ઇંચ, વલસાડના પારડીમાં ૮.૭ ઇંચ, સુરતના પલસાણામાં ૬.૧ ઇંચ, વલસાડના કપરાડા તાલુકામાં ૬.૦૨ ઇંચ, નવસારીના ગણદેવી તાલુકામાં ૫.૮૩ ઇંચ, નવસારીના ચીખલી તાલુકામાં ૫.૭૫ ઇંચ, વલસાડના નાનાપોંઢા તાલુકામાં ૫.૨૮ ઇંચ, સુરતના બારડોલી તાલુકામાં ૫.૧૬ ઈંચ અને સુરતના મહુવા તાલુકામાં ૫.૦૮ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે વલસાડ શહેરમાં દસ ઇંચ વરસાદ ખાબકી પડતા શહેર પાણી પાણી થઈ ગયું હતું. સુરતમાં પણ માત્ર બે ઇંચ વરસાદમાં પાણી ભરાયા હોવાની તસવીરો વાયરલ થઈ હતી. સતત બે દિવસથી અવિરત પડી રહેલા વરસાદને કારણે મોટાભાગનાં શહેરો અને તાલુકામાં જનજીવનને વ્યાપક અસર થઈ હતી. રાજ્ય સરકારે બચાવ કામગીરી માટે તમામ વ્યવસ્થાઓ કરી હોવાનું જણાવ્યું હતું.

આજે પણ ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં આજે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે સૌરાષ્ટ્રમાં કેટલાંક સ્થળોએ છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે (શુક્રવારે) પણ આ વિસ્તારમાં વરસાદની સ્થિતિ આવી જ રહેવાની છે. નવસારીની વાત કરવામાં આવે તો, જલાલપોર, મરોલી, વેસ્મા, ડાભેસ અને સીમકલ સહિતના તાલુકામાં ભારે વરસાદ નોંધાયો હતો. આ વિસ્તારમાં થયેલા વરસાદના કારણે ખેડૂતોમાં પાકને નુકસાન થવાની ચિંતા વ્યાપી હતી. વરસાદી પરિસ્થિતિને કારણે શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી.

વલસાડમાં ભારે વરસાદના કારણે તંત્ર એલર્ટ

(જુઓ પાનું ૨) ▶▶

# ‘નીટ’ અંગે ચર્ચા માટે તૈયાર છીએઃ સરકાર

નવી દિલ્હીઃ ‘નીટ’ પેપર લીકને મુદ્દે વિપક્ષે આક્રમક વલણ અપનાવ્યું હોવા વચ્ચે સરકારે બુધવારે કહ્યું હતું કે આ મુદ્દે લોકસભામાં વિગતવાર ચર્ચા કરવા અમે તૈયાર છીએ. સરકારે એમ પણ કહ્યું હતું કે રસ્તા પર કરવામાં આવી રહેલા વિરોધપ્રદર્શનથી કશું નક્કર પરિણામ નહીં આવે.

અગાઉ બુધવારે સભા મોકૂફી બાદ લોકસભાની કાર્યવાહીનો આરંભ થતાં સ્પીકર ઓમ બિરલાએ સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુને નિવેદન આપવા જણાવ્યું હતું, પરંતુ કૉંગ્રેસના નેતા કે. સી. વેણુગોપાલે દખલગીરી કરી હતી અને ભારપૂર્વક કહ્યું હતું કે વિપક્ષ શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાંની પણ માગણી કરી રહ્યો છે.

અમારી માગણી સરળ છે. જ્યારે સંપૂર્ણ રાષ્ટ્ર વિદ્યાર્થીઓની પીડા અનુભવી રહ્યું છે ત્યારે અન્ય તમામ બાબતોને

(જુઓ પાનું ૨) ▶▶

## સંસદમાં વિપક્ષના સાંસદોને બોલવા નથી દેવાતાઃ પ્રિયંકા

નવી દિલ્હીઃ વિરોધપ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે એકજૂટતા દર્શાવવા કાળાં કપડાં પહેરીને આવેલાં કૉંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધી વાડરાએ બુધવારે કહ્યું હતું કે લોકશાહી ખતમ થઈ ગઈ છે અને વિદ્યાર્થીઓના મુદ્દે ચર્ચા કરવાની પરવાનગી ન આપવા સહિત સંસદમાં જે કંઈ પણ થઈ રહ્યું છે તે લોકશાહી વિરુદ્ધનું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭, લોક કલ્યાણ માર્ગસ્થિત નિવાસસ્થાન બહાર કરવામાં આવેલા વિરોધપ્રદર્શનનો ઉલ્લેખ કરતાં પ્રિયંકાએ કહ્યું હતું કે લોકશાહીની સૌથી મોટી બાબત અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય તેમ જ શાંતિપૂર્ણ રીતે વિરોધપ્રદર્શન છે અને એમાં લોકશાહી વિરુદ્ધ કશું જ નથી.

ખરેખર તો લોકસભા અને રસ્તા પર જે થઈ રહ્યું છે તે લોકશાહી વિરુદ્ધનું છે, એમ પ્રિયંકાએ કહ્યું હતું.

વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા કરવામાં આવેલા કથિત અત્યાચારના વિરોધમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને

(જુઓ પાનું ૨) ▶▶

## શરદ પવાર અને સુપ્રિયા સૂળે મોદીને મળ્યા

નવી દિલ્હીઃ દેશની રાજધાની દિલ્હીમાં નીટ પરીક્ષામાં ગેરરીતિઓને લઇને જંતર-મંતર ખાતે ચાલી રહેલા કોક્રોચ જનતા પાર્ટી(સીજેપી)ના ભારે વિરોધ પ્રદર્શન અને હોબાળા વચ્ચે એક મોટા રાજકીય સમાચાર સામે આવ્યા છે. એનસીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ શરદ પવાર અને સાંસદ સુપ્રિયા સૂળે સંસદભવનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. જો કે બેઠક દરમિયાન ક્યા વિષય પર ચર્ચા થઇ હતી તે અંગે કોઇ જાણકારી સામે આવી નથી.

શરદ પવાર અને સુપ્રિયા સૂળે દ્વારા જંતર-મંતર ખાતે સીજેપી અને પ્રદર્શનકારી વિદ્યાર્થીઓના આંદોલનને ખુલ્લેઆમ સમર્થન આપ્યાના અને પોલીસ કાર્યવાહીની નિંદા કર્યાના એક દિવસ પછી આ બેઠક યોજાઇ છે. સંસદ

(જુઓ પાનું ૨) ▶▶

## મોદી માફી માગેઃ રાહુલ

નવી દિલ્હીઃ વિરોધપ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ આતંકવાદી નથી અને તેઓ માત્ર એટલી જ માગણી કરી રહ્યા છે કે શિક્ષણ વ્યવસ્થા વધુ મજબૂત બને અને યોગ્ય રીતે કાર્ય કરે એમ જણાવી કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિદ્યાર્થીઓની માફી માગે અને વિદ્યાર્થીઓ પર અત્યાચાર કરનારા તમામને જવાબદાર ઠેરવે એવી બુધવારે માગણી કરી હતી.

કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મોદી સરકાર પર દેશની શિક્ષણ વ્યવસ્થાનો નાશ કરવાનો આક્ષેપ

(જુઓ પાનું ૨) ▶▶

## રામમંદિર ટ્રસ્ટના સીઈઓની પસંદગી મોકૂફ

અયોધ્યાઃ શ્રી રામમંદિર તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે રામમંદિરના પ્રથમ ચીફ એક્ઝિક્યૂટિવ ઑફિસર (સીઈઓ)ની પસંદગી બુધવારે મોકૂફ રાખી હતી.

આ હોદ્દા માટે ૫,૨૦૦ જેટલી અરજી મળ્યાના એક મહિના બાદ ટ્રસ્ટે રામ મંદિરના સીઈઓની પસંદગી મોકૂફ રાખી હતી અને મંદિરના વહીવટ માટેની વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વચગાળાના સમય માટે સેક્રેટરીની નિમણૂક કરવાનો નિર્ણય લીધો હતો.

અહીં યોજાયેલી બૉર્ડ ઑફ ટ્રસ્ટીઝની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

શ્રાવણમાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં થનારા અપેક્ષિત વધારાને ધ્યાનમાં રાખીને સભ્યોએ બેઠકમાં વહીવટી વ્યવસ્થા, ટ્રસ્ટના હોદ્દાની ખાલી પડેલી

(જુઓ પાનું ૨) ▶▶

## રાહુલ વિદ્યાર્થીઓના ભાવિ સાથે રાજકારણ રમે છેઃ નડ્ડા

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાન જે. પી. નડ્ડાએ બુધવારે રાતે પત્રકાર પરિષદમાં આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિદ્યાર્થીઓના ભાવિ સાથે રાજકારણ રમી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે કૉંગ્રેસ સહિતના વિપક્ષની સરકાર હિમાચલ પ્રદેશ, તેલંગણા, જમ્મુ - કાશ્મીર અને તમિળનાડુમાં હતી ત્યારે પણ ત્યાં રાષ્ટ્રીય સ્તરની પરીક્ષાઓના પેપર ફૂટ્યા હતા, પરંતુ રાહુલ ગાંધી હાલના આંદોલન દરમિયાન તે અંગે કંઇ નથી બોલતા. રાહુલ ગાંધી વિદ્યાર્થીઓના ભાવિ સાથે રાજકીય રમત રમી રહ્યા છે. કૉંગ્રેસના નેતાઓ વિદ્યાર્થીઓના હિતનું ધ્યાન નથી રાખતા.■

## જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં એક પોલીસ શહીદ

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના અનંતનાગમાં આતંકવાદીઓએ પેટ્રોલિંગ કરી રહેલી પોલીસ પાર્ટી પર બુધવારે કરેલા ગોળીબારમાં એક પોલીસકર્મીનું મોત થયું હતું.

અનંતનાગના લાલચોક ખાતે બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ ગોળીબાર થયો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે પોલીસ પાર્ટી આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે વાહનમાં સવાર આતંકવાદીઓએ પોલીસ ટીમને નિશાન બનાવીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં એક હેડ કોન્સ્ટેબલ આશિક હુસૈન કુરેશી ગંભીર રીતે ઘાયલ થયો હતો.

અમરનાથ યાત્રા સુરક્ષા ફરજ પર તૈનાત આશિકને અનંતનાગની સરકારી મેડિકલ કોલેજમાં લઇ ગયા હતા જ્યાં ડોક્ટરોએ એને મૃત જાહેર કર્યા હતા.

ઘટનાસ્થળે વધારાના સુરક્ષા દળો મોકલવામાં આવ્યા છે. પોલીસ, સીઆરપીએફ અને સેનાની ટીમોએ લાલચોક અને આસપાસના વિસ્તારોને ઘેરી લીધા છે.

હુમલાખોર આતંકવાદીઓના ભાગી જવાના સંભવિત

(જુઓ પાનું ૨) ▶▶

## અંકલેશ્વરમાંથી ડ્રગ્સ મેન્યુફેક્ચરિંગ યુનિટ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હી અને સુરતના ડિરેક્ટોરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ની સંયુક્ત ટીમે અંકલેશ્વરના ગડખોલ વિસ્તારમાં ભાડાના ઘરમાં ચાલી રહેલા ગેરકાયદે યુનિટનો પર્દાફાશ કર્યો હતો અને લગભગ રૂ. ૪૦ લાખની કિંમતનો શંકાસ્પદ મેફેડ્રોન (એમડી)નો જથ્થો જપ્ત કર્યો હતો.

દરોડા દરમિયાન, અધિકારીઓએ શંકાસ્પદ એમડી ડ્રગ, તેના ઉત્પાદનમાં વપરાતો કાચો માલ અને માદક દ્રવ્ય બનાવવા માટે કથિત રીતે ઉપયોગમાં લેવાતા સાધનો જપ્ત કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ભાડાના મકાનના એક રૂમને કામચલાઉ પ્રયોગશાળામાં ફેરવી નાખવામાં આવ્યો હતો, જ્યાં ડ્રગ બનાવવા માટેની રાસાયણિક પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી હતી. ડીઆરઆઈની ટીમે ગુનાહિત સામગ્રી જપ્ત કરી અને પરિસરને સીલ કરી દીધું હતું.

આ ઓપરેશન સાથે સંકળાયેલા ત્રણ શંકાસ્પદને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા હતા. આ રેકેટમાં તેમની ચોક્કસ ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

## અમેરિકા જિનેરિક દવાઓ પર ૨૦૦ ટકા ટૅરિફ લાદશે

વૉશિંગ્ટનઃ ડોનલ્ડ ટ્રમ્પે બે વર્ષ બાદ યુએસમાં આયાત થતી તમામ જિનેરિક દવાઓ પર ૨૦૦% ટૅરિફ નાખવાની જાહેરાત કરી છે.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશ્યલ પર ટ્રમ્પે જણાવ્યું છે કે ૧ ઓગસ્ટથી શરૂ થતા બે વર્ષ માટે યુએસમાં આયાત થતી તમામ જિનેરિક દવાઓ પર ૦% ટૅરિફ લાદવામાં આવશે.

ટ્રમ્પે આ સાથે મોટો આંચકો આપતા જણાવ્યું છે કે આ બે વર્ષ પછી, આગામી એક વર્ષ માટે આ જિનેરિક દવાઓ પર ૧૦૦% ટૅરિફ લાદવામાં આવશે અને તે પછી તેને ૨૦૦% સુધી વધારી દેવામાં આવશે.

બે વર્ષ માટે શૂન્ય ટૅરિફની વાત ભારત માટે રાહત સમાન છે, કારણ કે ભારતીય જિનેરિક દવાઓનો અમેરિકામાં મોટો વ્યવસાય છે.

ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ (જીટીઆરઆઈ)ના અહેવાલ મુજબ, ભારતે ૨૦૨૫માં અમેરિકામાં ૯.૭ અબજ ડોલરની જિનેરિક દવાઓની નિકાસ કરી હતી, જે દેશની કુલ ૨૫.૮ અબજ ડોલરની વૈશ્વિક ફાર્માસ્યુટિકલ

(જુઓ પાનું ૨) ▶▶

## શિંદે શિવસેનામાં છ સાંસદના જોડાણ અંગે સ્પીકરને નોટિસ

નવી દિલ્હીઃ શિવસેના (યુબીટી)ના છ સાંસદ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના વડપણ હેઠળની શિવસેનામાં જોડાઈ ગયા હોવાને લોકસભાના સ્પીકરે આપેલી મંજૂરીને પડકારતી અરજીને મામલે સુપ્રીમ કોર્ટે બુધવારે લોકસભાના સ્પીકરના કાર્યાલય અને અન્યોને નોટિસ પાઠવી આ મુદ્દે તેમની પાસે જવાબ માગ્યો હતો.

શિવસેના (યુબીટી)ના નેતા અરવિંદ ગણપત સાવંત દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી માટે સહમતી દર્શાવનાર ન્યાયાધીશ પી. એસ. નરસિંહા અને આલોક અરાધેની બનેલી ખંડપીઠે

(જુઓ પાનું ૨) ▶▶

## જમ્મુમાં ભારે વરસાદથી શ્રીનગરનો હાઈવે બંધ

જમ્મુઃ અવિરત પડી રહેલા વરસાદે સતત ચોથા દિવસે જમ્મુને ધમરોળી નાખ્યું હતું અને અનેક ભેખડ પડી જતા વ્યૂહાત્મક જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે બંધ થઈ ગયો હતો.

પૂરગ્રસ્ત અને ભૂસ્ખલનનો સામનો કરી રહેલા પૂંછ અને રાજૌરી જિલ્લામાં ગુમ થયેલા સાત જણને શોધી કાઢવા શોધ અભિયાન ચાલુ હતું. રવિવારથી અમરનાથ યાત્રા, વૈષ્ણોદેવી યાત્રા અને મચેલ માતા યાત્રા સ્થગિત કરાઈ છે.

ટ્રાફિક વિભાગના અધિકારીએ કહ્યું હતું કે ૨૫૦ કિલોમીટરની લંબાઈવાળા જમ્મુ-શ્રીનગર હાઈવે પરનો બન્ને માર્ગનો પરિવહન બુધવારના સવારના

(જુઓ પાનું ૨) ▶▶

# આજથી કોમનવેલ્થનો કરિશ્મા

## મોટી સંખ્યામાં ચંદ્રકો જીતવા માટે ભારતને પીઢ અને યુવા ઍથ્લીટો પર ભરોસો


ભાલાફેંકનો ચેમ્પિયન નીરજ ચોપડા



વેઇટલિફ્ટર મીરાંબાઈ ચાનુ



રનર પારૂલ ચૌધરી

*(અજય મોતીવાલા)*

મુંબઈઃ આજે સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં કોમનવેલ્થ ગેમ્સ શરૂ થઈ રહી છે. ૨૩મા ફિફા વર્લ્ડ કપ બાદ હવે ૨૩મી કોમનવેલ્થ ગેમ્સ ખેલકૂદ પ્રેમીઓના દિલોદિમાગ પર છવાઈ જશે. આજે રાત્રે ૧૦:૩૦ વાગ્યે ઓપનિંગ સેરેમની યોજાશે.

### ૨૦૨૬ના રમતોત્સવની આંકડાબાજી

૨૩મી જુલાઈથી બીજી ઓગસ્ટ સુધી ચાલનારા આ રમતોત્સવમાં ૭૪ દેશના ઍથ્લીટો ભાગ લેશે. કુલ મળીને ૧૦ પ્રકારની રમતોમાં કુલ ૨૧૫ ઇવેન્ટ યોજાશે જેમાં ૩,૦૦૦થી વધુ ઍથ્લીટો તેમની ક્ષમતા, ટેલેન્ટ, ઊર્જા અને કાબેલિયત પ્રદર્શિત કરશે. ૧૦ રમતમાં બાસ્કેટબોલ, જિમ્નેસ્ટિક્સ, ઍથ્લેટિક્સ, વેઈટલિફ્ટિંગ, બોક્સિંગ, બોવ્લ્સ, સાઈક્લિંગ, જૂડો, નેટબોલ અને સ્વિમિંગ. બોવ્લ્સની રમતમાં ઘાસના મેદાન પર મુખ્ય બોલને જમીન પરથી સામે રાખેલા કેટલાક બોલ તરફ મોકલવામાં આવે છે.

### કોમનવેલ્થ ગેમ્સ શું છે?

ફૂટબોલના ફિફા વર્લ્ડ કપની જેમ કોમનવેલ્થ ગેમ્સ પણ ૧૯૩૦ની સાલથી દર ચાર વર્ષે રમાય છે. ૧૯૩૦માં સૌપ્રથમ કોમનવેલ્થ ગેમ્સ કૅનેડામાં યોજાઇ હતી. ભારતમાં આ સ્પર્ધાનું ૨૦૧૦ની સાલમાં દિલ્હીમાં આયોજન થયું હતું. ઑલિમ્પિક ગેમ્સ પછીના બીજા

(જુઓ પાનું ૨) ▶▶

### ૨૦30માં અમદાવાદ યજમાન

ચાર વર્ષ પછી (૨૦૩૦માં) કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાશે. ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સ પણ અમદાવાદમાં યોજાવાની પાક્કી સંભાવના છે.

### ૨૦૨૬ઃ રમતોની સ્પર્ધાઓનો મહાકુંભ

૨૦૨૬ જેવું વર્ષ કદાચ બીજું કોઈ નહીં હોય, કારણકે આ વર્ષમાં ખેલકૂદપ્રેમીઓ સામે હરીફાઈઓ અને સ્પર્ધાઓનો જાણે જે રસથાળ પીરસવામાં આવ્યો છે એવું અગાઉ કોઈ વર્ષમાં નહીં બન્યું હોય. વિવિધ રમતોની એક એકથી ચડિયાતી અને વધુને વધુ રોમાંચક ટૂર્નામેન્ટનો જાન્યુઆરીમાં સિલસિલો શરૂ થયો હતો. માત્ર ક્રિકેટ અને ફૂટબોલ જાણે સ્પોર્ટ્સલવર્સ માટે પૂરતા ન હોય એમ હવે આજથી બીજી રમતોની એક્સાઇટિંગ હરીફાઈઓનો મોકો તેમને ટીવી પર તથા ઍપ પર માણવા મળશે. હજી તો અડધું વર્ષ પૂરી થયું છે ત્યાં રમતપ્રેમીઓને ન્યાલ કરી મૂકે એવું હજી ઘણું આ વર્ષમાં આવવાનું બાકી છે. ૨૦૨૬ને રમતોત્સવનું વર્ષ કહીએ તો પણ ખોટું નથી.

જાન્યુઆરીમાં હોકી ઇન્ડિયા લીગ, મહિલાઓની આઇપીએલ એટલે કે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) તથા મુંબઈ મેરથનથી ‘સ્પોર્ટ્સ યર’ની શરૂઆત થઈ અને પછી તો ઇવેન્ટ્સની લાઈન લાગી ગઈ હતી. ફેબ્રુઆરી-માર્ચમાં ટી-૨૦ વર્લ્ડ કપ યોજાયો હતો જે ભારતે સૂર્યકુમાર યાદવના સુકાનમાં જીતી લીધો હતો અને ત્યાર બાદ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) યોજાઈ હતી. એ પૂરી થયા બાદ

(જુઓ પાનું ૨) ▶▶

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જિનેરિક દવાઓ પર ટૅરિફઃ ટ્રમ્પની દાટીથી ડરવાની જરૂર નથી

**લાંબા** સમયની શાંતિ પછી અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પાછા વરતાયા છે. ઈરાનની મેથી મારવામાં પડ્યા હોવાથી ભારતને ભૂલી ગયેલા ટ્રમ્પને અચાનક યાદ આવી ગયું હશે કે, ભારતની હમણાંથી બજાવી નથી એટલે જિનરિક દવાઓ પર ૨૦૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી નાખી. ટ્રમ્પે પોતાના ટ્રુથ સોશિયલ પ્લેટફૉર્મ પર જ્ઞાન પીરસ્યું છે કે, અમેરિકામાં જ દવાઓનું ઉત્પાદન વધે અને અમેરિકનોને રોજગારી મળે એ વાસ્તે પોતે જિનરિક દવાઓ પર ટૅરિફ લાદવાનું નક્કી કર્યું છે પણ ટ્રમ્પના નિશાના પર ભારત જ છે એ સ્પષ્ટ છે. ભારત વિશ્વમાં જિનરિક દવાઓનો સૌથી મોટો દેશ છે અને અમેરિકામાં જંગી પ્રમાણમાં જિનરિક દવાઓની નિકાસ કરે છે તેથી આ ટૅરિફની સૌથી વધારે ખરાબ અસર ભારત પર જ પડશે ને ટ્રમ્પે ભારતને ફટકો મારવા આ નિર્ણય લીધો છે એ સ્પષ્ટ છે.

ટ્રમ્પે કરેલી જાહેરાત પ્રમાણે, જિનરિક દવાઓ પર ટૅરિફ અંગેની આ તબક્કાવાર યોજના ૧ ઓગસ્ટથી અમલમાં આવશે પણ શરૂઆતના બે વર્ષ સુધી અમેરિકામાં આવતી તમામ જિનરિક દવાઓ પર અમેરિકા હાલનો શૂન્ય ટકા ટૅરિફ જાળવી રાખશે. ત્રીજા વર્ષે એટલે કે, ૧ ઓગસ્ટ ૨૦૨૭થી આ ટૅરિફ વધારીને ૧૦૦ ટકા કરવામાં આવશે અને ત્યાર પછી ૨૦૦ ટકા કરવામાં આવશે. ટ્રમ્પે ૨૦૦ ટકા ટૅરિફનો અમલ ક્યારથી થશે તેની ચોખવટ કરી નથી પણ મોટા ભાગે ૧ ઓગસ્ટ ૨૦૨૮થી ટૅરિફ વધારીને ૨૦૦ ટકા કરી દેવામાં આવશે એવું લાગે છે.

ટ્રમ્પે એ સ્પષ્ટતા પણ કરી છે કે, આ ટૅરિફથી વિદેશી કંપનીઓનાં ઉત્પાદનો માટે અમેરિકાના દરવાજા બંધ નથી કરાયા પણ વિદેશી કંપનીઓ અમેરિકામાં ઉત્પાદન કરે એવો વિકલ્પ તેમને અપાયો છે કે જેથી રોજગારી સહિતનો ફાયદો સીધો અમેરિકાને મળે. ટ્રમ્પે એ પણ કહ્યું છે કે, જે કંપનીઓ તેમને આપવામાં આવેલા નિર્ધારિત સમયગાળામાં એટલે કે બે વર્ષમાં પ્લાન્ટ અને મશીનરી સ્થાપિત કરવાનો નિર્ણય નહીં લે તેમને દંડ કરવામાં આવશે. ટ્રમ્પના કહેવાનો મતલબ સાફ છે કે, ભારત સહિતના કોઈ પણ દેશની ફાર્મા કંપનીઓએ અમેરિકાના બજારમાં જિનરિક દવાઓ વેચવી હોય તો અમેરિકામાં જ દવાઓ બનાવવી પડશે ને પછી જ અમેરિકામાં વેચી શકાશે. બીજા દેશમાં દવા બનાવીને અમેરિકામાં વેચવી હોય તો જંગી ટૅરિફ ચૂકવવાની તૈયારી રાખવી પડશે.

ટ્રમ્પની જાહેરાત બહુ મહત્ત્વની છે પણ તેનાથી ભારતે ગભરાવાની જરૂર નથી. પહેલું કારણ એ કે, ટ્રમ્પની જાહેરાતનો અમલ બે વર્ષ પછી એટલે કે, ૧ ઓગસ્ટ ૨૦૨૮થી થવાનો છે ને બે વર્ષમાં ઘણું બધું બદલાઈ શકે છે. ડોનલ્ડ ટ્રમ્પ ૨૦૨૫ના જાન્યુઆરીમાં બીજી વાર પ્રમુખ બન્યા તેથી તેમની મુદત ૨૦૨૯ના જાન્યુઆરીમાં પૂરી થશે. મતલબ કે, ટ્રમ્પ પ્રમુખપદે હશે ત્યારે જ ૧૦૦ ટકા ટૅરિફનો અમલ શરૂ થઈ જશે પણ એ પહેલાં બંને દેશોના સંબંધોમાં સુધારો થાય તો આ ટૅરિફ મોકૂફ રહી શકે અથવા તો ભારતીય કંપનીઓને તેમાંથી મુક્તિ મળી શકે છે. ટ્રમ્પ પોતે તળિયા વિનાના લોટા જેવા છે એ જોતાં એ પોતે પણ પલટી મારી શકે છે.

બીજું એ કે, અમેરિકનો ભારતીય દવાઓ પર એ હદે નિર્ભર છે કે, અમેરિકનોને પણ ટ્રમ્પના આવા તુક્કા પોષાય એમ નથી. ફાર્મા સેક્ટરમાં વિશ્વમાં ભારતનો દબદબો છે અને દુનિયાના મોટા ભાગના દેશો દવાઓ માટે ભારત પર નિર્ભર છે તેથી ભારતને 'વિશ્વની ફાર્મસી' કહેવામાં આવે છે. જિનરિક દવાઓમાં તો ભારતનો દબદબો એવો છે કે, વિશ્વભરના ૨૦૦ જેટલા દેશોને ભારત જ જિનરિક દવાઓનો પુરવઠો પૂરો પાડે છે.

અમેરિકા પણ ભારત પર નિર્ભર છે અને અમેરિકામાં વેચાતી જિનરિક દવાઓમાં ૪૦ ટકા દવાઓ ભારતીય કંપનીઓની છે. 'ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ'ના રિપોર્ટ પ્રમાણે ૨૦૨૪-૨૫માં અમેરિકાએ કુલ ૨૫.૮ અબજ ડૉલરની દવાઓની આયાત કરી હતી ને તેમાંથી ૩૮ ટકા એટલે કે ૯.૭ અબજ ડૉલરની આયાત એકલા ભારતમાંથી કરાઈ હતી. અમુક દવાઓના મામલામાં તો સ્થિતિ એ છે કે, ભારતીય કંપનીઓ સિવાય કોઈની દવા ખપતી જ નથી.

ઉદાહરણ તરીકે અમેરિકામાં સૌથી વધારે ખપત ગર્ભનિરોધક દવાઓની છે ને આ બજારમાં ભારતીય કંપનીઓનું એકહથ્થુ શાસન છે. અમેરિકામાં ડોક્ટર દ્વારા લખવામાં આવતાં પ્રિસ્ક્રિપ્શન્સમાંથી લગભગ ૬૫ ટકા ટેબ્લેટ્સ તો ભારતની બે કંપનીઓ ગ્લેનમાર્ક ફાર્માસ્યુટિકલ્સ અને લ્યુપિનની જ હોય છે. આ તો એક ઉદાહરણ આપ્યું પણ હાઈ બ્લડ પ્રેશર, ડિપ્રેશન, ડાયાબિટીસ, કેન્સર, ચેપી રોગો અને માનસિક સ્વાસ્થ્યની સારવાર માટેની મોટા ભાગની જિનેરિક દવાઓ ભારતીય કંપનીઓની હોય છે.

અમેરિકન ડોક્ટરો આ દવાઓ લખે છે કેમ કે આ દવાઓ અસરકારક છે અને લોકો વાપરે છે કેમ કે અસરકારક હોવાની સાથે સસ્તી પણ છે. ભારતીય કંપનીઓ વરસોથી અમેરિકામાં આ દવાઓની નિકાસ કરે છે તેથી અમેરિકન ડ્રગ્સ અને ફાર્મા સ્ટાન્ડર્સ પ્રમાણે જ બનાવે છે તેથી કોઈ ફરિયાદ પણ નથી આવતી. આ બધાં કારણોસર અમેરિકાના બજારમાં ભારતીય દવાઓ ધૂમ વેચાય છે.

અમેરિકામાં મોટી મોટી ફાર્મા કંપનીઓ છે પણ એ બધી મોંઘીદાટ દવાઓ વેચે છે કેમ કે રિસર્ચ પાછળ કરોડોનું આંધણ કર્યું હોય છે. આ કારણે તેમને જિનરિક દવાઓ વેચીને ટીપે ટીપે સરોવર ભરવામાં રસ નથી. ભારતની કંપનીઓ અમેરિકામાં જિનરિક દવાઓ વેચે તેની સામે વાંધો પણ નથી તેથી ભારતીય કંપનીઓ ધમધોકાર ધંધો કરે છે. અમેરિકાની કંપનીઓએ જિનરિક દવાઓના ઉત્પાદનનું કોઈ માળખું ઊભું કર્યું નથી ને હવે ટ્રમ્પના કહેવાથી રાતોરાત એ ઊભું ના થઈ શકે તેથી અમેરિકાએ જખ મારીને ભારતના શરણે જ આવવું પડે.

ટ્રમ્પને પણ આ વાતની ખબર છે જ છતાં તેણે અત્યારે ટૅરિફનું નવું નાટક શરૂ કર્યું તેનું કારણ ભારતનું નાક દબાવવાની મેલી મુરાદ છે. અમેરિકા અને ભારત વચ્ચેનો ટ્રેડ ડીલ અમેરિકાની ભારતમાં તેની કૃષિ-ડેરી પ્રોડક્ટ્સને મોકળું મેદાન આપવાની જીદના કારણે અટવાયેલું છે. ભારત પોતાનાં હિતોને કારણે અમેરિકાની આ વાત માની શકે તેમ નથી તેથી ટ્રમ્પ ભારતને બીવડાવવા માટે આ જિનરિક દવાઓ પર ટૅરિફનું તૂત લઈ આવ્યા છે. લાગ્યું તો તીર નહીં તો તુક્કો એ હિસાબે તેમણે આ જાહેરાત કરી નાખી. ભારત ડરી ગયું તો કામ થઈ ગયું, ના ડરે તો કંઈ નહીં. બાકી ખરેખર ટૅરિફ લાદવા માગતા જ હોય તો ૧ ઓગસ્ટ, ૨૦૨૬થી ના લાદે? બે વર્ષનો પ્લાન શું કરવા જાહેર કરે?

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, ગુરુવાર, તા. ૨૩-૭-૨૦૨૬,
મન્વાદિ, ભારતીય શ્રાવણ માસારંભ,
નક્ષત્ર અને વાર મુજબ ગુરુ ગ્રહદેવતાનું પૂજન-જાપ શ્રેષ્ઠ

- ભારતીય દિનાંક ૧, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ સુદ -૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૮મો દએપઆદર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર વિશાખા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૩ સુધી (તા. ૨૪) પછી અનુરાધા
- ચંદ્ર તુલામાં રાત્રે ક. ૧૯-૦૦ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (પ, ઠ, ણ), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૮, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૭-૨૯, સાંજે ક. ૧૮-૧૯
- ઓટઃ બપોરે ક. ૧૩-૦૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૪ (તા. ૨૪)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, આષાઢ શુક્લ – નવમી. મન્વાદિ, ભારતીય શ્રાવણ માસારંભ, વિંછુડો પ્રારંભ રાત્રે ક. ૧૯.૦૦, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ નોમ રિક્તાતિથિમાં ભગવાન સત્યનારાયણની પૂજા થઈ શકે છે. શ્રી વિષ્ણુ-લક્ષ્મી-પૂજા, તુલસીપૂજા થઈ શકે છે. વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, શિવસુક્ત, પુરુસુક્ત અભિષેક, મન્વારદિ તિથિ હોય તર્પણ શ્રાદ્ધ થઈ શકે છે. સ્વામિનારાયણ મંદિરમાં શ્રી હરિજયંતી ઉત્સવ, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ વિચારો ફર્યા કરે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ. બુધ સ્તંભી થઈ માર્ગી થશે. ચંદ્ર જયેષ્ઠા યુતિ થાય છે. ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણ ૫ અંશ ૧૩ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# એક ખૂન માટે બે વ્યક્તિનો એકરાર, હઝરત અલીની અદાલતમાં ન્યાયપૂર્ણ ચુકાદો

આજથી ચૌદસો-સાડા ચૌદસો વર્ષ પૂર્વેનો એ યુગ હતો. દીને ઈસ્લામનો ઉદય થઈ રહ્યો હતો અને અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈયહિ વઆલેહિ સલ્લમ પર ઈમાન લાવી, સન્માર્ગે આરબ લોકો વળી રહ્યા હતા. સમય ઝડપથી પસાર થઈ રહ્યો હતો. ઈસ્લામી શરિયત (કાયદા-કાનૂન) પર ઈન્સાફ થતો તે સમયનું શેરે ખુદા અમિરૂલ મુઅમિનીન હઝરત અલી અલૈહિ સલ્લામના ઈન્સાફનું એક પ્રેરણાદાયી દૃષ્ટાંત અંતરાત્માને જાગૃત કરનારું બની રહેશે.

ઈમામે આદિલ, ઝુલ્ફીકારના સ્વામી હઝરત અલી અલૈયહિ સલ્લામની ખિલાફત (નેતૃત્વ)નો એ યુગ હતો. એક ખૂનના આરોપસર કેટલાક માણસો એક શખસને પકડી લાવ્યા અને આપની સમક્ષ રજૂ કર્યો. અર્ઝ કરવામાં આવી, કે અય અમીરૂલ મોઅમેનીન! માણસે એમુક ટેકરી પાસે એક વ્યક્તિનું ખૂન કર્યું છે.

ઈલ્મોજ્ઞાનના ભંડાર, સાદગીના શહેનશાહ હઝરત અલી અલૈયહિ સલ્લામે ફરિયાદીઓને શાંતિથી સાંભળ્યા પછી ફરમાવ્યું કે આ માણસ ખૂની છે એની તમારી પાસે શી સાબીતી છે? એના કોઈ દાર્શનિક પુરાવા હોય તો રજૂ કરો!

ફરિયાદીઓએ વિનંતી કરી, ખલીફતુલ મુસ્લેમીન! અમે ટેકરી પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક દર્દનાક ચીસ અમારા સાંભળવામાં આવી. અમે અવાજની દિશામાં દોડી ગયા. ત્યાં જઈને જોયું તો એક યુવક લોહીના ખાબોચિયામાં મૃતપ્રાય અવસ્થામાં પડ્યો હતો. આ માણસ લોહીવાળું ખંજર ધારણ કરીને ઊભો હતો. અમે તેને પકડી લીધો. અત્યારે પણ એના હાથમાં એ જ લોહી નીતરતું ખંજર મોજુદ છે.

આપે પેલા માણસને પૂછયું, શું આ ખરું છે કે તમે જ એ યુવાનનું ખૂન કર્યું છે?

પેલા શખસે જવાબ આપ્યો, યા અમીરૂલ મોઅમેનીન! હા, હું જ ખૂની છું. એ માણસનું ખૂન મેં જ કર્યું છે.

આપે ફરમાવ્યું કે ખૂની પોતે જ ગુનાનો એકરાર કરે છે, એટલે શરિયતના કાયદા પ્રમાણે તે સજાને પાત્ર છે.

આ સાંભળતા જ ન્યાય સ્થળે ઉપસ્થિત એક માણસે અરજ ગુજારી કે ચૂકાદો આપતાં પૂર્વે મને સાંભળવામાં આવે, આ અંગે હું પણ કંઈ કહેવા માગુ છું. એટલું કહેતા જ એ શખ્સ આગળ આવ્યો અને આપ સમક્ષ ઊભો થયો. આપે તેને ઉદ્દેશીને નિઃસંકોચ બયાન કરવા ફરમાવ્યું.

આગંતુકે અરજ ગુઝારીઃ યા ખલીફતુલ મુસ્લેમીન! આ વ્યક્તિ ખૂનનો આરોપ નાહકનો પોતા ઉપર લઈ રહ્યો છે. ખૂન તેણે નથી કર્યું પણ મેં કર્યું છે. અસલ હત્યારો હું પોતે છું, એ નિર્દોષ છે.

આપ હઝરતે પેલાને પૂછયું, સાચી હકીકત શું છે? તમે ગુનાનો એકરાર કરો છો, ત્યારે આ માણસ પોતે હત્યા કર્યાની કબૂલાત કરે છે. જો ખૂન તમે નથી કર્યું તો ગુનો કર્યાની કબૂલાત શા માટે તમે કરી રહ્યા છો? શું આ એકરાર કર્યા પાછળ કોઈની ધાકધમકી કે દબાણ તમારા ઉપર કરવામાં આવી રહ્યું છે? અલ્લાહને સાક્ષી રાખી ખરી હકીકત જણાવો તો ન્યાય કરવામાં સુગમતા રહે.

પેલા શખસે અરજ ગુજારતા કહ્યું, યા અમીરૂલ મોઅમેનીન! મારા માટે એવા સંજોગો ઉપસ્થિત થયા કે મારે મારા પર આરોપ લીધા સિવાય છૂટકો જ નહોતો. પરિસ્થિતિ એવી વિકટ હતી કે જો હું પોતાને નિર્દોષ પુરવાર કરવા દલીલ કરત તો કોઈપણ તે કબૂલ કરે એમ હતું નહીં. કારણ કે મારા હાથમાં લોહીથી ખરડાયેલું ખંજર હતું! સત્ય બીના તો એ છે, કે હું એક મુસાફર છું. સાંજ પડવા આવી હોવાથી હું એ ટેકરી પર રોકાઈ ગયો. મને ખૂબ ભૂખ લાગી હતી. આથી મેં એક બકરી ઝબેહ કરી- (હલાલ કરી) હું બકરી કાપવામાં મગ્ન હતો ત્યાં મેં એક કરુણ ચીસ સાંભળી. એ ચીસ સાંભળતાં જ હું ખંજર સહિત એ જગ્યાએ પહોંચ્યો. ત્યાં જઈને જોયું તો ત્યાં એક નવજવાન લોહીથી ખરડાયેલી હાલતમાં તરફડી રહ્યો હતો. હું કાંઈ સમજું કે પૂછપરછ કરું, સારવાર કરું એ પહેલાં તે મૃત્યુ પામ્યો. હું આ પરિસ્થિતિ પર વિચાર કરી રહ્યો હતો, ત્યાં આ લોકો દોડતા આવ્યા અને મારા હાથમાં લોહીથી ખરડાયેલું ખંજર જોઈ મને હત્યારો જાણી પકડી લીધો. જોકે મેં તો માત્ર એક બકરી જ કાપી હતી. પણ કમનસીબે મને માનવહત્યારો લેખવામાં આવ્યો. જે સંજોગમાં હું પકડાયો, તેમાં મને નિર્દોષ પુરવાર કરવાનો મારી પાસે કોઈ જ માર્ગ નહોતો કે ન કોઈ પુરાવો હતો.

જેને ખૂની તરીકે પકડી રજૂ કરવામાં આવ્યો હતો તે શખસ હત્યારો નહોતો એટલું તો હવે સ્પષ્ટ થઈ ચૂક્યું હતું. તો પછી હત્યા કોણે કરી? શા માટે કરી? સાચા ખૂનીને કંઈ રીતે પકડવામાં આવ્યો? આ અને એવા બીજા સવાલોના જવાબ અમીરૂલ મોઅમેનીન હઝરત તલી અલૈયહિ સલ્લામની અદાલતના ન્યાયપૂર્ણ ફેસલા ચૂકાદાથી આ લેખના આવતા અંકના બીજા ભાગમાં જાણી પ્રેરણા હાંસલ કરીશું.

* * *

**સાપ્તાહિક સંદેશ**

માંદગીના સમયે નિરાશ ન બનો, અલ્લાહમની મસ્લેહત (ભેદ)ને ધ્યાનમાં રાખો. તે જે કરે છે તે સારા માટે જ કરતો હોય છે. તેના પર એતબાર (શ્રદ્ધા) રાખો. આશાવાદી અલલાહ પર ભરોસો રાખનાર ત્વરિત બીમારીમાંથી સાજો થાય છે. તેના દરબારમાં દેર છે પણ અંધેર નથી. સેતાનના બહેકાવામાં આવશો નહીં. અલ્લાહનું સ્મરણ કરતા રહો.

## પહેલા પાનાનું ચાલુ

### વલસાડ, નવસારી

થઈ ગયું હતું. ખાસ કરીને તિથલ રોડ, પીચિંગ, કાશ્મીર નગર અને છીપવાડ સહિત પાડી વિસ્તારમાં ભારે વરસાદના કારણે પાણી ભરાઈ ગયાં હતાં. આ દરમિયાન સ્થિતિને ધ્યાને રાખતા કાશ્મીર નગર અને લીલાપોર વિસ્તારનું લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ભારે વરસાદના કારણે ઔરંગા વોટર વર્ક્સના ડેમનું લેવલ વધીને ૮ સ્ટેપ સુધી પહોંચી ગયું હોવાનું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. જેથી કાશ્મીર નગર વિસ્તારના આશરે ૨૦૦ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. આ સાથે ભારે વરસાદના કારણે વલસાડ જિલ્લાના કુલ ૩૨૬ જેટલા રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતાં.

મળતી માહિતી અનુસાર કપરાડા તાલુકાના ૬૪ રસ્તાઓ પારડીમાં ૫૯ રસ્તાઓ, નાનાપોંઢામાં ૫૬ રસ્તાઓ, વલસાડમાં ૫૧ રસ્તાઓ, ધરમપુરમાં ૪૪ રસ્તાઓ, ઉમરગામમાં સાત રસ્તાઓ અને ધરમપુર-વાંસદા રોડ પર ત્રણ રસ્તાઓ વાહનવ્યવહાર માટે સ્થગિત કરી દેવામાં આવ્યાં હતાં. સ્થિતિને જોતા તંત્ર દ્વારા લોકોને સાવચેત રહેવા માટે અપીલ કરવામાં આવી હતી. આ સાથે ભારે વરસાદના પરિણામે પાલીહિલ વિસ્તારની પાછળ આવેલા એસટીપી પ્લાન્ટ ખાતે પાણી ભરાવાના કારણે ત્રણ મજૂર ફસાઈ ગયા હતા, જેમનું એનડીઆરએફની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે સફળતાપૂર્વક રેસ્ક્યૂ કર્યું હતું.

### સંસદમાં વિપક્ષના

વિપક્ષના અનેક સાંસદોએ બુધવારે કાળાં કપડાં પહેરીને સંસદની બહાર વિરોધપ્રદર્શન કર્યું હતું. પત્રકારોને આપેલી મુલાકાતમાં પ્રિયંકાએ કહ્યું હતું કે લોકસભામાં ચર્ચા કરવાની પરવાનગી નથી. વિપક્ષના નેતાઓને બોલવા નથી દેવાતા અને જ્યારે તેઓ બોલવા ઊભા થાય છે ત્યારે તેમને રોકી દેવામાં આવે છે.

સ્પીકર કહે છે કે ચર્ચાવિચારણા થશે કે નહીં તે માટે મારે સરકારને પૂછવું પડશે? આ શું દર્શાવે છે? લોકશાહી ખતમ થઈ ગઈ છે, એમ પ્રિયંકાએ કહ્યું હતું. (એજન્સી)

### મોદી માફી

કર્યો હતો અને વિરોધપ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને એમ કહીને સંપૂર્ણ ટેકો જાહેર કર્યો હતો કે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાં સહિત તેમની તમામ માગણીઓ સંપૂર્ણપણે ન્યાયસંગત છે અને તેમાં કોઈ સમાધાન થઈ શકે એમ નથી.

એઆઈસીસીના વડામથકે પત્રકારોને આપેલી મુલાકાતમાં રાહુલે કહ્યું હતું કે શિક્ષણ વ્યવસ્થા માત્ર ખામીયુક્ત જ નથી તે પરવડી શકે તેવી પણ નથી. (એજન્સી)

### 'નીટ' અંગે

બાજુએ મૂકીને આ સળગતો મુદ્દો જ લોકસભાની ટોચની પ્રાથમિકતા હોવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું. રિજિજુએ કહ્યું હતું કે સરકાર 'નીટ' પેપર લીકને મુદ્દે લોકસભામાં વિગતવાર ચર્ચા કરવા તૈયાર છે, પરંતુ ક્યા નિયમ અંતર્ગત એમ કરવા તૈયાર છે એ સહિત ચર્ચાની તારીખ અને સમયગાળો નક્કી કરવા માટે સ્પીકરે ફ્લોરના તમામ પક્ષના નેતાઓ સાથે મળીને વાત કરવી પડશે. પત્રકારોને આપેલી મુલાકાતમાં રિજિજુએ કહ્યું હતું કે સરકાર 'નીટ' પેપર લીકને મુદ્દે વિપક્ષે લોકસભામાં વિગતવાર ચર્ચા કરવા તૈયાર છે. તેમણે વિપક્ષ પર લોકસભામાં ચર્ચા કરવાને બદલે રસ્તા પર વિરોધપ્રદર્શન કરવાનો આક્ષેપ કર્યો હતો. (એજન્સી)

### શરદ પવાર

સત્ર દરમિયાન યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય બેઠક બાદ અટકળોનું બજાર ગરમાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કોક્રોચ જનતા પાર્ટી(સીજેપી)નું આ આંદોલન ૨૦ જૂનથી ચાલી રહ્યું છે. આ સંગઠન સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આચરવામાં આવેલી અનિયમિતતાઓની જવાબદારી, શિક્ષણ પ્રણાલીમાં સુધારા અને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી રહ્યું છે. સીજેપીએ તેમની માંગણીઓને લઇને સંસદના ચોમાસુ સત્ર પહેલા 'સંસદ માર્ચ'ની જાહેરાત કરી હતી. ત્યારબાદ ૨૦ જુલાઇના રોજ સીજેપીએ સંસદ માર્ચ શરૂ કરી હતી.

### રામમંદિર ટ્રસ્ટના

જગ્યા પર નિમણૂક કરવા સહિત નાણાકીય મુદ્દાઓની પણ સમીક્ષા કરી હતી.

બેઠક બાદ ટ્રસ્ટના વચગાળાના મહામંત્રી કૃષ્ણ મોહન અને ખજાનચી ગોવિંદ દેવગિરિએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે સીઈઓની પસંદગી માટે રચવામાં આવેલી સમિતિએ હોદ્દા માટે મોટા પ્રમાણમાં આવેલી અરજીઓની ચકાસણી કરવા વધુ એક મહિનાની માગણી કરી હતી, જેને ટ્રસ્ટે મંજૂરી આપી હતી.

રામ મંદિર સંબંધિત તમામ ધાર્મિક બાબતો પર દેખરેખ રાખવા ટ્રસ્ટે કાયમી ધાર્મિક સમિતિની રચના કરવાનો નિર્ણય લીધો હોવાનું પણ તેમણે કહ્યું હતું. આ કમિટીમાં અયોધ્યાના પાંચ અને બહારના ચાર સહિત કુલ નવ સંતોનો સમાવેશ કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### જમ્મુ-કાશ્મીરમાં

રસ્તાઓ શોધી કાઢવામાં આવ્યા છે, અને સઘન શોધખોળ અભિયાન ચાલુ છે. આ વિસ્તારમાં સુરક્ષા કડક કરવામાં આવી છે,

એક અહેવાલ મુજબ, લશ્કર-એ-તૈયબાના છાયા સંગઠન, રેઝિસ્ટન્સ ફ્રન્ટે સોશ્યલ મીડિયા પોસ્ટ દ્વારા હુમલાની જવાબદારી સ્વીકારી છે.

પ્રદેશમાં અસ્થિર હવામાનને કારણે ૧૯ જુલાઈથી અમરનાથ યાત્રા પહેલાથી જ સ્થગિત કરી દેવામાં આવી છે.

### શિંદે શિવસેનામાં

હાલને તબક્કે વચગાળાની રાહત આપવાનું નકારી કાઢ્યું હતું અને નોટિસ પાઠવવા જણાવી અરજીની સુનાવણી બે અઠવાડિયા બાદ કરવાનું મુકરર કર્યું હતું.

ચોમાસુ સત્ર અગાઉ ૧૮ જુલાઈએ લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ શિવસેના (યુબીટી)ના છ સાંસદ એકનાથ શિંદેના વડપણ હેઠળની શિવસેનામાં જોડાઈ ગયા હોવાને મંજૂરી આપી હતી.

શિવસેના (યુબીટી)ના છ સાંસદ જોડાઈ જતા એકનાથ શિંદેના વડપણ હેઠળની શિવસેનાનું સંખ્યાબળ વધીને ૧૩ થઈ ગયું હતું.

શિવસેના (યુબીટી)નું પ્રતિનિધિત્વ કરી રહેલા સિનિયર ઍડવોકેટ દેવદત્ત કામતે ખંડપીઠને જણાવ્યું હતું કે અરજીમાં બંધારણીય નૈતિકતા અને બંધારણીય ઔચિત્ય સંબંધિત મહત્ત્વના પ્રશ્નો ઉપાડવામાં આવ્યા છે તેમ જ આ મુદ્દા સંસદીય લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતોને સ્પર્શે છે.

શિવસેના (યુબીટી)ના નવ સાંસદ ચૂંટાઈ આવ્યા હતા જેમાંથી છ સાંસદ એકનાથ શિંદેની શિવસેનામાં જોડાઈ ગયા હતા. (એજન્સી)

### કોમનવેલ્થ ગેમ્સ

નંબરના આ રમતોત્સવમાં ભારત સહિત એવા દેશો ભાગ લે છે જેમના પર ભૂતકાળમાં બ્રિટિશ શાસને રાજ કર્યું હતું. ખુદ બ્રિટનના ઍથ્લીટો પણ આ મેગા રમતોત્સવમાં ભાગ લે છે. ભારતે આ વખતે ઑસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ, કૅનેડા અને યજમાન સ્કોટલેન્ડના ઍથ્લીટોના પડકાર ઝીલવા પડશે.

#### ૨૦૨૨માં ભારતનો દેખાવ કેવો હતો?

ગઈ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨માં ઇંગ્લેન્ડમાં યોજાઇ હતી જેમાં આ વખત કરતાં બમણી (૨૦ રમત)માં હરીફાઈઓ થઈ હતી અને ભારત એમાં ચોથા નંબર પર રહ્યું હતું. ભારતીય ઍથ્લીટો અને ખેલાડીઓ ત્યારે બાવીસ ગોલ્ડ મેડલ સહિત કુલ ૬૧ ચંદ્રક જીત્યા હતા. આ વખતની કોમનવેલ્થ ગેમ્સમાં ઓછી (માત્ર ૧૦) રમતોમાં હરીફાઈઓ યોજાશે એટલે ભારતના કિસ્સામાં ચંદ્રકોની સંખ્યા ૨૦૨૨ કરતાં ઓછી જોવા મળી શકે.

### જમ્મુમાં ભારે

સાડા નવ વાગ્યાથી થંભી ગયો હતો. ઉધમપુર અને બનિહલ પટ્ટામાં બારેક જગ્યા ભારે વરસાદને લીધે ભેખડ પડી હતી. પથ્થર અને કાદવ પડતા વ્યવહાર થંભાવી દેવામાં આવ્યો હતો. (એજન્સી)

### અમેરિકા જિનેરિક

નિકાસના ૩૮% છે. ટ્રમ્પે જિનેરિક દવાઓ પર ટૅરિફ લાદવા પાછળનું મુખ્ય કારણ જાહેર કરતા કહ્યું છે કે, ''આ પગલું અમેરિકામાં જિનેરિક ફાર્માસ્યુટિકલ ઉત્પાદન પાછું લાવવાનો હેતુ ધરાવે છે, અને જે કંપનીઓ આપેલ સમયમર્યાદામાં પ્લાન્ટ અને સાધનો સ્થાપિત નહીં કરે તેમને દંડ કરવામાં આવશે.

યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન અનુસાર, અમેરિકામાં વેચાતી ૯૦% થી વધુ દવાઓ જિનેરિક દવાઓ છે. ટ્રમ્પે કહ્યું કે પેટન્ટ, બ્રાન્ડેડ અથવા નવીન દવાઓ સંબંધિત નીતિમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

### ૨૦૩૦માં અમદાવાદ

મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપ સહિત ક્રિકેટની બીજી સિરીઝો યોજાઇ, પણ સૌથી વધુ મજા તો ફિફા ફૂટબોલ વર્લ્ડ કપમાં આવી. હજી પણ ખેલકૂદના ચાહકોને કંઈ લાંબો બ્રેક નથી મળવાનો, કારણકે રવિવાર, ૧૯મીએ સોકર વર્લ્ડ કપની પૂર્ણાહુતિ થયા બાદ હવે આજથી કોમનવેલ્થ ગેમ્સ શરૂ થઈ રહી છે. ત્યાર બાદ બે મહિના પછી જાપાનમાં એશિયન ગેમ્સ યોજાશે અને સેનેગલમાં સમર યુથ ગેમ્સનું આયોજન થશે.

#### આ વખતે ક્રિકેટ સહિત પાંચ રમતોની બાદબાકી

૨૦૨૨ની કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે મહિલાઓની ટી-૨૦ ક્રિકેટમાં (ઓસ્ટ્રેલિયા સામેની ફાઇનલની હારને પગલે) સિલ્વર મેડલ જીતી લીધો હતો. જોકે આ વખતની કોમનવેલ્થમાં ક્રિકેટ તેમ જ ટેબલ ટેનિસ, કુસ્તી, બેડમિન્ટન, હોકી જેવી મુખ્ય રમતોની હરીફાઈ નથી યોજાવાની એટલે ભારતના મેડલની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળી શકે. કારણ એ છે કે ૨૦૨૨માં ભારતના ૨૨માંથી ૧૩ ગોલ્ડ મેડલ જે ત્રણ રમત (કુસ્તી, બેડમિન્ટન, ટેબલ ટેનિસ)માં આવ્યા હતા એ ત્રણ રમતને આ વખતની કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર કરી દેવામાં આવી છે. ભૂતપૂર્વ ઍથ્લીટ અને ઍથ્લેટિક્સ ફેડરેશન ઑફ ઇન્ડિયાનાં ઉપ-પ્રમુખ અંજુ બોબી જ્યોર્જના મતે આ વખતે ભારતને (ગયા વખતના ૬૧ની સરખામણીમાં) કુલ ૩૦ મેડલ મળવાની સંભાવના છે. ક્રિકેટ, હોકી સહિત પાંચ મુખ્ય રમતોની હરીફાઈ આ વખતે નથી થવાની એટલે અન્ય રમતોમાં ભારતીય યુવા ઍથ્લીટોને મેડલ જીતીને હીરો બનવાની તક છે.

#### ભારતને સૌથી વધુ અપેક્ષા કોની પાસે?

(૧) નીરજ ચોપડા (ભાલા ફેંક) (૨) મીરાબાઈ ચાનુ (વેઇટલિફ્ટિંગ) (૩) લવલીના બોર્ગોહેઈન (મુક્કાબાજી) (૪) પારૂલ ચૌધરી (રનિંગ) (૫) પ્રિયંકા ગોસ્વામી (રેસ વોક) (૬) તેજસ્વિની શંકર (ઊંચો કૂદકો) (૭) તેજિન્દરપાલ સિંહ તૂર (ગોળા ફેંક) (૮) ઍન્સી સોજન (લાંબો કૂદકો) (૯) શ્રીહરિ નટરાજ (સ્વિમિંગ) (૧૦) ભારતને ખાસ કરીને બોક્સિંગ અને વેઈટલિફ્ટિંગ અને ઍથ્લેટિક્સમાં વધુ ચંદ્રકો મળી શકે. ભારતને ખાસ કરીને યુવા ઍથ્લીટો પાસે વધુ આશા છે.

#### પ્રથમ દિવસે ભારતની કઈ હરીફાઈ?

૨૩મી જુલાઈના પ્રથમ દિવસે બોવ્લ્સ નામની રમતની સિંગલ્સ સ્પર્ધામાં (પુરુષ વર્ગ) ભારતનો મુકાબલો કૅનેડા સામે થશે જેમાં ભારતનો પુતુલ સોનોવાલ રમશે. મહિલા વર્ગની વિમેન્સ પેર્સ સ્પર્ધામાં માલ્ટા વિરુદ્ધ ભારતની રૂપા રાની તિર્કે અને પિંકી સિંહની કસોટી થશે.

# કચ્છ પ્રવાસનનો નવો અધ્યાય : વાઈટ ડેઝર્ટ ઉપરાંત હવે ચાર નવા વન્યજીવ જાગૃતિ કેન્દ્રો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભારતનો બીજા નમ્બરનો સૌથી મોટો જિલ્લો અને 'રણ ઉત્સવ' તેમજ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ 'ધોળાવીરા' માટે વિશ્વભરમાં પ્રખ્યાત ભાતીગળ કચ્છ હવે પ્રવાસીઓને માત્ર સફેદ રણ જ નહીં, પરંતુ તેનાથી પણ ઘણું વધુ પૂરું પાડવા માટે તૈયાર થઈ રહ્યું છે. ગુજરાતના સૌથી મોટા પ્રવાસન સ્થળોમાંથી એક એવા કચ્છમાં ઇકો-ટુરિઝમને પ્રોત્સાહન આપવા અને નવો આયામ ઉમેરવાના હેતુથી સમગ્ર જિલ્લામાં ચાર નવા વન્યજીવ જાગૃતિ કેન્દ્રો વિકસાવવામાં આવી રહ્યા છે.

રાજ્યના વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા આ પ્રકલ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ઇકો-ટુરિઝમ વધારવાની સાથે સાથે પ્રવાસીઓને કચ્છની અનોખી જૈવવિવિધતા, વન્યજીવન, ભૂસ્તરશાસ્ત્ર અને સાંસ્કૃતિક વારસા વિશે માહિતગાર કરવાનો છે. આ ચાર નવા કેન્દ્રો રોડ ટુ હેવન નજીક આવેલા ત્રાગડી બેટ, કાળો ડુંગર, માતાના મઢ નજીક આવેલા એકલ અને ધોળાવીરા ખાતે તૈયાર કરવામાં આવી રહ્યા છે. દરેક કેન્દ્રની ડિઝાઇન જે-તે સ્થળના ભૌગોલિક, ઐતિહાસિક અને ઈકોલોજીકલ મહત્વને ધ્યાનમાં રાખીને ચોક્કસ થીમ પર આધારિત બનાવવામાં આવી છે. હાલમાં આ કેન્દ્રોનું નિર્માણ કાર્ય આખરી તબક્કામાં છે અને ઓક્ટોબર માસથી શરૂ થતી આગામી પ્રવાસન મોસમ અગાઉ તેનું લોકાર્પણ કરી દેવામાં આવે તેવી શક્યતા છે.

આ તમામ સુવિધાઓમાં પ્રવાસીઓને કચ્છના સમૃદ્ધ કુદરતી વારસાને સરળતાથી સમજાવવા માટે ઇન્ટરેક્ટિવ ડિસ્પ્લે પેનલ, ડિજિટલ સ્ક્રીન, કિયોસ્ક, ભીંતચિત્રો અને શૈક્ષણિક પ્રદર્શનો ગોઠવવામાં આવશે. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કેન્દ્રોમાં સ્વયં-સ્પષ્ટ ડિજિટલ સ્ક્રીન દ્વારા મુલાકાતીઓને રણની શિયાળ (ડેઝર્ટ ફોક્સ), ઘોડખર (ઇન્ડિયન વાઇલ્ડ એસ), વરુ, અત્યંત દુર્લભ એવા ખડમોર તથા અનેક પ્રવાસી પક્ષીઓની પ્રજાતિઓ વિશે જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત કચ્છના રણની નિવસનતંત્ર (ડેઝર્ટ ઇકોસિસ્ટમ) અને કુદરતી વારસા અંગેની વિસ્તૃત માહિતી પણ પ્રદર્શિત કરાશે.

કચ્છના ઉચ્ચ અધિકારીએ વાત કરતા જણાવ્યું હતું કે કચ્છ પાસે રણ, દરિયાકિનારા, ઘાસના મેદાનો, પહાડોથી લઈને અનોખા વન્યજીવ આશ્રયસ્થાનો સુધીની વિપુલ ઇકોલોજીકલ વૈવિધ્યતા છે. આ દેશનું સૌથી મોટું વન્યજીવ અભયારણ્ય અને સૌથી મોટા ઘાસના મેદાનો પૈકીનો એક વિસ્તાર છે. આ જાગૃતિ કેન્દ્રો દ્વારા પ્રવાસીઓ આ અસાધારણ જૈવવિવિધતા વિશે નજીકથી જાણી શકશે.'' ઇકો-ટુરિઝમને પ્રોત્સાહિત કરવાનો મુખ્ય આશય એ છે કે મુલાકાતીઓ અહીંથી પરત ફરે ત્યારે વન્યજીવ સંરક્ષણ અને પ્રદેશના કુદરતી વારસા પ્રત્યે વધુ આદર અને જાગૃતિ લઈને જાય તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બન્યું રાજકીય અખાડો, કમલ મહેતા અને નિદત બારોટ વચ્ચે ખુલ્લું શાબ્દિક યુદ્ધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છેલ્લા ઘણા સમયથી અંગ્રેજી વિભાગના વડા કમલ મહેતા અને કોંગ્રેસી અગ્રણી તથા બી.એડ કોલેજના પ્રિન્સિપાલ નિદત બારોટ વચ્ચે ખુલ્લેઆમ શાબ્દિક યુદ્ધ છેડાયુ છે. એક વર્ષ પહેલા પ્રાધ્યાપકના વોટ્સએપ ગ્રુપમાં નામજોગ સામે આક્ષેપો થયા ત્યારથી આ યુદ્ધની શરૂઆત થઈ હતી. અંગ્રેજી વિભાગના વડા કમલ મહેતાનો આક્ષેપ છે કે, નિગત બારોટ ની નિમણૂક યુજીસીના નિયમ પ્રમાણે થઈ નથી. સામે નિગત બારોટ કાઉન્સિલના નિયમો જણાવી નિમણૂકને યોગ્ય ઠેરવે હતી.

જેને લઈને આ વિવાદ શરૂ થયો છે. કમલ મહેતાના આક્ષેપ પ્રમાણે નિદત બારોટની નિમણૂક સદંતર ખોટી છે જેથી નિદત બારોટે આ અરજીને પડકારતા પચાસ લાખનો માનહાનિનો દાવો કરવા નોટિસ પાઠવી છે. નિદત બારોટ હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સંલગ્ન કોઈ પણ કોલેજમાં નથી છતાં તેમનો દબદબો કાયમ હોય તેવા આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે. એટલું જ નહીં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એક વખત પોતાના શિક્ષણ માટે વખણાતી હતી અને એડમિશન માટે વેઇટિંગ લિસ્ટ તૈયાર થતું. હાલ વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ફાફા પડે તેવી પરિસ્થિતિ છે તેને માટે જવાબદાર કોણ?

પ્રશ્ન એ છે કે, આ સ્થિતિમાં વાઈસ ચાન્સેલરની ભૂમિકા શું હોઈ શકે? સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાયાના પ્રશ્નો સિવાય રાજકીય અખાડો બની ગઈ હોય તેવો માહોલ સર્જાયેલો રહે છે. મૂળ પ્રશ્નોનું સમાધાન કરવાની જગ્યા યુનિવર્સિટીમાં રાજકીય વિવાદ સદાય ઉગ્ર રહેતો હોય છે. તેમ છતાં પણ વાઈસ ચાન્સેલર દ્વારા કોઈ કાર્યવાહી કે નકર પગલા લેવામાં આવતા નથી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પરીક્ષાઓમાં અસહ્ય વિલંબ, પરિણામો જાહેર કરવામાં ભારે વિલંબ, પેપરનું યોગ્ય અને ગુણવત્તાસભર મૂલ્યાંકન ના થવું, પ્રોફેસરો અને શૈક્ષણિક સ્ટાફની અછત, વહીવટી સ્ટાફની અછત, લાઇબ્રેરી, કેમ્પસમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ અને યુનિવર્સિટીની હેલ્પલાઇન અને વિદ્યાર્થી સહાય વ્યવસ્થા નિસ્તેજ થઈ તેને લઈને પણ કોઈ નકર કામગીરી કે પગલા લેવામાં નથી આવતા તેવા આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે. જ્યારે યુનિવર્સિટીની પ્રતિષ્ઠા ઉપર ઘા થતો હોય ત્યારે વાઇસ ચાન્સેલરે નિયમોને વળગી રહેવું જોઈએ અને જે ખોટું છે તેને નીડરતાપૂર્વક ખોટું કહી યુનિવર્સિટીની પ્રતિષ્ઠાની રક્ષા કરવી જોઈએ, તેવું વિદ્યાર્થી આલમમાં ચર્ચાઈ રહ્યું છે. ■

# દેશમાં ઓછી ઊંચાઈ ધરાવતા ભાવનગરના ડૉક્ટર હવે કેબીસીમાં દેખાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: દૃઢ મનોબળ અને અથાક પરિશ્રમ આગળ આર્થિક મર્યાદાઓ પણ નગણ્ય થઈ જાય છે તે વાત ભાવનગરની સર ટી. હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડૉ. ગણેશ બારૈયાએ સાબિત કરી બતાવી છે. દેશના સૌથી ઓછી ઉંચાઈ ધરાવતા તબીબ તરીકે ઓળખ ધરાવતા ડૉ. ગણેશ બારૈયા અને તેમના ડૉક્ટર બનવાના સંઘર્ષમય સફરના પ્રેરણાદાતા એવા ગુરુ ડૉ. દલપત કાતરિયાની જોડી હવે ક્વિઝ શો 'કૌન બનેગા કરોડપતિ' (કેબીસી) ના મંચ પર જોવા મળશે.

પ્રાપ્ત માહિતી મુજબ કરોડપતિ (કેબીસી) ના મેકર્સ દ્વારા તેમને સત્તાવાર નિમંત્રણ મળ્યું છે. આ સંદર્ભે આગામી ૨૪ અને ૨૫ તારીખના રોજ કેબીસીની વિશેષ ટીમ ભાવનગર ખાતે આવીને તેમની સાહસયાત્રા પર એક શોર્ટ ડૉક્યુમેન્ટરી ફિલ્મનું શૂટિંગ કરશે. ત્યારબાદ, તા. ૨૯ જુલાઈના રોજ ચાર દિવસના શૂટિંગ શિડ્યુલ માટે તેમને મુંબઈ સ્થિત ફિલ્મસિટી ખાતે બોલાવવામાં આવ્યા છે. ત્યાં ડૉ. ગણેશ બારૈયા અને ડૉ. દલપત કાતરિયા હોટસિટ પર સદીના મહાનાયક અમિતાભ બચ્ચન સમક્ષ બેસીને તેમના પ્રશ્નોના જવાબો આપશે. ■

# નખત્રાણામાં માછલીઓને બચાવવા તળાવમાં 30 હજાર લિટર પાણી ઠાલવાયું : જીવદયાનું ઉત્તમ ઉદાહરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સંભવત અલનીનોની અસરના પગલે આ વર્ષે વરસાદ ખેંચાવાના કારણે રણપ્રદેશ કચ્છના નખત્રાણાના મુખ્ય તળાવમાં જળસપાટી ખૂબ જ નીચી જતાં માછલીઓ ટપોટપ મરવા લાગી હતી. આ ગંભીર સ્થિતિને ધ્યાને લઈ સ્થાનિક સેવાભાવી આગેવાનોએ તાત્કાલિક તળાવમાં પાણી ઠાલવીને જળચરોનો જીવ બચાવ્યો હતો.

તળાવમાં પાણી ખૂટી જતાં માછલીઓના જીવ જોખમમાં મુકાયા હોવાની જાણ થતાં જ કાઉન્સિલર ભાવિન ઠક્કર, હિરેન ભટ્ટ અને હાર્દિક સોની સહિતના આગેવાનો સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે તુરંત જ ચાર ટેન્કર મારફતે ૩૦,૦૦૦ લિટર પાણી મગાવીને તળાવમાં ઠાલવ્યું હતું, જેનાથી માછલીઓને મોટી રાહત મળી હતી.

વરસાદી ખેંચના કારણે જળાશયો સુકાઈ રહ્યા છે ત્યારે નખત્રાણાના આગેવાનો દ્વારા કરાયેલી આ જીવદયાની કામગીરી અન્ય વિસ્તારો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે. ■

# આગામી ૧લી ઑગસ્ટથી કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં ખાતર મેળવવા એફએફએસ એપથી એડવાન્સ બુકિંગ નિર્ધારિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સાબરકાંઠા અને નવસારી જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ સફળ રહ્યા બાદ, હવે રાજ્યભરમાં સબસીડીવાળા રાસાયણિક ખાતરનું વિતરણ ડિજિટલ માધ્યમથી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ૧લી ઓગસ્ટથી કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં ફ્રેમવર્ક ફોર ફર્ટિલાઇઝર સેલ એપ્લિકેશન મારફતે ખાતર વિતરણ વ્યવસ્થા અમલી બનશે. આ નવતર પહેલનો મુખ્ય હેતુ ખાતરના વેચાણને વધુ સરળ, સક્ષમ અને પારદર્શક બનાવવાનો તેમજ કાળાબજારી અટકાવવાનો છે.

નવી વ્યવસ્થા મુજબ ખેડૂતો પોતાના મોબાઈલ ફોન દ્વારા ઘરે બેઠા જ ખાતરનું એડવાન્સ બુકિંગ કરી શકશે અને નજીકના ડીલર પાસે ઉપલબ્ધ સ્ટોકની માહિતી મેળવી શકશે. બુકિંગ કર્યા બાદ ૨ દિવસની અંદર નિર્ધારિત રિટેલ સેન્ટર પરથી જથ્થો મેળવવાનો રહેશે; અન્યથા બુકિંગ આપોઆપ રદ થઈ જશે.

જિલ્લા ખેતીવાડી વિસ્તરણ અધિકારી પી.કે. પટેલના જણાવ્યા અનુસાર, કચ્છના તમામ ડીલરોને આ અંગે જરૂરી તાલીમ આપી દેવામાં આવી છે. સમગ્ર રાજ્યમાં એક સરખા ભાવે ખાતર ઉપલબ્ધ થશે. જોકે, માત્ર વાતચીત પૂરતો મોબાઈલ વાપરતા ખેડૂતો માટે આ ડિજિટલ સિસ્ટમ શરૂઆતમાં પડકારરૂપ સાબિત થઈ શકે છે. આથી તેમણે તેની પ્રક્રિયા પણ સમજાવી હતી. ■

# કાળો ડુંગર અને પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર સ્થાનિક વિસંગતતા અને વૈશ્વિક સંશોધન વચ્ચેનો સંબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૃથ્વીનું અદ્રશ્ય ચુંબકીય ક્ષેત્ર એક અદ્રશ્ય રક્ષણાત્મક છત્રીની જેમ કાર્ય કરીને સૂર્યમાંથી આવતા વિનાશક સૌર પવનો સામે આખા ગ્રહ ઉપરાંત ચંદ્રના નજીકના ભાગને પણ આંશિક રક્ષણ પૂરું પાડે છે. સમગ્ર પૃથ્વી પોતે એક વિશાળ ચુંબકની જેમ વર્તે છે. તેવામાં ભૂસ્તરશાસ્ત્રીય દ્રષ્ટિએ કચ્છનો પ્રખ્યાત કાળો ડુંગર તેની સ્થાનિક ચુંબકીય વિશેષતાઓને કારણે હાલ વૈજ્ઞાનિકો માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

કચ્છના મોટા રણમાં દરિયાઈ સપાટીથી લગભગ ૪૫૮ મીટરની ઊંચાઈ પર આવેલો આ કાળો ડુંગર અતિ પ્રાચીન ભૂસ્તરશાસ્ત્રીય રચના ધરાવે છે. વૈજ્ઞાનિક સંશોધનો અનુસાર, આ ડુંગર અને તેની આસપાસના વિસ્તારની જમીન અને ખડકોના પેટાળમાં લોખંડ તેમજ અન્ય ભારે ચુંબકીય ધાતુઓનું પ્રમાણ વિશેષ માત્રામાં જોવા મળે છે. કાળા ડુંગરના ખડકોમાં રહેલું આ લોહતત્વ પૃથ્વીના મુખ્ય ચુંબકીય ક્ષેત્ર સાથે પ્રતિક્રિયા કરતું હોવાથી, અહીં સ્થાનિક ચુંબકીય ક્ષેત્ર અન્ય સામાન્ય જગ્યાઓ કરતાં થોડું અલગ નોંધાય છે. આ વિસ્તારની ચુંબકીય વિસંગતતાને કારણે હોકાયંત્રની સોય ઘણીવાર પોતાની દિશા ભટકી જાય છે અથવા ક્ષણિક વિચલન દર્શાવે છે. ■

# ભુજ અને રાપરમાં ઝરમર વરસાદથી માર્ગો ભીંજાયા, ભાવનગર અને અલંગમાં ત્રણ નંબરનું ચેતવણી સિગ્નલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મેઘતૃષ્ણાનાં મુલક સમાન કચ્છ જિલ્લામાં આગામી સપ્તાહ દરમિયાન હળવા વરસાદની હવામાન વિભાગની આગાહી વચ્ચે ભુજ અને રાપરમાં ઝરમર વરસાદી છાંટા પડતાં માર્ગો ભીંજાયા હતા. સરકારી ચોપડે રાપરમાં ત્રણ મિલીમીટર વરસાદ નોંધાયો હતો, જ્યારે જિલ્લા મથક ભુજમાં બપોરે હળવી બુંદાબાંધી થઈ હતી. રાજ્ય પર સક્રિય મોન્સૂન ટ્રફ અને અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે કચ્છમાં કેટલાક સ્થળે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના દર્શાવાઈ છે. જોકે, ધૂપ-છાંવના માહોલ વચ્ચે ઉકળાટ યથાવત્? રહ્યો હતો. કંડલા ૩૬ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ મથક નોંધાયું હતું, જ્યારે ૩૪ ડિગ્રી સાથે ભુજ ત્રીજા નંબરે રહ્યું હતું. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આગામી ૨૫ તારીખ પછી બંગાળની ખાડીમાં સર્જાનારી સિસ્ટમની અસર તળે કચ્છમાં વરસાદનો નવો સાર્વત્રિક રાઉન્ડ આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ચાલુ મોસમમાં રણપ્રદેશ કચ્છ જિલ્લામાં હજુ સુધી મોસમનો સરેરાશ માંડ ૩ ટકા વરસાદ નોંધાયો છે. રાપર અને ગાંધીધામ સિવાયના મોટાભાગના તાલુકાઓમાં વરસાદનો આંકડો હજુ બે આંકડે પહોંચ્યો નથી જે મોટી ચિંતાની બાબત છે. ■

### ભાવનગર અને અલંગમાં ત્રણ નંબરનું ચેતવણી સિગ્નલ

સામાન્ય રીતે ચોમાસા કે વરસાદી માહોલ દરમિયાન દરિયામાં હવાનું દબાણ અથવા ભારે પવનની સ્થિતિ સર્જાય ત્યારે ગુજરાતના દક્ષિણ અને ઉત્તર ગુજરાતના દરિયાકાંઠે ૩ નંબરનું ચેતવણી સિગ્નલ રાખવામાં આવે છે. હાલમાં ભાવનગર અને અલંગ સહિતના બંદર અથવા તેની આસપાસના વિસ્તારમાં ખરાબ હવામાન અને તોફાની પવન ફૂંકાવાની શક્યતા દર્શાવે છે આથી ૩ નંબરનું સિગ્નલ રાખવામાં આવ્યું છે. દરિયાકાંઠે ૨૫થી ૩૦ નોટિકલ માઈલ કે તેથી વધુ ઝડપે પવન ફૂંકાઈ શકે છે. દરિયાના મોજા અસામાન્ય અને તોફાની બને છે.માછીમારોને દરિયો ન ખેડવા અને સુરક્ષિત રહેવા ચેતવણી આપવામાં આવી છે.

# ભુજમાં પોલીસનું મેગા કોમ્બિંગ ઓપરેશનઃ શેખ ફળિયામાંથી ઘાતક હથિયારો સાથે બે શખસ ઝબ્બે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી કચ્છના મુખ્ય મથક ભુજ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે પોલીસે હાથ ધરેલા મેગા કોમ્બિંગ ઓપરેશન દરમિયાન શેખ ફળિયામાંથી બે શખ્સોને ૩૪ ઘાતક હથિયારોના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યા છે. ભુજ શહેર બી-ડિવિઝન, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને સ્થાનિક ગુનાશોધક શાખાની સંયુક્ત ટુકડીઓએ આ અગત્યની કાર્યવાહી કરી હતી. પોલીસે પ્રથમ દરોડામાં રાજ ફર્નિચર નજીક શેખ ફળિયામાંથી અલીશા કરીમશા શેખ (ઉ.વ. ૩૦)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ૨૧ છરી, એક તલવાર, એક ધારિયું, ચાર કોઇતા, બે લોખંડના પાઇપ અને બે લાકડાના ધોકા મળી કુલ ૩૧ ઘાતક હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. જ્યારે અન્ય એક કાર્યવાહીમાં સરપટ નાકા બહાર શેખ ફળિયામાંથી



રમજાનશા ઉર્ફે રમજુ કાસમશા શેખ (ઉ.વ. ૩૦) પાસેથી એક છરી, એક કુહાડી અને એક ધારિયું જપ્ત કરાયું હતું.

આટલી મોટી માત્રામાં ઘાતક હથિયારો કયા હેતુથી એકઠા કરવામાં આવ્યા હતા અને તેનો ઉપયોગ કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં થવાનો હતો કે કેમ તે અંગે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત બંને આરોપીઓના ગુનાહિત ઇતિહાસ અંગે પણ પૂછપરછ ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. ■

# ઉનાની દેલવાડા ગ્રામ પંચાયતના સ્વભંડોળમાં ગેરરીતિઃ મહિલા સરપંચ સસ્પેન્ડ, ₹ ૧૨ લાખ વસૂલવાનો હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉનાતાલુકાના દેલવાડા ગામમાં ગ્રામ પંચાયતના સ્વભંડોળમાં થયેલી આર્થિક ગેરરીતિ અને નુકસાનના મામલે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી.

ભાજપ સાથે સંકળાયેલા દંપતી સામે થયેલી આ કાર્યવાહીથી સમગ્ર પંથકના રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચી ગઈ છે.

દેલવાડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ પુજાબેન વિજયભાઇ બાંભણીયાને સરપંચ પદેથી દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જ્યારે તેમના પતિ અને તત્કાલીન સરપંચ વિજયભાઇ લાખાભાઇ બાંભણીયા દ્વારા ગ્રામ પંચાયતને થયેલા આર્થિક નુકસાનની રકમ પણ વસૂલવા આદેશ કરવામાં આવ્યો છે.

જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર (આઈએએસ) દ્વારા આ હુકમ કરવામાં આવ્યો હતો. હુકમમાં જણાવ્યા મુજબ, દેલવાડા ગ્રામ પંચાયતના સ્વભંડોળમાં ગેરરીતિથી થયેલું આર્થિક નુકસાન, સત્તાનો દુરુપયોગ તથા વારંવારની કસુર જેવી બાબતોને ધ્યાને લઈ વર્તમાન સરપંચ પુજાબેન વિજયભાઇ બાંભણીયાને સરપંચ પદેથી દૂર કર્યા હતા, જ્યારે સરપંચ પાસેથી રૂ.૮.૦૫ લાખ વસૂલાશે. આ રકમ દેલવાડા ગ્રામ પંચાયતના સ્વભંડોળમાં જમા કરાવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. ■

# રાજકોટમાં વેપન કાર્ટેલ કેસમાં ૨૦ આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: રાજકોટ શહેરમાં ગેરકાયદે હથિયારોના વેપાર સામે પ્રિવેન્શન ઓફ ક્રાઇમ બ્રાન્ચ (પીસીબી) દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. 'વેપન કાર્ટેલ' કેસમાં પોલીસે વધુ આરોપીઓની ધરપકડ સાથે અત્યાર સુધી કુલ ૨૦ શખ્સોને ઝડપી લીધા છે. પોલીસ તપાસ દરમિયાન ઝડપાયેલા આરોપીઓની પૂછપરછના આધારે એક પછી એક કડીઓ જોડાતી ગઈ હતી. જેના આધારે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી આરોપીઓ પાસેથી કુલ ૩૮ દેશી બનાવટના હથિયારો અને ૩૨ જીવતા કાર્ટીસ કબજે કરવામાં આવ્યા છે.

પોલીસનું માનવું છે કે આ ગેરકાયદે હથિયાર સપ્લાયનું સુનિયોજિત નેટવર્ક અનેક જિલ્લાઓ સુધી ફેલાયેલું હોઈ શકે છે. તેથી સમગ્ર સપ્લાય ચેઇન, હથિયારોના સ્રોત અને અન્ય સંડોવાયેલા શખ્સો સુધી પહોંચવા તપાસ વધુ તેજ કરવામાં આવી છે. રાજકોટ શહેર પોલીસની આ કાર્યવાહી ગેરકાયદે હથિયારોના નેટવર્ક સામે મોટી સફળતા માનવામાં આવી રહી છે આગામી સમયમાં પણ આવા તત્વો સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે તેમ પોલીસ દ્વારા જણાવાયું હતું. ■

# લીંબડીમાં એસીબીનો સફળ ટ્રેપ ઉંટડી ગ્રામ પંચાયતના ઉપસરપંચ સહિત બે વ્યક્તિ ₹ પાંચ લાખની લાંચ લેતા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી)એ લીંબડી ખાતે સફળ ટ્રેપ ગોઠવી ઉંટડી ગ્રામ પંચાયતના ઉપસરપંચ સહિત બે વ્યક્તિઓને રૂ. ૫ લાખની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદીએ ઉંટડી ગામની નિર્ધારિત જગ્યાએથી રેતી કાઢવાની મંજૂરી આપવા બદલ એક ટ્રક દીઠ રૂ. ૧,૦૦૦ની લાંચ માંગવામાં આવતી હોવાની ફરિયાદ એસીબી સમક્ષ નોંધાવી હતી. ફરિયાદીએ તેના બદલે ગામના ધર્માદામાં પ્રતિ ટ્રક રૂ. ૧૦૦ આપવા તૈયાર હોવાનું જણાવ્યું હતું, છતાં આરોપીઓ લાંચની માંગ પર અડગ રહ્યા હતા.

ત્યારબાદ આરોપી સંજયભાઈ પ્રતાપભાઈ કમેજળીયાએ કુલ રૂ. ૬.૩૦ લાખની લાંચની માંગણી કરી હતી. રકઝક બાદ સોદો રૂ. ૫ લાખમાં નક્કી થયો હતો. ફરિયાદી લાંચ આપવા ઇચ્છતા ન હોવાથી તેમણે સુરેન્દ્રનગર એસીબીનો સંપર્ક કર્યો હતો.

મળતી માહિતી અનુસાર એસીબીએ ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ લીંબડી હાઇવે ચાર રસ્તા નજીક આવેલા પ્રેમવતી ભોજનાલયના કમ્પાઉન્ડમાં ટ્રેપ ગોઠવ્યો હતો. ટ્રેપ દરમિયાન આરોપી સંજયભાઈ કમેજળીયાએ ફરિયાદી પાસેથી રૂ. ૫ લાખની લાંચ સ્વીકારતા જ એસીબીની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો.

તપાસ દરમિયાન સંજયભાઈએ પોતાના મોબાઇલ ફોનથી ઉંટડી ગ્રામ પંચાયતના ઉપસરપંચ સુનીલભાઈ સુભાષભાઈ કટુડીયાનો સંપર્ક કરી ખાતરી મેળવ્યા બાદ એસીબીએ સ્થળ પર પહોંચેલા સુનીલભાઈ કટુડીયાને પણ ઝડપી પાડ્યા હતા. તપાસમાં બંનેએ એકબીજાની મદદથી લાંચની માંગણી કરી હોવાનો તથા સરકારી હોદાનો દુરુપયોગ કરીને ગુનાહિત કૃત્ય આચર્યાનો આરોપ નોંધાયો છે.

પકડાયેલા આરોપીઓમાં સંજયભાઈ પ્રતાપભાઈ કમેજળીયા (સરપંચના પતિ) અને સુનીલભાઈ સુભાષભાઈ કટુડીયા (ઉપસરપંચ, ઉંટડી ગ્રામ પંચાયત)નો સમાવેશ થાય છે. આ સમગ્ર ટ્રેપની કામગીરી એસીબી સુરેન્દ્રનગરના પોલીસ ઇન્સ્પેક્ટર પી. કે. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. કામગીરીનું સુપરવિઝન રાજકોટ એસીબી એકમના મદદનીશ નિયામક જે.ડી. મેવાડા તથા નાયબ નિયામક (ઇન્ચાર્જ) બલદેવસિંહ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.

એસીબીએ બંને આરોપીઓ સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી. ■

# પાલીતાણાની બે ધર્મશાળાના નામે ફેક વેબસાઈટ બનાવી ઓનલાઈન છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના પ્રસિદ્ધ તીર્થધામ પાલીતાણામાં મેવાડ ભવન ધર્મશાળા અને સુણતર ભવન ધર્મશાળાના નામે અજાણ્યા શખસોએ નકલી (ફેક) વેબસાઈટો બનાવીને યાત્રિકો સાથે નાણાકીય છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. આ સમગ્ર મામલે ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

બનાવની વિગત અનુસાર, બંને ધર્મશાળાનું મેનેજમેન્ટ સંભાળતા વિશાલભાઈ મનસુખભાઈ દેવલુકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, પાલીતાણા આવતા યાત્રિકો અગાઉથી ઓનલાઈન બુકિંગ કરાવ્યું હોવાનું કહીને રૂમની માંગણી કરતા હતા.

જોકે ધર્મશાળાના રેકોર્ડમાં આવું કોઈ બુકિંગ ન દેખાતા, મેનેજમેન્ટે યાત્રિકો પાસેથી બુકિંગ કરાવેલી વેબસાઈટની વિગતો મેળવી હતી.

રૂમ બુકિંગના નામે પૈસા પડાવવા ફેક વેબસાઈટ બનાવી તપાસ કરતા માલૂમ પડ્યું કે, ઠગબાજોએ બંને ધર્મશાળાના નામ, સરનામા અને ફોટોગ્રાફ્સનો ગેરકાયદે ઉપયોગ કરીને ફેક વેબસાઈટો બનાવી હતી.

આ વેબસાઈટના માધ્યમથી યાત્રિકોને વિશ્વાસમાં લઈ રૂમ બુકિંગના બહાને તેમની પાસેથી ઓનલાઈન નાણાં પડાવી લેવામાં આવતા હતા.

આ છેતરપિંડી અંગે ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખ્સો સામે બીએનએસ એક્ટની કલમ ૩૧૮(૪), ૩૧૯(૨), ૬૧(૨) તથા આઈટી એક્ટની કલમ ૬૬() અને ૬૬() મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■



વિરોધનો સૂર

દિલ્હી ખાતે ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનના સમર્થનમાં વડા પ્રધાન આવાસ બહાર ધરણાં કરી રહેલા કોંગ્રેસના રાહુલ ગાંધીની અટકાયત કરવામાં આવતા તેના ઘેરા પ્રત્યાઘાત ભાવનગરમાં પણ જોવા મળ્યા છે. મંગળવારે મોડી સાંજે ભાવનગરના દેસાઈનગર પાસે ભાવનગર-રાજકોટ રોડ પર કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ રસ્તા પર બેસીને ચક્કાજામ કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેના કારણે વાહનવ્યવહાર પળવાર માટે બ્લોક થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને કાર્યકરોની અટકાયત કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, વિરોધ પ્રદર્શન કરી રહેલા આગેવાનો ટસના મસ ન થતાં આખરે પોલીસે તેમને રસ્તા પરથી ઢસડીને પોલીસ વાનમાં બેસાડી મથકે લઈ જવાની નોબત આવી હતી. તો બીજી બાજુ રાજકોટમાં બીજે દિવસે પણ વિદ્યાર્થીઓએ દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલી રહેલા આંદોલનને સમર્થન આપ્યું હતું. યુવાનો પોસ્ટર સાથે રેસકોર્સ ખાતે એકઠા થયા હતા. (વિપુલ હિરાણી, પ્રવિણ સેદાની)

# સંસ્થા સમાચાર

## પ્યુપિલ્સ ઑન ટ્રસ્ટનો હેલ્થ ચેકઅપ કૅમ્પ



વિદ્યાર્થીઓના સર્વાંગી આરોગ્યને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી પ્યુપિલ્સ ઑન ટ્રસ્ટ દ્વારા શુક્રવાર, ૧૦ જુલાઈના રોજ મ. મા. પ્યુપિલ્સ ઑન સ્કૂલ અને શારદામંદિર, ખાર દ્વારા શાળાના ઑડિટોરિયમમાં મેગા હેલ્થ ચેકઅપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આશરે ૧૫૦ વિદ્યાર્થીઓ તેમ જ શાળાના સ્ટાફના કેટલાક સભ્યોએ આ કૅમ્પનો લાભ લીધો હતો. આ શિબિરમાં વિવિધ ડૉક્ટરોએ નિ:સ્વાર્થ સેવા આપીને વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસ કરી હતી અને જેમને દવાની જરૂરિયાત જણાઈ તેમને એ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. દાંતના ડૉક્ટરો દ્વારા વિદ્યાર્થીઓના દાંતના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી અને જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે અનુગામી સારવારની વ્યવસ્થા પણ કરવામાં આવશે. ક્લાસિક વિઝન દ્વારા તમામ વિદ્યાર્થીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી અને જેમને ચશ્માની જરૂરિયાત હોવાનું નિદાન થયું તેમને જરૂરી નંબરના ચશ્મા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## હરશવી ફાઉન્ડેશનની નિ:શુલ્ક પ્રવૃત્તિઓ

દહિસરની સામાજિક સંસ્થા હરશવી ફાઉન્ડેશન છેલ્લાં પાંચ વર્ષથી શિક્ષણ, આરોગ્ય, મહિલા સશક્તીકરણ અને વડીલોના કલ્યાણ જેવાં વિવિધ ક્ષેત્રોમાં નિ:સ્વાર્થ સેવાકાર્ય કરી રહી છે.

આ સંસ્થા આર્થિક રીતે વંચિત બાળકોના શિક્ષણને પ્રોત્સાહન આપવા, વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોના આરોગ્ય અને માનસિક સુખાકારી માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું, જરૂરિયાતમંદ પરિવારોને કરિયાણાની સામગ્રીનું વિતરણ કરવા જેવી સેવાકીય પ્રવૃત્તિઓ નિયમિત કરે છે. ઉનાળામાં ૧૫ દિવસ નિ:શુલ્ક છાશ વિતરણ અભિયાનનું આયોજન કરવામાં આવે છે.

હાલમાં આર્થિક રીતે વંચિત બાળકો માટે ભવ્ય કિડ્સ ક્રિએટિવ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત દર વર્ષની જેમ આ વર્ષે પણ ૩૦૦ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા કેન્સર સામે લડી રહેલાં બાળકો તેમ જ એચઆઇવી પૉઝિટિવ બાળાઓને પૌષ્ટિક આહાર, દવાઓ અને અન્ય જરૂરી સામગ્રીનું વિતરણ, બાળકી સુરક્ષા, મહિલા સુરક્ષા અને માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ વર્કશૉપનું આયોજન તેમ જ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને લૅપટૉપનું વિતરણ કરવામાં આવ્યું છે. હરશવી શિક્ષાલય પ્રોજેક્ટ અંતર્ગત ઘરકામ કરતી બહેનો, મજૂર વર્ગની મહિલાઓ તથા અન્ય આર્થિક રીતે વંચિત મહિલાઓને નિ:શુલ્ક શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) | બસંતી દાસ | ૪૦,૦૦૦ |
| ૨) | છબી મોન્ડલ | ૧,૫૦,૦૦૦ |
| ૩) | સાજન દાસ | ૮૦,૦૦૦ |
| ૪) | કૉથૉજમ સુંદરી સાઈમા | ૬૦,૦૦૦ |
| ૫) | થૉડમ ઈનઓબી દેવી | ૩૦,૦૦૦ |
| ૬) | શિવ પ્રતાપ યાદવ | ૫૦,૦૦૦ |
| ૭) | રાહુલ | ૧,૭૫,૦૦ |
| ૮) | પ્રેમલતા કુમારી | ૮૦,૦૦૦ |
| ૯) | પપ્પુકુમાર રે | ૧,૦૦,૦૦૦ |
| ૧૦) | બિદુત રક્ષિત | ૬,૦૦,૦૦૦ |
| ૧૧) | સુમિત્રા ટીકાદાર | ૮,૦૦૦ |
| ૧૨) | પ્રેસનજીત રાજક | ૨૫,૦૦૦ |
| ૧૩) | કિશોર રાધેશર્મા | ૧,૦૦,૦૦૦ |
| ૧૪) | દિલશાદ નવાબજાન શૈખ | ૨,૦૦,૦૦૦ |
| ૧૫) | સાજડ અહમદ મીર | ૨,૦૦,૦૦૦ |
| ૧૬) | સંજય સિંગ | ૨૫,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ હિતન્શી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે | | |
| ૧૭) | માધવી કીની | ૫,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ નાયર હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે | | |
| ૧૮) | અનિતા જયસ્વાલ | ૨,૭૩,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ નાના પલકર હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે | | |
| ૧૯) | અશોક ભાગુરામ મોરે | ૧,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ શન્મુખાનન્દ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે | | |
| ૨૦) | ચંદ્રકાંત જોન મેલગીરી | ૨૫,૦૦૦ |

ઉપરોક્ત દરદીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી વિંગ, ફ્લેન્ક રોડ, સાયન-ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨. દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## રાહુલ ગાંધી વિદેશ યાત્રા દરમિયાન ભારતના દુશ્મનોને મળ્યા: ભાજપ નેતા

મુંબઈ: મુંબઈ ભાજપ પ્રમુખ અને વિધાનસભ્ય અમિત સાટમે બુધવારે રાહુલ ગાંધી પાસે તેમના પાસપોર્ટની વિગતો જાહેર કરવાની માગ કરી હતી, અને આરોપ મૂક્યો હતો કે વિપક્ષી નેતા તેમની વિદેશ યાત્રાઓ દરમિયાન ભારતના દુશ્મનોને મળ્યા હતા અને દેશમાં અરાજકતા ફેલાવવા માટે તૈયાર થયા હતા. તેમણે એવો પણ આરોપ કર્યો કે રાહુલ કૉંગ્રેસનાં સાંસદ સભ્ય પ્રિયંકા ગાંધી વાડ્રા, તૃણમૂલ કૉંગ્રેસ પ્રમુખ મમતા બેનર્જી અને સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની પ્રગતિ અટકાવવા માટે ભારત વિરોધી શક્તિઓ સાથે હાથ મિલાવ્યા છે.

### મુંબઈના દરિયાકિનારા

૪૪.૨૮ મેટ્રિક ટન, છ કિલોમીટર લાંબા જુહુ બીચ પરથી ૧,૮૨૫ મેટ્રિક ટન, ૪.૫ કિલોમીટર લાંબા વેસાવે બીચ પરથી ૨૭૭.૬૦ મેટ્રિક ટન અને સાત કિલોમીટર લાંબા ગોરાઈ બીચ પરથી ૩૮.૮૨ મેટ્રિક ટન કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો.

### પ્રદર્શનકારીઓની

કરી હતી. જોકે, આઝાદ મેદાન ખાતેનું પ્રારંભિક આયોજન ચુસ્ત પોલીસ બંદોબસ્તને કારણે નરીમાન પોઈન્ટ ખાતે ખસેડવું પડ્યું હતું, જ્યાં સુરક્ષા પણ વધારી દેવાઈ હતી. સાંજે પાંચ વાગ્યા સુધીમાં, શહેરમાં વિખરાયેલા જૂથો શિવાજી પાર્ક પહોંચ્યા હતા, જ્યાં ભીડ તૈનાત પોલીસ કર્મચારીઓ કરતાં વધીને એક હજાર પાર થઈ ગઈ. પરવાનગી વિના પ્રદર્શન કરવા બદલ પોલીસે ૯૦૦ લોકોની અટકાયત કરી હતી.

પાંચમા પાનાનું ચાલુ

### પ્રાયોજિત વિરોધ

અલગ અલગ એજન્ડા છે અને તેઓ આ વિરોધમાં પોતાના માટે તક શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. થોડા દિવસમાં જ આ આંદોલન કોણે પ્રાયોજિત કર્યું છે એ જનતા સમક્ષ જાહેર કરવામાં આવશે.' (પીટીઆઈ)

### પાણીના વિતરણ

સુનિશ્ચિત કરતી વખતે કામની ગતિ જાળવી રાખવા નિર્દેશ આપ્યો. આ ટનલ સપ્ટેમ્બર ૨૦૨૪થી નિર્માણાધીન છે. પાલિકાના અધિકારીના જણાવ્યા અનુસાર ખોદકામ માટે જરૂરી ૧૪ કિલોમીટર લાંબી કન્વેયર સિસ્ટમ સાથે ૫.૩ મીટર વ્યાસ ટીબીએમના તમામ ઘટકો પ્રોજેક્ટ સ્થળ પર પહોંચી ગયા છે. કશેળી ખાતે, ૧૨૮ મીટર ઊંડા રિકવરી શાફ્ટનું ખોદકામ, જેનો ઉપયોગ ટનલિંગ પછી ટીબીએમ મેળવવા માટે કરવામાં આવશે, તે ૨૭ મીટરની ઊંડાઈ સુધી પ્રગતિ કરી છે. મુલુંડના છેડે ૧૩૪ મીટર ઊંડા લોન્ચિંગ શાફ્ટનું ખોદકામ પૂર્ણ થયું છે, તેની સાથે ૯૫ મીટર એસેમ્બલી ટનલ, ૪૦ મીટર ટેઇલ ટનલ અને ૨૫ મીટર ટ્યુબ ટનલનું ખોદકામ પણ પૂર્ણ થયું છે. શાફ્ટ માટે આરસીસી લાઇનિંગનું કામ પણ શરૂ થઈ ગયું છે.

### મુંબઈને પાણીપુરવઠો

જે ઓવરફ્લો થયું છે. થાણે જિલ્લા સ્થિત તાનસા મુંબઈને દરરોજ ૪૫૫ મિલ્યન લિટર પાણી પૂરું પાડે છે. મુંબઈથી ૧૦૬ કિલોમીટર દૂર આવેલો તાનસા બંધ દુનિયાના સૌથી લાંબા બંધમાનો એક ગણાય છે, જેની લંબાઈ ૨,૭૪૩.૨૦ મીટર છે અને તેનું બાંધકામ ૧૮૯૨માં થયું હતું.

થાણે જિલ્લાના શહાપૂર તાલુકામાં તાનસા બંધ આવેલો હોઈ પથ્થરથી બાંધકામ કરેલો દેશના ગણ્યાગાંઠ્યા બંધમાનો તે એક છે. તાનસાની પાણી સમાવવાની ક્ષમતા ૧૪,૫૦૮ કરોડ લીટરની છે. ગયા વર્ષે તાનસા ૨૩ જુલાઈના સાંજના ૫.૪૦ વાગે છલકાયું હતું. તો ૨૦૨૪ની સાલમાં તે ૨૪ જુલાઈના વહેલી સવારના ૪.૧૬ વાગે છલકાયું હતું. ૨૦૨૩ની સાલમાં ૨૬ જુલાઈના વહેલી સવારના ૪.૩૫ વાગે છલકાયું હતું. હાલનો પાણીનો જથ્થો હવે મુંબઈની ૨૧૯ દિવસ ચાલે એટલો પૂરતો થઈ ગયો છે.

### ચર્ચગેટ–વિરાર

અને અન્ય માળખાઓને કારણે રેલવેની કામગીરી પ્રભાવિત થઈ રહી છે. આ અતિક્રમણો ટ્રેક, સિગ્નલ, કેબલ અને અન્ય મહત્ત્વપૂર્ણ સિસ્ટમોના જાળવણી અને સમારકામમાં ભારે અવરોધ નિર્માણ કરે છે. વધુમાં, તેઓ કટોકટી દરમિયાન રેલવે કર્મચારીઓને ઘટનાસ્થળ પર પહોંચવામાં પણ મુશ્કેલીરૂપ બને છે. તાજેતરમાં જ પશ્ચિમ રેલવેએ બાંદ્રા (પૂર્વ) ના ગરીબ નગર વિસ્તારમાં એક મોટી અતિક્રમણ વિરોધી ઝુંબેશ હાથ ધરી હતી. આ કામગીરી દરમિયાન આશરે ૫૦૦ અનધિકૃત બાંધકામો દૂર કરવામાં આવ્યા હતા. આ તાજેતરના સમયમાં પશ્ચિમ રેલવે દ્વારા હાથ ધરવામાં આવેલી એક મહત્ત્વપૂર્ણ અતિક્રમણ વિરોધી કાર્યવાહીમાંની એક હતી.

### કૉંગ્રેસે પોલીસના

માર્ગ પર ટિયર ગેસના શેલ છોડ્યા અને લાકડીઓ ચલાવી હતી કારણ કે હજારો વિરોધીઓ સંસદ તરફ કૂચ કરી રહ્યા હતા. સંસદમાં ચોમાસુ સત્રના પહેલા દિવસે સંસદ સભ્યો એકઠા થયા હતા. (પીટીઆઈ)

### સીજેપીનું આંદોલન

પર દીપકે કે પ્રદર્શનકારીઓને મળ્યા નથી. જોકે, કૉંગ્રેસે વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે પોતાનું અલગ આંદોલન શરૂ કર્યું. કૉંગ્રેસ વર્તમાન પરિસ્થિતિમાં એક અલગ ઓળખ બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

**કૉંગ્રેસને નવજીવન મળ્યું?:** વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ બાદ કૉંગ્રેસ આક્રમક વલણ અપનાવતી જોવા મળી. સંસદમાં પણ સરકાર પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. સંસદમાં થયેલા હોબાળાને કારણે સરકારને કાર્યવાહી મુલતવી રાખવાનો સમય આવી ગયો હતો. બીજી તરફ, સંસદમાં કોઈ ચર્ચા ન થઈ હોવાનું સમજ્યા પછી, કૉંગ્રેસે સીધા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાન સામે ધરણા વિરોધ શરૂ કર્યો. આ વિરોધ પ્રદર્શન લગભગ સાડા ત્રણ કલાક સુધી ચાલ્યું. રાહુલ ગાંધી, સાંસદ પ્રિયંકા ગાંધી અને અન્ય ઘણા મહત્ત્વપૂર્ણ નેતાઓએ આ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો. બાદમાં પોલીસે તેમની અટકાયત કર્યા પછી, કૉંગ્રેસનો આ વિરોધ ખરેખર દેશભરમાં ચર્ચાનો વિષય બન્યો.

પોલીસ દ્વારા રાહુલ ગાંધીને છીનવી લેવામાં આવ્યાના ઘણા ફોટા સોશ્યલ મીડિયા પર વાઈરલ થયા. તેમનો એક જૂતો ગાયબ જોવા મળ્યો. લોકસભામાં વિરોધ પક્ષના નેતાની આ હાલત જોઈને દેશના ઘણા લોકોએ ગુસ્સો વ્યક્ત કર્યો. એક અર્થમાં, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે કૉંગ્રેસમાં એક નવી ચેતના ઉત્પન્ન થઈ છે. છેલ્લા એક દાયકાથી કૉંગ્રેસ 'ભારત જોડો યાત્રા' સિવાય બીજો કોઈ મોટો વિરોધ પ્રદર્શન કરી શકી નથી.

શું વિદ્યાર્થીઓના આ મુદ્દાને ઉઠાવીને પાર્ટીને પુનર્જીવિત કરી શકાય છે? આ પ્રયાસો ચાલી રહ્યા છે. ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે ભાજપ કયાં રાજકીય પગલાં લેશે? હવે આ બધા જ મુદ્દાઓ પર રાજકીય નિરીક્ષકોની નજર રહેશે.

### મિલકત હડપવા

એજન્ટ તરીકે પણ કામ કરતી હતી. પૉલિસીના કામકાજ સંદર્ભે શાહપુર જઈ રહી હોવાનું કહીને સંગીતા ૧૪ જુલાઈએ ઘરેથી નીકળ્યા પછી પાછી ફરી નહોતી. પરિણામે બીજે દિવસે તેના ભાઈએ કોલસેવાડી પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હતી. સંગીતાના કોઈ સગડ ન મળતાં અને મોબાઈલ પણ સ્વિચ ઑફ હોવાથી ક્રાઈમ બ્રાન્ચે સમાંતર તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન અધિકારીને જાણવા મળ્યું હતું કે ૧૬ જુલાઈએ વાડીવરે પોલીસને સિન્નર-ઘોટી રોડ પર નાશિક નજીક એક મેડિકલ કૉલેજ સામેથી સંગીતાનો મૃતદેહ મળી આવ્યો હતો. નાક-મોં દબાવી ગૂંગળાવીને તેની હત્યા કરવામાં આવી હતી.

### આજે પણ

તે મુજબ દિવસભર વરસાદ રહ્યો હતો. પાલઘર જિલ્લામાં સવારના ૨૪ કલાક દરમ્યાન અમુક વિસ્તારમાં ૧૦૦ મિલીમીટરથી વધુ વરસાદ નોંધાયો હતો.

### કૉંગ્રેસે પ્રધાનના

કૉંગ્રેસ નેતાએ એમ પણ જણાવ્યું હતું કે ગાંધીએ રાષ્ટ્રવ્યાપી 'છાત્રોં કી ગુંજ' અભિયાન શરૂ કરી વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવા અને પરીક્ષા અને કોચિંગ સિસ્ટમમાં કથિત ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવા માટે કોટા અને દેહરાદૂનની મુલાકાત લીધી હતી. કૉંગ્રેસે વિદ્યાર્થીઓને વચન આપ્યું હતું કે આ મુદ્દો સંસદમાં ઉઠાવવામાં આવશે. (પીટીઆઈ)

### બીએમસી

ભંગ કરવાથી કન્સલ્ટન્સી ફીના ૧૦ ટકા જેટલો દંડ થઈ શકે છે. ગોરેગાંવમાં નવા ઉદ્‌ઘાટન કરવામાં આવેલા મૃણાલતાઈ ગોરે ફ્લાયઓવરની અસમાન સપાટી, સેન્ટ્રલ ડિવાઇડર અને રાહદારી સુવિધાઓ વિનાનો વિક્રોલી રેલવે ઓવરબ્રિજ ખોલવા અને અંધેરીમાં ગોપાલ કૃષ્ણ ગોખલે બ્રિજના બંને આર્મનું પુનઃનિર્માણ દરમિયાન સંરેખિત ન થવા સહિત અનેક માળખાગત વિવાદો પછી આ પગલું લેવામાં આવ્યું છે. પેનલમેન્ટ માટે બિડ સબમિટ કરનાર ૩૧ કંપનીઓમાંથી ૨૯ કંપનીઓને તેમની ટૅક્નિકલ કુશળતા અને ઓળખપત્રોની ચકાસણી પછી શોર્ટલિસ્ટ કરવામાં આવી હતી.

### રાજ્ય સરકારે

ખેડૂતોનો આર્થિક બોજ હળવો કરી તેમને નવા જોશ સાથે ખેતી કરવા પ્રોત્સાહિત કરવાનો સરકારનો પ્રામાણિક પ્રયાસ છે. અગાઉ દેવા માફી પછી ખેડૂતોને નવું ધિરાણ મળતું ન હતું, પરંતુ હવે, લોન માફી પછી, રાજ્ય સરકારે તે ખેડૂતોને લોન આપવાની ફરજ પાડી છે, એમ બાબાસાહેબ પાટીલે જણાવ્યું હતું. રાજ્ય સરકારે લોન માફી માટે પાત્ર એવા ૫૫૩ ખેડૂતોની યાદી જાહેર કરી છે, જેમાં અમરાવતી ડિસ્ટ્રિક્ટ બૅંકના ૫૮, લાતુર ડિસ્ટ્રિક્ટ બૅંકના ૧૩૩, નાગપુર ડિસ્ટ્રિક્ટ બૅંકના ૧૬, પુણે ડિસ્ટ્રિક્ટ બૅંકના ૮૫, સતારા ડિસ્ટ્રિક્ટ બૅંકના ૩૮ અને થાણે ડિસ્ટ્રિક્ટ બૅંકના ૧૮૨ ખેડૂતોનો સમાવેશ થાય છે.

### તેમનામાં અને

વિદ્યાર્થીઓના આંદોલનને ટેકો આપ્યો હતો અને એક મહિનાથી વધુ સમયથી વિરોધ પ્રદર્શન ચાલુ હોવા છતાં તેમની સાથે વાતચીત કરવાનો કેન્દ્ર ઇનકાર કરી રહ્યું હોવાનો આરોપ કર્યો હતો. આંદોલન પ્રત્યે સરકારના આંદોલન પર પ્રશ્ન ઉઠાવતા મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું કે સંવાદ એ લોકશાહીનો સાર છે. યુવાનો સાથે વાત કરવામાં શું ખોટું છે? તેઓ એક મહિનાથી વધુ સમયથી વિરોધ કરી રહ્યા છે. જો સરકારે તેમની સાથે વાત કરી હોત તો આ મુદ્દો ઉકેલાઈ ગયો હોત.' (પીટીઆઈ)

### મુંબઈ–અમદાવાદ

તરફથી ટ્રેનોની અવરજવર ચાલુ છે, પરંતુ મોટા ભાગની ટ્રેન પર અસર થઈ શકે છે, એમ અધિકારીએ દાવો કર્યો હતો.

મુંબઈ-સુરત-અમદાવાદ વચ્ચેની ટ્રેનવ્યવહાર પર અસર

ઉમરગાંવ રોડ-વલસાડ પેસેન્જર ટ્રેન (ટ્રેન ક્રમાંક ૬૯૧૫૩) રદ કરવામાં આવી હતી.

અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ (૧૨૯૩૪)ને વલસાડ ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી, જ્યારે ટ્રેન ક્રમાંક ૧૨૯૩૩ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ એક્સપ્રેસ બાંદ્રાની જગ્યાએ વલસાડથી દોડશે. ટ્રેન વલસાડ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે બંને દિશામાં રદ રહેશે. ટ્રેન ક્રમાંક ૧૨૯૩૨ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસને નવસારી ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી. જ્યારે ટ્રેન ક્રમાંક ૧૨૯૩૧ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલની જગ્યાએ નવસારીથી ઉપડશે. વલસાડ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચેની સેવાઓ રદ કરવામાં આવી છે.

ટ્રેન ક્રમાંક ૨૦૯૦૮ ભુજ-દાદર એક્સપ્રેસને સુરત ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી, જ્યારે ટ્રેન ક્રમાંક ૨૦૯૦૭ દાદર-ભુજ એક્સપ્રેસ દાદરની જગ્યાએ સુરતથી દોડશે. આ ટ્રેન સુરત અને દાદર વચ્ચે રદ રહેશે.

ટ્રેન ક્રમાંક ૧૨૯૯૬ અજમેર-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસને પણ વલસાડમાં શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી. અને પરત ફરતી સેવા વલસાડથી શરૂ થશે. ટ્રેન ક્રમાંક ૨૨૯૩૦ વડોદરા-દહાણુ રોડ મેમુને ભીલાડ ખાતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી.

# હિન્દુ મરણ

રાણા જગદિશસિંહ કેશુભા (ઉં.વ. ૭૩) મૂળ ગામ વણા, હાલ રાજકોટ તા. ૨૧/૭/૨૬ને મંગળવારના કૈલાશવાસી થયેલ છે. સદ્‌ગતનું બેસણું ૨૪-૭-૨૬ને શુક્રવારના સાંજે ૪:૦૦ થી ૬:૦૦. સરીતા વિહાર સોસાયટી, કાલાવડ રોડ, સાંસ્કૃતીક ભવનમાં, રાજકોટ.

**ઘોઘારી મોઢ વાણિક**

મુકેશભાઈ જયંતીલાલ દેસાઈ (ઉં.વ. ૬૮) મૂળ ગામ ભાવનગર, હાલ અમદાવાદ તા. ૨૦-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. નિર્મલાબેન જયંતીલાલ દેસાઈના સુપુત્ર. સ્વ. હીરાલક્ષ્મી ભગવાનદાસ મણિયારના જમાઈ. સ્વ. રૂપાબેન (મૃદુલાબેન)ના પતિ. ચિ. પ્રિયંકાના પિતા. અશોકભાઈ, લૈલાબેન, ઉમાબેન અને નીનાબેનના ભાઈ. સરોજબેનના દિયર. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩-૭-૨૬ના સાંજે ૫:૦૦ થી ૭:૦૦ ક. સ્થળ: મહારાજા અગ્રસેન ભવન, ત્રીજો માળ, સ્વામિનારાયણ મંદિરની ઉપર, ૯૦ ફૂટ રોડ, ગરોડિયા નગર, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રહેશે.

**કપોળ**

ગુંદરણ નિવાસી હાલ નાલાસોપારા, સ્વ. વિજયાબેન જયંતિલાલ કેશવજી સંઘવીના પુત્ર વિરેશ (ઉં.વ. ૬૯) તા. ૨૦-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નિશાના પતિ. ખુશ્બુ જાસ્મીન મહેતા તથા ગૌરવના પિતા. સ્વ. નીતિનભાઈ, ધર્મિષ્ઠા રવીન્દ્ર મહેતા, સુધા જીતેન્દ્ર મહેતા, લતા મુકેશ મહેતા તથા સંધ્યા અશોક મહેતાના ભાઈ. અમૃતલાલ લક્ષ્મીચંદ ભુવાના જમાઈ. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**દમણિયા દરજી**

મૂળગામ દમણ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. હંસાબેન તથા સ્વ. જયંતિલાલ છગનલાલના પુત્ર ભરત (ઉં.વ. ૬૩) શુક્રવાર, તા. ૧૭-૭-૨૬ના શ્રીરામશરણ પામ્યા છે. તે ગીતાબેનના પતિ. હાર્દિકના પિતા. કિરણ, નરેન્દ્ર, સ્વ. હિરાલાલ તથા મહેશના ભાઈ. સ્વ. વિજયાલક્ષ્મી તથા સ્વ. બાલકૃષ્ણ મંછારામ દમણિયા (સેલવાસવાલા)ના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૬-૭-૨૬ના સાંજે ૪ થી ૬. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદીવલી વેસ્ટ.

**લુહાર સુથાર**

ગામ ભાવનગર હાલ મુંબઈ, સ્વ. દીપકભાઈ ભીખાલાલ કવા (ઉં.વ. ૬૦) તા. ૨૦/૭/૨૬ના શ્રીરામચરણ પામેલ છે. તે સ્વ. ભીખાલાલ તથા સ્વ. પુષ્પાબેનના દીકરા. ઈલાબેનના પતિ. ધનવીના પપ્પા. જગદીશભાઈ, ઉર્મિલાબેન મહેશકુમાર કારેલિયાના ભાઈ. ગામ સાવરકુંડલાવાળા હાલ મીરા રોડ સ્વ. સવજીભાઈ રામજીભાઈ ચુડાસમા તથા ગં.સ્વ. વાસંતીબેનના જમાઈ. તેમનું બંને પક્ષનું બેસણું તા. ૨૩/૭/૨૬ના સાંજે ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફરે સેન્ટર બોરીવલી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

ચાવંડ નિવાસી હાલ કાંદિવલી ચારકોપ, સ્વ. કાંતિલાલ રાઘવજી કાણકિયાના પત્ની ભાનુમતીબેન (ઉં.વ. ૯૪) મંગળવાર, તા. ૨૧-૭-૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ગં.સ્વ. ભારતીબેન મુકેશભાઈ કાચરિયા, સ્વ. ભૂપેન્દ્રભાઈ, સ્વ. મુકેશભાઈ, દેવેન્દ્રભાઈ, સ્વ. મિપુલભાઈના માતોશ્રી. ગં.સ્વ. દક્ષાબેન, સ્વ. હીનાબેન, હીરલબેન, ગં.સ્વ. પ્રીતિબેનના સાસુ. અંકિત, મીતા, આરતી, વિરાજ (કેવિન) અને ધ્રુવના દાદીમા. પિયરપક્ષે ધમતરીવાળા રામજી આણંદજી મહેતાના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

ગામ બ્રહ્મપુરી હાલ બોરીવલી, સ્વ. મહેન્દ્રભાઈ ઉમિયાશંકર વ્યાસ તથા સ્વ. દક્ષાબેનના પુત્ર પરેશભાઈ (ઉં.વ. ૪૪) ૧૮/૭/૨૬ના કૈલાશવાસી થયેલ છે. તે માન્યના પિતા. પ્રિતી ધર્મેન્દ્ર ત્રિવેદી, જાગૃતિ રોનક જાની, દેવાંગ તથા વિશાલ કપિલના ભાઈ. ધૃતિ શાહ તથા કાવ્યના મામા. હાલ બોરીવલી કીર્તિભાઇ, અતુલભાઈ રાજેશભાઈ ભાનુપ્રાસદ ઠાકરના ભાણેજ. પ્રાર્થનાસભા ૨૩/૭/૨૬ના રોજ ૫ થી ૭ ક. સોની વાડી, શીમ્પોલી સિગ્નલ, એસ. વી. રોડ, બોરીવલી વેસ્ટ.

**પરજીયા સોની**

મોવાણવાળા હાલ કાંદિવલી, ગં.સ્વ. પુષ્પાબેન નટવરલાલ ધકાણ (ઉં.વ. ૭૮) સ્વ. નટવરલાલ દામજીભાઈ ધકાણના ધર્મપત્ની તથા ભરતભાઈ, સચિનભાઈ, કિરણબેન અને ગીતાબેનનાં માતુશ્રી. વર્ષાબેન, દીપલબેન, વિરેનભાઈ તથા રાજનભાઈનાં સાસુ. પિયરપક્ષે સ્વ. ગોકળદાસ ખીમજીભાઈ ઘઘડા ભાણવડવાળાના દીકરી તા. ૧૯-૭-૨૬, રવિવારના શ્રીજીશરણ થયેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩-૭-૨૬ના સાંજે ૪:૦૦ થી ૬:૦૦. સોનીવાડી, વી. વી. હોલ, શિમ્પોલી, બોરીવલી.

**અનાવિલ બ્રાહ્મણ**

હેમંતભાઈ દેસાઈ (ઉં.વ. ૬૯) તા. ૨૧/૭/૨૬ના અવસાન પામેલ છે. તે જયંતીલાલ દેસાઈના પુત્ર. જયશ્રીના પતિ. ચાંદની ચિરાગ મિસ્ત્રીના પિતા. યંશના નાના. શૈલેષભાઈ, સ્વ. પંકજભાઈના ભાઈ. પ્રાર્થનાસભા ૨૪/૭/૨૬ શુક્રવારના સાંજે ૫.૦૦ થી ૭.૦૦. ગ્રીનરીજ ટાવર-૨ ક્લબ હાઉસ, ચીકુવાડી, લીંક રોડ, સિમ્ફોલી સ્ટેશનની પાછળ, બોરીવલી પશ્ચિમ.

**હાલાઈ સારસ્વત બ્રાહ્મણ**

કેશોદ નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. ભાનુમતી નિરંજન સાતા તે કેશોદ નિવાસી સ્વ. વ્રજલાલ મથુરાદાસ ચટ્ટ તથા સ્વ. લીલાવંતીબેન ચટ્ટના સુપુત્રી. સ્વ. નિરંજન અમૃતલાલ સાતાના ધર્મપત્ની. સ્વ. નવીનભાઈ, સ્વ. અશ્વીનભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ ચટ્ટ, સુશીલાબેન ગીરજાશંકર પાઠકના બહેન. શાર્દુલ સાતા અને અદિતિ પ્રચ્છકના માતુશ્રી. સંધ્યા સાતા, પરિમલ પ્રચ્છકના સાસુ તા. ૨૧/૭/૨૬ મંગળવારના ગોલોકવાસ થયા છે. પ્રાર્થનાસભા તા. ૨૩/૭/૨૬ ગુરુવારના સાંજે ૫ થી ૭. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, મોટા ઉપાશ્રય, પારેખ લેન કોર્નર, સેન્ટ્રલ બેંકની બાજુમાં, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

સ્વ. સુધીરભાઈ વલ્લભદાસ સોનેચાના ધર્મપત્ની સુધાબેન (ઉં.વ. ૭૩) પૂજા-કૃપાના માતુશ્રી. અભિલાષના સાસું. સ્વ. રેવાલાલ જયંતીલાલ રાજપોપટના દીકરી. સ્વ. હંસાબેન અરવિંદભાઈ સોનેયા, સ્વ. નીતાબેન દીલિપભાઈ સોનેચા તેમ જ ગીતાબેન રાજેશકુમાર દાવડાના ભાભી. ગં.સ્વ. નયનાબેન ધીરેન્દ્રભાઈ સોનેચા તા. ૧૯-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

ગં.સ્વ. દમયંતીબેન (ઉં.વ. ૮૮) તે સ્વ. દીલિપભાઈ મંગલદાસ ઉદેશીના ધર્મપત્ની. તે સ્વ. ગુણવંતીબેન ગોકુલદાસ નેગાંધીના સુપુત્રી. દીપક તથા પ્રકાશના માતુશ્રી. તે ભૈરવી તથા દીપ્તિના સાસુ. મીહિરના દાદી. ઈબ્દિશામના દાદીસાસુ તા. ૨૨-૭-૨૬, બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૪-૭-૨૬ના ૪.૩૦થી ૬.૦૦. સ્થળ: આદિત્ય એલીગન્સ સોસાયટી, ૫મે માળે, માટુંગા રોડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક**

તળાજા નિવાસી હાલ પાલઘર, સ્વ. નંદલાલ ગોકળદાસ ગાંધીના સુપુત્ર ધનસુખલાલ (ઉં.વ. ૮૯) તે રસીલાબેનના પતિ. હસમુખભાઈ, અરવિંદ, મહેશ, ભરત, માયા પ્રવિણચંદ્ર મોદી, રશ્મી મહેશકુમાર મહેતા, પ્રતિભા દીપકકુમાર દાણીના મોટાભાઈ. શાંતિલાલ રાયચંદ દેસાઈના જમાઈ સોમવાર, તા. ૨૦-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા નાગર વણિક**

મૂળ સુરતના હાલ બાંદ્રા નિવાસી, સ્વ. ભરતભાઈ જસવંતલાલ શેઠ, તે હર્ષદાબેનના પતિ. સિદ્ધાર્થ શેઠના ભાઈ. પારુલ, પિનાંકના પિતાશ્રી. હેતલ, વિનયભાઈના સસરા. રોનિત, તનિષાના દાદા. હંસરાજ, રાહુલ, અમિત, નિલમ, અનુલના કાકા (ઉં.વ. ૮૮) તા. ૨૦-૭-૨૬ના સોમવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૫-૭-૨૬ના સાંજે ૫થી ૭. સ્થળ: જલારામ હોલ, જોગર્સ પાર્ક સામે, એન.એસ. રોડ-૬, હતકેશ સોસાયટી, જેવીપીડી સ્કીમ, વિલેપાર્લા (વેસ્ટ).

**ઘોઘારી મોઢ વણિક**

બોટાદ નિવાસી (હાલ મુંબઈ) સ્વ. જશવંત કેશવલાલ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. તરુલતા (ઉં.વ. ૮૦) મંગળવાર, તા. ૨૧-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જગદીશભાઈ, નલીનભાઈ, માલતીબેન રમેશભાઈ પરીખ, સ્વ. નલિનીબેન જગદીશભાઈ, હર્ષદા નલીનભાઈના ભાભી. ચેતન તથા આશિતના માતુશ્રી. શિલ્પા તથા રુપાના સાસુ. સ્વ. શાંતાબેન તથા પોપટલાલ શાહના દીકરી. સ્વ. પ્રવિણભાઈ, સ્વ. ભૂપેન્દ્રભાઈ, કિરિટભાઈ, સુરેશભાઈ તથા સ્વ. યશુમતી વિનોદભાઈ વોરાના બહેન. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૩-૭-૨૬ના સાંજે ૪થી ૬. સ્થળ: પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી (પશ્ચિમ).

**કપોળ**

શિહોરવાળા હાલ બોરીવલી ગં.સ્વ. ભારતીબેન ધીરેન્દ્ર જગમોહનદાસ મહેતા (ઉં.વ. ૭૮) તે ચેતન તથા નિમિષના માતા. ડિમ્પલ અને મનિષાના સાસુ. મૈત્રી, બંસી અને ધ્રુવિલના દાદી. પિયર પક્ષે અમરેલીવાળા, સ્વ. વિઠ્ઠલભાઈ મગનલાલ કાણકિયાની દીકરી. રમેશભાઈ, બિપિનભાઈ, પ્રવિણભાઈ, પદમાબેન હરકિસનદાસ દોશી, કુમુદબેન હિરાલાલ સંઘવી, ભાનુબેન રમેશચંદ્ર મહેતાના ભાભી. પુષ્પાબેન ભુવા, મંગુબેન પારેખ, જસુબેન મહેતા, ઈંદુબેન મહેતા, જ્યોતિબેન, મિનુબેન, દિપ્તીના બહેન તા. ૨૧-૭-૨૬, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

# પારસી મરણ

કમલ યઝદી મેહતા તે મરહૂમ યઝદી જાહાગીરજી મેહતા (ચલ્લા) ધનયાની. તે મરહૂમો ખોરશેદ શોહરાબજી બલસારાના દીકરી. તે કેશમીરા ને ઝીનોબિયાના માતાજી. તે મનોચેરના સાસુ. તે મરહૂમો ધનજીશા ને શાપુરના બહેન. તે તેનઝી ને સોહરાબના મમઈજી. (ઉં.વ. ૮૫) સ્થળ: યુ બ્લોક ૬/૪, ખુશરુ બાગ, કોલાબા, મુંબઈ-૪૦૦૦૦૧.

કેશમીરા કેરમાન એલાવિયા તે કેરમાનના ધન્યાની. તે મરહૂમો ફ્રેની જીમ મારફતિયાના દીકરી. તે મહાતાબના માતાજી. તે માઝ્યારના સાસુજી. તે દીનયાર, સામી ને મરહૂમ બેહરોઝના બહેન. તે મીરન ને મીખાઈલના બપઈજી. (ઉં.વ. ૬૭) સ્થળ: ૬૪૩, ગુલશન તેરેસ, ચોથે માળે, ખરેઘાત રોડ, પારસી કોલોની, દાદર (ઈસ્ટ). મુંબઈ - ૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૩-૭-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં છે.

# જૈન મરણ

**ઝાલાવાડ દશા શ્રીમાળી શ્વે. મૂર્તિપૂજક જૈન**

નિર્મળાબેન ચંપકલાલ કોઠારી (વઢવાણ નિવાસી, હાલ મુંબઈ બ્રીચ કેન્ડી) બુધવાર, ૨૨-૦૭-૨૬ના (ઉં. વ. ૯૬) અવસાન પામેલ છે. પતિ: સ્વ. ચંપકલાલ લાલચંદ કોઠારી. માતા-પિતા: કંચનબેન ભોગીલાલ ઝવેરી. પુત્ર-પુત્રવધૂ: ડૉ. વિરેન્દ્ર-વંદના, અતુલ-વર્ષા. પુત્રી-જમાઈ: મીના-કીર્તિકુમાર, રીટા-કેતનકુમાર. પૌત્ર-પૌત્રી: અમી-ચેતન, ભૂમિ-મનોજ, ગાર્ગી-મલાકા, હર્ષ-મેઘના. પ્રાર્થનાસભા- લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

જૂનાગઢ નિવાસી હાલ કોલ્હાપુર, જયંતીલાલ હરખચંદ દોશી (ઉં.વ. ૯૨) તે સ્વ. ભાનુબેનના પતિ. જસ્મીનાના પિતા. દિનેશભાઈ શાહના સસરા તા. ૨૦-૭-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. સ્વ. મયાચંદભાઈ, સ્વ. મનસુખભાઈ, સ્વ. શાંતાબેન, સ્વ. જશવંતીબેન, સ્વ. મહેન્દ્રભાઈના ભાઈ. પોરબંદર નિવાસી પરમાનંદ મકનજી શેઠના જમાઈ. નમિત અને સ્મિતના નાની. ભાવયાત્રા કોલ્હાપુર મુકામે ૨૩-૭-૨૬, ગુરુવારે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી (વે) રસિકલાલ ન્યાલચંદ શાહના ધર્મપત્ની અ.સૌ. સ્નેહલતાબેન (ઉં.વ. ૯૩) તે પીયુષ-સ્વ. જયશ્રીબેન, નિશી-ભાસ્કરભાઈ તથા સ્વાતી-મયંકભાઈના માતુશ્રી. દર્શિત-જયના, યાહ્નવી, મેઘાના દાદી-નાની. પિયર પક્ષે સ્વ. ગુલાબચંદ માણેકચંદ જોબાલીયાના સુપુત્રી તથા સ્વ. જયંતીભાઈ, સ્વ. કાંતાબેન, સ્વ. કુસુમબેન, ભાનુબેન, સ્વ. સરોજબેન અને ધીમંતભાઈના બહેન મંગળવાર, તા. ૨૧-૭-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષે લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દરિયાપુરી સંપ્રદાયના આચાર્ય ભગવંત બા.બ્ર.પ.પૂ.વિરેન્દ્રમુનિજી મ. સા.ના આજ્ઞાનુવર્તીની પ.પૂ. હંસાબાઈ મ. સ.ના સુશિષ્યા બા.બ્ર.પ.પૂ.હર્ષાબાઈ મ.સ. (ઉં.વ. ૮૪) તા. ૧૯/૭/૨૬, રવિવારે અમદાવાદ મુકામે કાળધર્મ પામેલ છે. તે સંસાર પક્ષે ગામ રામાણિયાના જીવીબેન ઉમરશી સાવલાના સુપુત્રી. દામજી, ધનજી, ટોકરશી, લક્ષ્મી શામજી ગાલા, હેમલતા કુંવરજી શાહ, મીના રાયચંદ ગોગરી, તારા રમેશ દેઢીયા, ઝવેર નવીન મામણિયાના બેન. ગુણાનુવાદ સભા તા.૨૧-૭-૨૬ના અમદાવાદ મુકામે સંપન્ન થયેલ છે.

ફરાદીના સુંદરબેન ખીમજી દેઢિયા (ઉં.વ. ૯૦) તા. ૨૧-૭-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી પાનબાઈ વેલજીના પુત્રવધૂ. ખીમજીભાઈના પત્ની. પાંચીબાઈ ખીમજી મારુના પુત્રી. પ્રવિણ, રંજન, સરલા, પ્રિતીના માતુશ્રી. હીરજી, વલ્લભજી, જેઠાલાલ, તલકશી, સાકરબેન, લક્ષ્મીબેન, તારાબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રવિણ દેઢિયા, ૨૧૦૪, બી વિંગ, ૨૧મો માળો, ભવ્ય સુપ્રિમ, કોટક બેંકની ઉપર, પરેલ વિલેજ, મુંબઈ-૪૦૦૦૧૨.

નવાવાસનાં દિનેશ નેમચંદ મોતા (ઉં.વ. ૬૮) ૨૦-૭-૨૬નાં અવસાન પામેલ છે. ભગવતી નેમચંદના પુત્ર. અરૂણાના પતિ. જાગૃતિ, જય, રાજના પિતા. નલીની, હરીશ, દિપકના ભાઇ. મોંઘીબાઇ હીરજીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (પૂ.) ટા. ૨ થી ૩.૩૦. ઠે. જય મોતા, એ-૧૦૨, સાઇ અમૃત, જયવંત સાવંત માર્ગ, દહીંસર (વે.).

બિદડા (દ.ખ.)નાં સુભાષ પ્રેમજી પોલડીયા (ઉં.વ. ૭૩) તા. ૨૦-૭-૨૬નાં અવસાન પામ્યા છે. સ્વ. મણીબેન પ્રેમજી લાલજીના પુત્ર. સ્વ. હર્ષાના પતિ. ચિરાગ, નેહલના પિતા. હરખચંદ મુલચંદ રમેશ ધીરજના ભાઇ. કોડાયના મંજુલા ખીમજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ચિરાગ પોલડીયા, કે-૩૫, ડી.એલ.જૈન ચાલ, ડો. બી.એ.રોડ, ચીંચપોકલી, મું. ૪૦૦૦૧૨.

ગુંદાલાના આશાબેન કલ્યાણજી બોયડ (ઉં.વ. ૭૮) તા. ૨૦-૭-૨૬ના અવસાન પામેલ છે. પુરબાઈ શીવજી લાલજીના પુત્રવધૂ. કલ્યાણજીભાઈના પત્નિ. પિયુષ, પ્રીતિ, વર્ષા (લીના)ના માતુશ્રી. મણીબાઈ દામજીના પુત્રી. નવિન, બિપીન, વર્ષાબેન, પુષ્પાબેનના બેન. પ્રા.શ્રી.વ.સ્થા.જૈન શ્રા. સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર (વે), ટા. ૪ થી ૫.૩૦. (ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે.) નિ. પિયુષ બોયડ, ૩૦૧, વર્ધમાન આર્યા, પ્રભાત કોલોની, રેલવે ક્વોટર્સની સામે, સાંતાક્રુઝ (ઈ).

તલવાણાના અ.સૌ. કસ્તુરબેન મનસુખલાલ પોલડીયા (ઉં.વ. ૭૪) તા. ૨૦-૭-૨૬ના અવસાન પામેલ છે. ખેતબાઈ માવજી ચાંપશીના પુત્રવધૂ. મનસુખલાલના ધર્મપત્ની. જ્યોતિ, આશા, અમરના માતુશ્રી. રામાણીયા ભમીબાઈ પોપટલાલ વીરજી મામણીયાની સુપુત્રી. સ્વ. લહેરચંદ, સ્વ. ખુશાલની બેન. પ્રા. વ.સ્થા.જૈન શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૧૨ થી ૧.૩૦ નિ. મનસુખ પોલડીયા, ડી-૪, ૪૦૪, વેદાંત કોમ્પલેક્ષ, વર્તક નગર, થાણા (વે.).

કપાયાના નાનબાઈ મેઘજી મારૂ (ઉં.વ. ૯૪) તા. ૨૦-૭-૨૬ના અવસાન પામ્યા છે. મેઘજી માલશીના ધર્મપત્ની. વેલબાઈ માલશી રતુના પુત્રવધૂ. અરવિંદ, નિતીન, કીર્તિ, નિર્મળા, ગુણવંતી, સં.પ. પ્રફુલ્લાબાઈ મ.સ.ના માતુશ્રી. પત્રી કુંવરબાઈ વીરજી નથુના સુપુત્રી. કાનજી, ભવાનજી, લક્ષ્મીબેન, સુંદરબેન વેરશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : નિતીન મારૂ / કીર્તિ મારૂ : ૧૩૦૧/૧૨૦૨, માઈકલ એન્કલેવ, પી.કે. રોડ, મુલુંડ (વે.).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭–30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં મુશળધાર વરસાદ

# આજે પણ ભારે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં મંગળવાર રાતથી સતત વરસાદ ચાલુ રહ્યો હતો. મંગળવારના ઓરેન્જ અલર્ટ હોવા છતાં છૂટક રહેલા વરસાદે જોકે બુધવારે પોતાનું જોર દેખાડ્યું હતું. ભારતીય હવામાન વિભાગે બુધવારે મુંબઈ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ઓરેન્જ અલર્ટ ચેતવણી જાળવી રાખી હતી, જેમાં દિવસભર ભારે પવન સાથે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી મુજબનો વરસાદ રહ્યો હતો. મુંબઈમાં જોકે દક્ષિણ મુંબઈ કરતા ઉપનગરમાં વરસાદનું જોર વધુ રહ્યું હતું. આજે પણ મુંબઈ સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

છેલ્લા થોડા દિવસથી મુંબઈ સહિત રાજ્યના અનેક જિલ્લામાં વરસાદ પડી રહ્યો છે, તેમાં પણ શનિવારથી સતત વરસાદ પડી રહ્યો છે. મંગળવાર રાતથી વરસાદનું જોર વધી ગયું હતું. બુધવારે સવારના પણ કલાકના ૫૦થી ૬૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની સાથે જ વરસાદના જોરદાર ઝાપટાં રહ્યા હતા. પાલઘર, થાણે અને રાયગઢ જિલ્લામાં બુધવારે ઓરેન્જ અલર્ટની ચેતવણી હતી,

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈને પાણીપુરવઠો કરનારું વધુ એક જળાશય

# તાનસા છલકાયું

### જળાશયોમાં ૨૧૯ દિવસનો પાણીપુરવઠો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લામાં પડી રહેલા ભારે વરસાદને પગલે મુંબઈને પાણીપુરવઠો કરનારું તાનસા તળાવ મંગળવારે છલકાઈ ગયું હતું. એ સાથે જ શહેરને પાણી પૂરું પાડનારાં સાતેય જળાશયોમાં પાણીનો જથ્થો ૬૨ ટકા સુધી પહોંચી ગયો છે. મુંબઈગરાને આ પાણી ૨૧૯ દિવસ ચાલે એટલું થઈ ગયું છે.

મુંબઈને પીવાનું પાણી પૂરું પાડતાં સાત તળાવોમાંનું એક, તાનસા બુધવારે સવારે ૮.૫૧ વાગ્યે ઓવરફ્લો થવા લાગ્યું, જેના કારણે શહેરનો કુલ પાણીનો જથ્થો ૮.૯૫ લાખ મિલ્યન લિટરે પહોંચી ગયો છે. એ સાથે જ સાતેય જળાશયોમાં સંયુક્ત સંગ્રહ ક્ષમતાના ૬૨ ટકા જેટલો થઈ ગયો છે.

આ અગાઉ જુલાઈના પહેલા અઠવાડિયા પડેલા ભારે વરસાદને પગલે સાત જુલાઈના રોજ તુલસી અને વિહાર છલકાયા બાદ આ ચોમાસામાં તાનસા ત્રીજું તળાવ છે,

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈ-અમદાવાદ ટ્રેનવ્યવહાર પર ગંભીર અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ફરી બીજા રાઉન્ડના વરસાદની વિધિવત્ એન્ટ્રી થઈ છે, જેની સાથે દક્ષિણ ગુજરાતમાં પણ મુશળધાર વરસાદ વરસી રહ્યો છે ત્યારે તેની સૌથી મોટી અસર મુંબઈ-અમદાવાદ વચ્ચેના ટ્રેન-વ્યવહાર પર પણ પડી છે. મુંબઈ ડિવિઝનમાં ઉદવાડા (યુવીડી) અને પારડી (પીએડી) સ્ટેશનની વચ્ચે ધોવાણને કારણે સિગ્નલ યંત્રણા પર અસર થવાથી ટ્રેન-વ્યવહાર પર ગંભીર અસર થઈ છે.

પશ્ચિમ રેલવેના અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ઘટના ભારે વરસાદને કારણે માટીના ધોવાણને કારણે બની હતી. જેના કારણે રેલવે ટ્રેક નજીકના સિગ્નલ પોસ્ટની આસપાસનો બેલાસ્ટ ધોવાઈ ગયો હતો. જોકે, આ ઘટનાને કારણે મુખ્ય રેલવે ટ્રેકને માળખાકીય રીતે અસર થઈ નથી, જ્યારે અસરગ્રસ્ત સ્થળ પર નવ મીટર ઊંચી પાળીને પગલે રેલવ્યવહાર પૂર્વવત્ કરવું વધુ પડકારજનક બન્યું હતું. હાલમાં આ રુટ પર માત્ર એક જ

(જુઓ પાનું ૪) ▸▸

પશ્ચિમ રેલવે સામે મોટો પડકાર

## ચર્ચગેટ-વિરાર કોરિડોર પરથી ૯,૫૦૦ અતિક્રમણ હટાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ રેલવે સામે હાલ ચર્ચગેટ-વિરાર ઉપનગરીય કોરિડોર પર રેલવેની માલિકીની જમીન પર ૯,૫૦૦ અતિક્રમણ હટાવવાનો પડકાર નિર્માણ થયો છે. સંબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું કે ચર્ચગેટ-વિરાર ઉપનગરીય કોરિડોર પર અતિક્રમણો શોધી કાઢવામાં આવ્યા છે, જેમાં માળખાગત પ્રોજેક્ટ્સને વેગ આપવા અને રેલવેની સલામતી સુનિશ્ચિત કરવા માટે આ અતિક્રમણો દૂર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ કામગીરી માટે સ્થાનિક પ્રશાસન અને પોલીસ સાથે એક સહિયારી કામગીરી હાથ ધરવામાં આવશે.

પશ્ચિમ રેલવેના અધિકારીઓના જણાવ્યા અનુસાર ચર્ચગેટ-વિરાર રૂટ દેશના સૌથી વ્યસ્ત ઉપનગરીય રેલવે કોરિડોરમાંનો એક છે. આ રૂટ પર રેલવેની માલિકીની જમીન પર બાંધવામાં આવેલા ઝૂંપડા, અનધિકૃત બાંધકામો

(જુઓ પાનું ૪) ▸▸

## રાજ્ય સરકારે લોન માફીમાં ૫૬ લાખમાંથી ૫૫૩ ખેડૂતોની પહેલી યાદી જાહેર કરી

મુંબઈ: સહકાર પ્રધાન બાબાસાહેબ પાટીલ દ્વારા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના જન્મદિવસ અને અજિત પવારની જયંતી નિમિત્તે બુધવારે ખેડૂત દેવા માફીની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી. તેમણે જણાવ્યું કે અમે રાજ્યના લાખો ખેડૂતોને રાહત આપતા નિર્ણયની અમલવારી શરૂ કરી રહ્યા છીએ. આ નિર્ણય માટે રાજ્ય સરકારે રૂ. ૩૬,૫૮૫ કરોડની જંગી જોગવાઈ કરી છે. આ માધ્યમથી ૫૬ લાખ ખેડૂતોને દેવા મુક્તિનો લાભ મળશે. મહાત્મા ફુલે ખેડૂત દેવા માફી યોજનાનો લાભ મેળવનારા ૧૨ લાખ ખેડૂતોને ૨ લાખ સુધીની દેવા માફીનો લાભ મળશે. આ પ્રસંગે તેમણે વિવિધ જિલ્લા બેંકોના ૫૫૩ ખેડૂતોની દેવા માફીની પ્રથમ યાદી જાહેર કરી હતી.

પાટીલે જણાવ્યું કે લાભાર્થીઓની યાદી અને વિતરણ પ્રક્રિયા અત્યંત પારદર્શક અને સુઆયોજિત કરવામાં આવી રહી છે. આ યોજના માત્ર દેવા મુક્તિ પૂરતી નથી, પણ

(જુઓ પાનું ૪) ▸▸

## મિલકત હડપવા શિક્ષિકાની હત્યા કરી મૃતદેહ નાશિકમાં ફેંક્યો: બેની ધરપકડ

### એલઆઈસી પૉલિસીને બહાને આસનગાંવના ફ્લૅટમાં બોલાવી: આરોપીએ પોતાને વારસદાર દર્શાવતી વસિયતમાં જબરદસ્તી સાઈન પણ કરાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કલ્યાણ નજીક રહેતી અપરિણીત શિક્ષિકાની મિલકત હડપ કરવા માટે આરોપીઓએ એલઆઈસી પૉલિસી કઢાવવાને બહાને આસનગાંવના ફ્લૅટમાં બોલાવી તેની કથિત હત્યા કરી હતી. ફ્લૅટમાં મારપીટ કરીને શિક્ષિકા પાસે એક વસિયત પર સાઈન પણ કરાવવામાં આવી હતી.

થાણે ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીઓની ઓળખ દિગંબર ભાગુજી આવ્હાડ (૪૮) અને તુષાર મુરલીધર રત્નપારખી (૫૨) તરીકે થઈ હતી. મહિલાની હત્યાનો કેસ નાશિક ગ્રામીણના વાડીવરે પોલીસ સ્ટેશનમાં નોંધાયો હોવાથી વધુ કાર્યવાહી માટે આરોપીઓને વાડીવરે પોલીસને સોંપાયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ કલ્યાણ નજીકના મોહને આંબિવલી ખાતે રહેતી સંગીતા ચંદનશિવે (૫૩) કોલસેવાડીની શાળામાં શિક્ષિકા હતી. અપરિણીત સંગીતા એલઆઈસી (જુઓ પાનું ૪) ▸▸

## બીએમસી નિષ્ણાત પેનલની સલાહ લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અનેક હાઇ પ્રોફાઇલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટની ડિઝાઇનમાં ખામીઓ અને આયોજન ભૂલો અંગે થયેલી ટીકા બાદ મુંબઈ મહાનગરપાલિકાએ શહેરમાં મુખ્ય પુલ, ફ્લાયઓવર અને ટનલ પ્રોજેક્ટના અમલીકરણનું આયોજન, ડિઝાઇન અને દેખરેખ રાખવા માટે ૨૯ ટૅકનિકલ સલાહકારોની પાંચ વર્ષની પેનલની નિમણૂક કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે

ગુરુવારે પાલિકાની સ્થાયી સમિતિ સમક્ષ રજૂ થનારા આ પ્રસ્તાવમાં મોટાભાગના પ્રોજેક્ટ માટે કન્સલ્ટન્સી ફી ૩.૫ કરોડ રૂપિયા સુધીની મર્યાદિત કરવામાં આવી છે અને સલાહકારની ભૂલોથી ઉદ્ભવતી ડિઝાઇન ભિન્નતા અથવા વધારાના ખર્ચને પ્રોજેક્ટના મૂલ્યના ૧૫ ટકા સુધી મર્યાદિત કરવામાં આવ્યો છે. પ્રસ્તાવમાં જણાવાયું છે કે મર્યાદાનો

(જુઓ પાનું ૪) ▸▸

કશેળી-મુલુંડ વોટર ટનલ પ્રોજેક્ટ

## પાણીના વિતરણની કાર્યક્ષમતા સુધારાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈનો મહત્ત્વાકાંક્ષી કશેળી (ભીવંડી)-મુલુંડ ઓક્ટ્રોય નાકા વોટર ટનલ પ્રોજેક્ટ તેના સૌથી મહત્ત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશવા માટે તૈયાર છે, જેમાં ટનલ બોરિંગ મશીન (ટીબીએમ) નો ઉપયોગ કરીને ટનલ બોરિંગ સપ્ટેમ્બર સુધીમાં શરૂ થવાનું છે. ૭.૧૩ કિલોમીટર લાંબી ૪.૫ મીટર વ્યાસની ટનલ ઓક્ટોબર ૨૦૩૦ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. આ પ્રોજેક્ટ અંડરગ્રાઉન્ડ વોટર કન્વેયન્સ નેટવર્ક દ્વારા ટ્રાન્સમિશન (પાણીનું ગળતર) નુકસાન ઘટાડીને શહેરની પાણી વિતરણ વ્યવસ્થાની કાર્યક્ષમતામાં સુધારો કરવાની પાલિકાની યોજનાનો એક ભાગ છે.

પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ્સ) અભિજિત બાંગરે સ્થળ મુલાકાત દરમ્યાન પ્રોજેક્ટની સમીક્ષા કરી અને અધિકારીઓને ગુણવત્તા સલામતી અને સમયરેખાનું પાલન

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈના દરિયાકિનારા પર ૧૦ દિવસમાં અઢી હજાર મેટ્રિક ટન કચરો જમા

### ૧૪ જુલાઈથી ૧૮ જુલાઈ, ૨૦૨૬ દરમ્યાન દરિયાકિનારામાં મોટી ભરતી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના દરિયા કિનારાને સ્વચ્છ અને પર્યાવરણને અનુકૂળ રાખવાના ઉદ્દેશ્યથી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા નવ જુલાઈથી ૧૯ જુલાઈ, ૨૦૨૬ દરમ્યાન દરિયા કિનારા પર ખાસ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. તેમાં પણ ૧૪ જુલાઈથી ૧૮ જુલાઈ, ૨૦૨૬ દરમ્યાન દરિયામાં ૪.૫ મીટરથી વધુ ઊંચાં મોજાં સાથે મોટી ભરતી હોવાથી મોટા પ્રમાણમાં કિનારા પર ઊંચા ઊછળતાં મોજાં સાથે કચરો ખેંચાઈ આવ્યો હતો. દસ દિવસની સફાઈ ઝુંબેશ દરમ્યાન પ્લાસ્ટિક, થર્મોકોલ, લાકડાનો કાટમાળ જેવા વિવિધ પ્રકારના કચરા સહિત કુલ ૨,૪૯૮.૬૬ મેટ્રિક ટન ઘન કચરો જમા થયો હતો.

પાલિકાના કમિશનર અશ્વિની ભીડેના માર્ગદર્શન હેઠળ ખાસ દરિયા કિનારાની સફાઈ ઝુંબેશ અમલમાં મૂકવામાં આવી હતી. ચોમાસા દરમ્યાન ભરતીના કારણે દરિયા કિનારા પર મોટા પ્રમાણમાં કચરો તણાઈને આવતો હોય છે. ડેપ્યુટી કમિશનર (ઘન કચરા વ્યવસ્થાપન) કિરણ દિઘાવકરે ચોપાટી પર કચરા વિશે જણાવ્યું હતું કે ૯ જુલાઈથી ૧૯ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં ૧.૧ કિલોમીટર લાંબા ગિરગામ ચોપાટી પરથી ૩૩.૬૬ મેટ્રિક ટન, પાંચ કિલોમીટર લાંબા દાદર-માહિમ બીચ પરથી ૧૫૨.૧૦ મેટ્રિક ટન, ૩.૫ કિલોમીટર લાંબા ચિંબઈ-વારિંગપાડા બીચ પરથી ૧૨૭.૨૦ મેટ્રિક ટન, આઠ કિલોમીટર લાંબા મઢ-માર્વે બીચ પરથી

(જુઓ પાનું ૪) ▸▸

સીજેપીનું આંદોલન

# ભાજપ બેકફૂટ પર, કૉંગ્રેસે જોશભેર પુનરાગમન કર્યું

### સીજેપીના આંદોલનથી દેશની રાજનીતિમાં શું ફેરફારો થવાની સંભાવનાઓ જોવામાં આવી રહી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નીટ પેપર લીકનો મુદ્દો હાલમાં દેશમાં ચર્ચાના કેન્દ્રમાં છે. આ મુદ્દાને કેન્દ્રમાં લાવવા માટે, કોકરોચ જનતા પાર્ટી એટલે કે સીજેપીએ સોશ્યલ મીડિયા તેમજ જમીન પર યુદ્ધ શરૂ કર્યું હતું. અને હવે ખાસ વાત એ છે કે કોકરોચ જનતા પાર્ટી અત્યાર સુધી આ બંને લડાઈમાં સફળ રહી છે. દેશના રાજકીય અને સામાજિક જીવનમાં પહેલીવાર શિક્ષણના મુદ્દા પર લોકો એક છત્ર હેઠળ આવ્યા છે. સીજેપી દ્વારા શરૂ કરાયેલા આ આંદોલનના આગામી દિવસોમાં રાજકારણમાં ધરખમ પરિણામો જોવા મળે એવી સંભાવનાઓ જોવામાં આવી રહી છે. શાસક ભાજપ, સાથી પક્ષો અને વિપક્ષે પણ પોતપોતાના રાજકારણમાં નવી રીતરસમ અપનાવવાની ફરજ પડશે. તેથી, સીજેપીના આંદોલનથી રાજકારણમાં હવે શું બદલાવ આવશે? હાલમાં વિપક્ષ ક્યાં છે? ઉપરાંત, દેશના લોકો આ આંદોલનને કેવી રીતે જુએ છે? એ સવાલો મહત્ત્વના બની રહ્યા છે.

**હાલમાં કૉંગ્રેસ ક્યાં છે?:** સીજેપીનું આંદોલન છેલ્લા એક મહિનાથી દિલ્હીમાં ચાલી રહ્યું છે. શરૂઆતમાં, સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકનું અનશન આંદોલન શરૂ થયું. ત્યારબાદ, અભિજિત દીપકેએ પણ ભૂખ હડતાળ શરૂ કરી. સીજેપીએ ૨૦ જુલાઈએ 'સંસદ માર્ચ'નું આહ્વાન કર્યું હતું. તેમણે દેશના હજારો યુવાનોને આ માર્ચમાં ભાગ લેવા અપીલ કરી હતી. તેમણે તેમને દિલ્હી આવવાની અપીલ કરી હતી. આ અપીલનો ભારે પ્રતિસાદ મળ્યો હતો. પરિણામે, આ આંદોલનને તોડવા માટે પોલીસે બળપ્રયોગ કરવો પડ્યો. પોલીસના લાઠીચાર્જ પછી, આ આંદોલન વધુ હિંસક બન્યું. વર્તમાન વાતાવરણને જાણીને, કૉંગ્રેસ પણ હવે આ આંદોલનમાં કૂદી પડી છે. કેટલાક કૉંગ્રેસના નેતાઓએ સીધા કે આડકતરી રીતે સીજેપીના સ્થાપક અભિજિત દીપકેએ કહ્યું છે કે કૉંગ્રેસ આંદોલનને સમર્થન આપે છે. જોકે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી હજુ સુધી જંતર મંતર

(જુઓ પાનું ૪) ▸▸

## પ્રાયોજિત વિરોધ ટૂંક સમયમાં ઉઘાડો પડી જશે: ભાજપ

નાગપુર: મહારાષ્ટ્ર ભાજપ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણે બુધવારે 'નીટ' પરીક્ષામાં કથિત ગોટાળા સામે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ની આગેવાની હેઠળના આંદોલનને પ્રાયોજિત ઠેરવી દાવો કર્યો હતો કે આ વિરોધ પાછળ રહેલા લોકો થોડા દિવસોમાં ખુલ્લા પડી જશે. ચવ્હાણ નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન સંવાદદાતાઓ સાથે વાત કરી રહ્યા હતા.

ચવ્હાણે જણાવ્યું હતું કે 'આ (દિલ્હીમાં સીજેપી વિરોધ) એક પ્રાયોજિત આંદોલન છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં હાલ દેશભરમાં ચારેકોર વિકાસ થઈ રહ્યો છે. 'નીટ' પેપર લીક કેસ સંદર્ભમાં સાતથી આઠ વ્યક્તિ સામે કાર્યવાહી કરવામાં આવી છે. ધરપકડ બાદ તેઓ જેલમાં છે. વિપક્ષી જૂથના

(જુઓ પાનું ૪) ▸▸

## પ્રદર્શનકારીઓની વહારે સેના, આપશે કાનૂની મદદ

મુંબઈ: શિવસેના (યુબીટી) દ્વારા એક નવી પહેલ અંતર્ગત મુંબઈમાં પ્રદર્શનકારીઓ માટે એક સમર્પિત ઈમેલ આઈડી કાર્યરત કરવામાં આવ્યું છે. આ નિર્ણય કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી રહેલા અને સોનમ વાંગચૂકના સમર્થનમાં આંદોલન કરી રહેલા અનેક વિદ્યાર્થી પ્રદર્શનકારીઓની મુંબઈમાં અટકાયત કરવામાં આવ્યા બાદ લેવામાં આવ્યો.

એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં, શિવસેના (યુબીટી)એ સ્પષ્ટતા કરી હતી કે જો નીટના વિદ્યાર્થીઓ, સોનમ વાંગચૂક અને અભિજિત દીપકેના સમર્થનમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા કોઈ પણ પ્રદર્શનકારી આ દરમિયાન કોઈ પણ પ્રકારની કાનૂની કાર્યવાહીનો સામનો કરે તો તેમણે shivsenaubtlegalgmail.com પર ઈમેલ દ્વારા પાર્ટીનો સંપર્ક સાધી પોતાની સમસ્યા રજૂ કરવી.

અહેવાલ અનુસાર, મંગળવારે શિવાજી પાર્ક ખાતે વિરોધ પ્રદર્શન કરવા માટે એકત્રિત થતા સેંકડો કાર્યકર્તાઓ અને વિદ્યાર્થી પ્રદર્શનકારીઓને રોકવામાં પોલીસ અસમર્થ રહ્યા બાદ, મુંબઈ પોલીસે દાદરમાં જરૂરી પરવાનગી વિના કથિત રીતે આંદોલન કરવા બદલ આશરે ૯૦૦ પ્રદર્શનકારીની અટકાયત

(જુઓ પાનું ૪) ▸▸

## તેમનામાં અને રાવણમાં શું ફરક છે?: ઉદ્ધવ

નવી દિલ્હી: શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે જેમ સરકારે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરવી જોઈએ, તેવી જ રીતે વિપક્ષી પક્ષોએ પણ આ મુદ્દા પર એકબીજા સાથે વાત કરવી જોઈએ.

કૉંગ્રેસ ભાજપની બી-ટીમ હોવાના આમ આદમી પક્ષ (આપ)ના આરોપના જવાબમાં તેમણે આ પ્રમાણે જણાવ્યું હતું. મંગળવારે કૉકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના આંદોલનને દબાવવા માટે તેમણે વડા પ્રધાનના નિવાસસ્થાન સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. પરિણામે વિદ્યાર્થીઓના વિરોધ પર વિપક્ષમાં મતભેદો હોવાનું પ્રતીત થયું હતું.

ઉદ્ધવ ઠાકરે મંગળવારે સાંજે દિલ્હી પહોંચ્યા હતા અને સીજેપીના સ્થાપકને મળવા જંતર-મંતર ગયા હતા. પ્રેસ કોન્ફરન્સ સમાપ્ત થયાના કેટલાક કલાક પછી 'આપ'ના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલ દિલ્હીમાં શિવસેના (યુબીટી)ના રાજ્યસભા સંસદ સભ્ય સંજય રાઉતના નિવાસસ્થાને ઠાકરેને મળ્યા હતા.

ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે તેમણે શરૂઆતથી જ

(જુઓ પાનું ૪) ▸▸

## વિદ્યાર્થીઓના ખભા પર બંદૂકો રાખી કારભાર ચલાવી રહ્યા છે: ફડણવીસ

મુંબઈ: રાજધાની દિલ્હીમાં અભિજિત દીપકે અને સોનમ વાંગચુકના નેતૃત્વમાં વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. 'નીટ' પેપર લીક કેસમાં શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરવામાં આવી રહી છે. ઘણા રાજકીય પક્ષોએ પણ આ વિરોધ પ્રદર્શનને સમર્થન આપ્યું છે. કૉંગ્રેસ, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી, આમ આદમી પાર્ટી સહિત લગભગ તમામ વિપક્ષી પક્ષોએ આ વિરોધ પ્રદર્શનને સમર્થન આપ્યું છે. હવે રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ વિરોધ પ્રદર્શન પર વિપક્ષ પર પ્રહાર કર્યા છે.

દેવેન્દ્ર ફડણવીસે બુધવારે સોલાપુર જિલ્લામાં જગદગુરુ સંત શ્રેષ્ઠ તુકારામ મહારાજની પાલખીમાં દર્શન કર્યા હતા. આ સમયે તેમને દિલ્હીમાં થયેલા આંદોલન વિશે એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ અંગે બોલતા ફડણવીસે કહ્યું, મને લાગે છે કે દરેક વ્યક્તિએ પોતાના દેશ વિશે વિચારવું જોઈએ, તેમણે દેશને બદનામ ન કરવા વિશે વિચારવું જોઈએ. પહેલા દિવસથી મારો આ અભિપ્રાય છે. વિદ્યાર્થીઓની આશાઓ અને આકાંક્ષાઓ પૂર્ણ કરવી એ સરકારની ફરજ છે. અમે તેમને પૂર્ણ કરીશું. ■

## અણ્ણા હજારે હવે મેદાનમાં

મુંબઈ: નીટ પેપર લીક કેસમાં સોમવારે કોકરોચ જનતા પાર્ટીએ પોતાની માંગણીઓ માટે સંસદ તરફ કૂચ કાઢી હતી. આ સમયે, પોલીસે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કર્યા બાદ દેશમાં વાતાવરણ ગરમાયું હતું. આ દરમિયાન, અણ્ણા હજારેએ વિદ્યાર્થીઓના વિરોધને ટેકો આપવાની જાહેરાત કરી. આમ હવે અણ્ણા પોતે મેદાનમાં ઉતર્યા છે.

વિદ્યાર્થી આંદોલનની પૃષ્ઠભૂમિ વચ્ચે અણ્ણા હજારે ગુરુવારે મૌન વિરોધ પ્રદર્શન કરશે. અણ્ણા હજારે સવારે ૧૧ થી ૧ વાગ્યા સુધી અહિલ્યાનગરના વાડિયા પાર્કમાં ગાંધી સ્મારક ખાતે વિરોધ પ્રદર્શન કરશે. અણ્ણા હજારેએ એવી પણ માંગણી કરી હતી કે સરકાર વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરે અને તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવે. દરમિયાન, અણ્ણા જ્યાં વિરોધ પ્રદર્શન કરશે તે સ્થળને 'શહેરનું જંતર મંતર' એવું પ્રતીકાત્મક નામ પણ આપવામાં આવશે. અણ્ણા હજારેના આ આંદોલન પર હવે સૌની નજર ટકેલી છે.

## કૉંગ્રેસે પ્રધાનના રાજીનામાની માગણી કરી

મુંબઈ:મહારાષ્ટ્ર કૉંગ્રેસે બુધવારે કથિત 'નીટ' પેપર લીક મામલે ભાજપની આગેવાની હેઠળના કેન્દ્ર સરકાર પર નિશાન સાધી કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી હતી અને સરકાર પર સંસદમાં ચર્ચાની મંજૂરી આપવાનો ઇનકાર કરીને વિદ્યાર્થીઓના અવાજને દબાવવાનો આરોપ કર્યો હતો.

મુંબઈમાં એક પત્રકાર પરિષદમાં મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળએ જણાવ્યું હતું કે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સંસદની અંદર અને બહાર આ મુદ્દો ઉઠાવીને વિદ્યાર્થીઓ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા પૂર્ણ કરી છે.

(જુઓ પાનું ૪) ▸▸

## કૉંગ્રેસે પોલીસના અત્યાચાર પરથી ધ્યાન હટાવવાનો આરોપ મૂક્યો

મુંબઈ: મહારાષ્ટ્ર કૉંગ્રેસે બુધવારે ભાજપ દ્વારા કૉંગ્રેસ કાર્યાલયો બહાર વિરોધ પ્રદર્શન કરવાની પ્રવૃત્તિને ચોર બૂમ પાડી રહ્યો છે ગણાવી આરોપ કર્યો કે આ પ્રયાસ વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા કરવામાં આવેલા કથિત અત્યાચારોથી ધ્યાન ભટકાવવાનું એક કાવતરું છે. રાજ્ય કૉંગ્રેસ પ્રવક્તા સચિન સાવંતએ દાવો કર્યો હતો કે કથિત પરીક્ષા પેપર લીક થવાના વિરોધમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર ક્રૂર અત્યાચાર કરવામાં આવ્યા હતા. ખીલી જડેલી લાકડીઓથી મારપીટ, પોલીસ દ્વારા પથ્થરમારો, વીજળીના આંચકા, મહિલા વિદ્યાર્થીઓને થપ્પડ મારવા, કપડાં ફાડવા અને ભાડે રાખેલા ગુંડાઓના ઉપયોગનો એમાં સમાવેશ થાય છે. સોમવારે દિલ્હી પોલીસે સંસદ

(જુઓ પાનું ૪) ▸▸

## બદલાપુરમાં સાડી ખરીદી ન આપતાં પતિની કરી હત્યા: પત્નીની ધરપકડ

થાણે: થાણે જિલ્લાના બદલાપુરમાં નવી સાડી ખરીદી ન આપવાને કારણે થયેલા વિવાદમાં પ્રેશર કૂકરથી હુમલો કર્યા બાદ ગળું દબાવીને પતિની હત્યા કરવા બદલ પત્નીની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. મૂળ બિહારના રોહતાસ જિલ્લાની વતની સુનિતાદેવી હરેરામ સિંહની મંગળવારે ધરપકડ કરવામાં આવી હતી. પતિ હરેરામ કિશુનજી સિંહ (૩૫)નું આકસ્મિત મૃત્યુ થયું હોવાનું જુઠ્ઠાણું ચલાવીને સુનિતાદેવીએ શરૂઆતમાં પોલીસની દિશાભૂલ કરવાનો પ્રયાસ કર્યો હતો.બદલાપુરના નિવાસે હરેરામ સિંહ ૧૯ જુલાઇએ હાજર હતો ત્યારે નવી સાડી ખરીદી ન આપવાને કારણે પત્ની સાથે તેનો વિવાદ થયો હતો. આથી રોષે ભરાયેલી પત્નીએ પતિ પર પ્રેશર કૂકરથી હુમલો કર્યો હતો અને બાદમાં તેનું ગળું દબાવી દીધું હતું.દરમિયાન હરેરામના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યા બાદ સુનિતાદેવીના નિવેદનને આધારે એડીઆર દાખલ કર્યો હતો. જોકે પોસ્ટમોર્ટમના અહેવાલમાં હરેરામનું મૃત્યુ ગળું દબાવવાથી થયું હોવાનું જાણવા મળ્યા બાદ હરેરામના પરિવારના સભ્યો ઉપરાંત મકાનમાલિકની પોલીસે પૂછપરછ કરી હતી, (પીટીઆઇ)■

# આજે ઝિમ્બાબ્વે સામે પ્રથમ ટી-૨૦ મેચ, છેલ્લી સાતમાંથી છ મેચ હારી ચૂક્યું છે ભારત

હરારેઃ ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ત્રણ મેચની ટી-૨૦ સિરીઝની પ્રથમ મેચ રમાશે. કેપ્ટન તરીકે શ્રેયસ ઐય્યર કેપ્ટન તરીકે પ્રથમ જીત મેળવવા માટે આતુર છે. આયરલેન્ડ અને ઇંગ્લેન્ડ સામે કેપ્ટન તરીકે પોતાની પહેલી સાત ટી-૨૦ મેચમાંથી છ હારી ચૂકેલા ઐય્યર પાસે ટીમને જીતની દિશામાં પાછી લાવવાની ગોલ્ડન તક છે. ઝિમ્બાબ્વે વિરુદ્ધ જીતની ભારત પાસે અપેક્ષા રાખવામાં આવી રહી છે પરંતુ જો તેઓ હારી જાય છે તો ડ્રેસિંગ રૂમની સ્થિતિની કલ્પના જ કરી શકાય છે.

ભારતે આ પ્રવાસ માટે વીવીએસ લક્ષ્મણને કોચ તરીકે મોકલ્યા છે, જેનું વ્યક્તિત્વ આક્રમક કોચ ગૌતમ ગંભીરથી તદ્દન વિપરીત છે. એવું નથી કે ગંભીર જીતવા માંગતા નથી, પરંતુ પ્લેઇંગ ઇલેવન સાથે પ્રયોગ કરવાની તેમની આદત ગંભીરની સરખામણીમાં ઘણી ઓછી છે. બધાની નજર ફરી એકવાર 'વન્ડર બોય' સૂર્યવંશી પર રહેશે, જે અભિષેક શર્મા સાથે ઇનિંગની શરૂઆત કરશે કારણ કે સંજૂ સેમસન ટીમમાંથી બહાર થઈ ગયો છે.

અભિષેક અને સૂર્યવંશીની હરારે સ્પોર્ટ્સ ક્લબ સાથે સારી યાદો છે. અભિષેકે આ મેદાન પર ડેબ્યૂ કર્યું હતું અને બીજી મેચમાં તેની પહેલી ટી-૨૦ સદી ફટકારી હતી. સૂર્યવંશીએ ૬ ફેબ્રુઆરીએ આ મેદાન પર ઇંગ્લેન્ડની અંડર-૧૯ ટીમ સામે જુનિયર વર્લ્ડ કપ ફાઇનલમાં સદી ફટકારી હતી.

હરારે સ્પોર્ટ્સ ક્લબની પીચ ભેજ અને ઉછાળથી ભરેલી છે, જે ભારતીય બેટ્સમેન માટે પડકારો ઊભા કરી શકે છે. બ્લેસિંગ મુઝરબાની અને રિચર્ડ એનગારવાના ઝડપી બોલિંગ આક્રમણનો સામનો કરવો ભારતીય બેટ્સમેન માટે મુશ્કેલ બનશે. પાંચમા નંબર પર રિંકૂ સિંહ સારો વિકલ્પ છે, પરંતુ વાઈસ કેપ્ટન તિલક વર્માને ટીમમાંથી બહાર કરવો સરળ નહીં હોય. ભારતનો વાસ્તવિક પડકાર હર્ષ દુબે, શિવમ દુબે અને સૂર્યાંશ શેડગે વચ્ચે પસંદગી કરવાનો છે. ત્રણેયમાંથી કોઈ પણ શાનદાર ઓલરાઉન્ડર નથી. શેડગેની બોલિંગ અપેક્ષાઓ પર ખરી ઉતરી નથી અને હર્ષ સારી બેટિંગ કરી રહ્યો નથી. ગંભીર ઓલરાઉન્ડરોને પસંદ કરે છે, પરંતુ લક્ષ્મણનો અભિગમ અલગ છે. પ્રિન્સ, મયંક યાદવને સ્થાન મળે તે લગભગ નક્કી છે. અશોક અને યશ વચ્ચે ત્રીજો ઝડપી બોલર પસંદ કરવામાં આવશે. ■

# રોમાંચક બની આઈસીસી વન-ડે રેન્કિંગની રેસ, નંબર-વન બેટ્સમેન બનવાથી એક પોઈન્ટ દૂર ગિલ

નવી દિલ્હીઃ ટીમ ઈન્ડિયાના ટેસ્ટ અને વન-ડે ટીમના કેપ્ટન શુભમન ગિલ સિવાય દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્મા ઈંગ્લેન્ડ સામેની સિરીઝ બાદ બુધવારે જાહેર કરાયેલી લેટેસ્ટ વન-ડે બેટ્સમેનોની રેન્કિંગમાં ટોચના પાંચ બેટ્સમેનમાં સામેલ છે. ગિલ દુનિયાના નંબર વન બેટ્સમેન ન્યૂઝીલેન્ડના ડેરિલ મિશેલથી એક જ પોઈન્ટ દૂર છે.

ગિલે ઇંગ્લેન્ડ સામે ભારતની ૧-૨ શ્રેણીની હાર દરમિયાન ત્રણ મેચમાં ૧૮૮ રન કર્યા હતા અને ટોચના બેટ્સમેન મિશેલ (૮૦૨ પોઇન્ટ) થી માત્ર એક પોઇન્ટ પાછળ છે. કોહલી (૭૬૭) અને રોહિત (૭૫૮) અનુક્રમે ત્રીજા અને ચોથા સ્થાને છે.

ભારત સામેની શ્રેણીમાં અણનમ રહેનાર અને ૨૪૯ રન ફટકારનાર ઇંગ્લેન્ડના જો રૂટને ચાર સ્થાનનો ફાયદો થયો છે અને તે આઠમા સ્થાને પહોંચી ગયો છે. તેના સાથી બેન ડકેટ પણ ૧૧ સ્થાનની છલાંગ લગાવીને સંયુક્ત રીતે ૧૯મા સ્થાને પહોંચી ગયો છે. જેકબ બેથેલે પણ પાંચ સ્થાનની છલાંગ લગાવી છે અને તે ૬૪મા સ્થાને પહોંચી ગયો છે.

શ્રેયસ ઐય્યર વન-ડે રેન્કિંગમાં ૧૩મા સ્થાને પહોંચી ગયો છે. ભારતીય સ્પિનર કુલદીપ યાદવ બોલરોની યાદીમાં ટોચના ૧૦માંથી બહાર થઈ ગયો છે અને ૧૧મા સ્થાને છે. અફઘાનિસ્તાનનો રાશિદ ખાન બોલરોની યાદીમાં ટોચ પર છે.

ભારત સામેની વન-ડે સિરીઝમાં પાંચ વિકેટ લેનાર ઇંગ્લેન્ડનો ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર એક સ્થાન આગળ વધીને પાકિસ્તાનના અબરાર અહેમદને પાછળ છોડીને ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. ■

# પાંચમી વન-ડેમાં વેસ્ટ ઈન્ડિઝનો વિજય, ન્યૂઝીલેન્ડે ૩-૨થી જીતી સિરીઝ

બ્રિજટાઉનઃ શિમરોન હેટમાયરના અણનમ ૬૯ રનની મદદથી વેસ્ટ ઈન્ડિઝે પાંચમી અને અંતિમ વન-ડેમાં ન્યૂઝીલેન્ડને બે વિકેટથી હરાવ્યું હતું. જોકે, ન્યૂઝીલેન્ડે શ્રેણી ૩-૨થી જીતી લીધી. વેસ્ટ ઈન્ડિઝે પહેલી મેચમાં સાત વિકેટથી જીત હાંસલ કરી હતી. ત્યારબાદ ન્યૂઝીલેન્ડે બીજી મેચમાં પાંચ વિકેટથી, ત્રીજી મેચમાં છ વિકેટથી જીત મેળવી હતી. ન્યૂઝીલેન્ડે ચોથી મેચમાં પણ જીત હાંસલ કરી હતી.

પાંચમી વન-ડે મેચમાં ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા નવ વિકેટે ૨૬૮ રન કર્યા હતા જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝે ૧૫ બોલ બાકી રહેતા જીત મેળવી હતી. હેટમાયરે શેરફેન રુધરફોર્ડ (૬૧) સાથે ૯૫ રનની ભાગીદારી કરી હતી. અગાઉ ન્યૂઝીલેન્ડે ૩૫મી ઓવરમાં ત્રણ વિકેટે ૧૮૧ રન કર્યા હતા પરંતુ વેસ્ટ ઈન્ડિઝે અંતિમ ઓવરમાં સારી બોલિંગ કરી હતી.

ન્યૂઝીલેન્ડ તરફથી વિલ યંગે ૫૬, ટોમ લાથમે ૬૯ અને નિક કેલીએ ૬૪ રન કર્યા હતા. વેસ્ટ ઈન્ડિઝ તરફથી અલ્ઝારી જોસેફે ૩૮ રન આપીને બે વિકેટ લીધી હતી. ■

# ટીમ ઈન્ડિયા સામેની ટી-૨૦ સિરીઝ માટે ઝિમ્બાબ્વેની ટીમ જાહેર

હરારેઃ ઝિમ્બાબ્વે ક્રિકેટે ૨૩ જુલાઈથી શરૂ થનારી ભારત સામેની ત્રણ મેચની ટી-૨૦ સિરીઝ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી હતી. હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે ૨૩, ૨૫ અને ૨૬ જુલાઈના રોજ રમાનારી મેચો માટે પસંદગીકારોએ બાંગ્લાદેશ સામેની તાજેતરની ટી-૨૦ શ્રેણીમાં રમાયેલી ટીમમાં ત્રણ ફેરફારો કર્યા છે. વિકેટકીપર-બેટ્સમેન તફાડ્ઝવા ત્સિગાને પહેલી વાર ૧૫ સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઓલરાઉન્ડર વેસ્લી મધેવેરે અને પેસર ન્યૂમેન ન્યામહુરીની ટીમમાં વાપસી થઈ છે.

આ ત્રણ ખેલાડીઓ ક્લાઇવ મૃડેન્ડે, ટિનોટેન્ડા માપોસા અને તાશિંગા મુસેકિવાનું સ્થાન લે છે, જેઓ તાજેતરમાં બાંગ્લાદેશ સામે રમાયેલી ટીમનો ભાગ હતા. ઝિમ્બાબ્વે માટે ૧૦ ટેસ્ટ મેચ રમી ચૂકેલા ત્સિગાએ હજુ સુધી વ્હાઈટ બોલ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું નથી. બાંગ્લાદેશ શ્રેણી દરમિયાન ટેસ્ટ અને વન-ડે ટીમમાં સામેલ મધેવેરે જુલાઈ ૨૦૨૫ પછી પહેલી વાર ટી-૨૦ ટીમમાં વાપસી કરી રહ્યો છે. તેણે અત્યાર સુધી ઝિમ્બાબ્વે માટે કુલ ૭૯ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. દરમિયાન ન્યામહુરી ઈજામાંથી સ્વસ્થ થયા બાદ ટીમમાં વાપસી કરી રહ્યો છે. ઈજાને કારણે તે બાંગ્લાદેશ સામેની વન-ડે સિરીઝમાં રમી શક્યો નહોતો.

સિકંદર રઝાને કેપ્ટનશિપ સોંપવામાં આવી છે. ઝિમ્બાબ્વેએ બાંગ્લાદેશ સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ટીમે મજબૂત પ્રદર્શન સાથે એકમાત્ર ટેસ્ટ અને વન-ડે શ્રેણી જીતી હતી. જોકે, ઝિમ્બાબ્વે ટી-૨૦ શ્રેણી ૧-૨ થી હારી ગયું હતું. જોકે, ટીમ ઈન્ડિયાને તાજેતરમાં આયરલેન્ડ અને ઈંગ્લેન્ડ સામે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો.

**ભારત સામેની ટી-૨૦ સિરીઝ માટે ઝિમ્બાબ્વેની ટીમઃ**

સિકંદર રઝા (કેપ્ટન), બ્રાયન બેનેટ, રયાન બર્લ, તનાકા ચિવાંગા, બેન કરન, બ્રાડ ઇવાન્સ, વેસ્લી મધવેરે, તદીવાનાશે મારુમાની (વિકેટકીપર), વેલિંગ્ટન મસાકાદ્ઝા, બ્લેસિંગ મુઝરબાની, ડિયોન માયર્સ, રિચર્ડ નગારવા, ન્યૂમૈન ન્યામહુરી, મિલ્ટન શુમ્બા અને તફાદ્ઝવા ત્સિગા (વિકેટકીપર). ■

# 'સૂર્યવંશી જેવું આજ સુધી કોઈ રમ્યું નથી', હરભજનસિંહ

નવી દિલ્હીઃ ભારતના ભૂતપૂર્વ સ્પિનર હરભજનસિંહે ૧૫ વર્ષીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને ''અવિશ્વસનીય'' પ્રતિભા ગણાવતા કહ્યું કે તે નિર્ભયતાથી પોતાની રમતને એવી રીતે આગળ ધપાવી રહ્યો છે જે રીતે કોઈ અન્ય ખેલાડીએ પહેલાં ક્યારેય કર્યું નથી.

હરભજને કહ્યું હતું કે સૂર્યવંશીની પોતાની સ્વાભાવિક શૈલી પર વિશ્વાસ કરવો આધુનિક ક્રિકેટની બદલતી વિચારસરણી દર્શાવે છે જ્યાં ખેલાડીઓને મુક્તપણે તેમની પ્રતિભા દર્શાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. તેણે કહ્યું હતું કે, ''આજના યુવાનો અને ભૂતકાળના યુવાનો વચ્ચે સૌથી મોટો તફાવત મીડિયા અને સોશ્યલ મીડિયાની પહોંચ છે. આવી વસ્તુઓ પહેલા અસ્તિત્વમાં હતી પરંતુ આજે તેમને વધુ ધ્યાન આપવામાં આવે છે.

ભૂતપૂર્વ સ્પિનરે કહ્યું હતું કે, ''આજે વૈભવ સૂર્યવંશી જે પ્રકારની રમત બતાવી રહ્યો છે તે એવી છે જે પહેલાં ક્યારેય કોઈએ જોઈ નથી. તે અદ્ભુત છે, ખરેખર તેજસ્વી પ્રતિભા છે. મને નથી લાગતું કે મેં ક્યારેય આવી પ્રતિભા જોઈ છે કે અનુભવી છે.'' ■

# 'અમદાવાદમાં માળખાગત સુવિધાઓના કારણે ભારતને 2030 ગેમ્સની યજમાની મળી': કોમનવેલ્થ ગેમ્સના સીઈઓ

ગ્લાસ્ગોઃ કોમનવેલ્થ ગેમ્સના ચીફ એક્ઝિક્યુટિવ કેટી સેડલિયરે જણાવ્યું હતું કે અમદાવાદમાં અગાઉથી તૈયાર વિશ્વસ્તરીય માળખાગત સુવિધાઓએ ભારતને ૨૦૩૦માં ૧૦૦મા કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાનો અધિકાર અપાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. તેમણે કહ્યું હતું કે ભારતની આ બોલી ગવર્નિંગ બોડીના સુધારેલા ઓછા ખર્ચવાળા હોસ્ટિંગ મોડલ સાથે સંપૂર્ણપણે સુસંગત હતી. ગયા વર્ષે નવેમ્બરમાં ભારતને ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો.

ઓસ્ટ્રેલિયન રાજ્ય વિક્ટોરિયાએ વધતા ખર્ચને કારણે ૨૦૨૬ ગેમ્સનું આયોજન કરવામાં પોતાનું નામ પરત ખેંચી લીધું હતું ત્યારબાદ કોમનવેલ્થ સ્પોર્ટ (અગાઉ કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશન) એ ઇવેન્ટ ખર્ચ ઘટાડવાના હેતુથી 'ગેમ્સ રીસેટ' મોડલ અપનાવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

સેડલિયરે પીટીઆઈને કહ્યું કે ''અમે ભાગ્યશાળી હતા કે અમારા બે સૌથી મોટા સભ્ય દેશો (ભારત અને નાઇજીરિયા) એ ૨૦૩૦ માટે રસ દર્શાવ્યો હતો. ભારતમાં ઉપલબ્ધ સુવિધાઓ ઉત્તમ હતી અને સૌથી અગત્યનું તે પહેલાથી જ અસ્તિત્વમાં છે. તેથી અમારે નવી સુવિધાઓ બનાવવાની જરૂર નહોતી. સરકાર દ્વારા વિશ્વ કક્ષાની સુવિધાઓ બનાવવામાં કરવામાં આવેલું રોકાણ ખરેખર ઉત્કૃષ્ટ હતું.''

વધુમાં તેમણે કહ્યું હતું કે ''તેઓએ જે પ્રકારની ટીમ બનાવી અને જે પ્રકારે તમામે એક થઈને બતાવ્યું કે આ રમતોનું આયોજન તેમના માટે, ભારત સરકાર અને દેશના લોકો માટે કેટલું મહત્ત્વનું છે, તેનાથી અમને ખૂબ જ પ્રભાવિત થયા.'' સેડલિયરે કહ્યું કે મૂલ્યાંકન પ્રક્રિયા દરમિયાન કોમનવેલ્થ ગેમ્સ માટે ભારતનો ઉત્સાહ પણ એક મુખ્ય સકારાત્મક પરિબળ હતો. ભારત ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવા માટે પણ બોલી લગાવી રહ્યું છે. ■

# દિગ્ગજ સ્પિનર કુલદીપ યાદવ કાઉન્ટી ક્રિકેટમાં કરશે ડેબ્યૂ, યોર્કશાયર સાથે કર્યો કરાર

લીડ્સઃ ભારતના દિગ્ગજ સ્પિનર કુલદીપ યાદવે જાણીતી કાઉન્ટી ટીમ યોર્કશાયર સાથે વર્તમાન સીઝનમાં આઠ મેચ રમવા માટે કરાર કર્યો હતો. યોર્કશાયર કાઉન્ટી ક્રિકેટ ક્લબે તેની વેબસાઇટ પર જાહેરાત કરી હતી કે, ''યોર્કશાયર કાઉન્ટી ક્રિકેટ ક્લબને ભારતના આંતરરાષ્ટ્રીય સ્પિનર કુલદીપ યાદવ સાથે વિદેશી ખેલાડી તરીકે કરાર પર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરતા ખુશી થાય છે. ૩૧ વર્ષીય કુલદીપ 'મેટ્રો બેન્ક વન ડે કપ'ની પાંચ મેચ માટે ઉપલબ્ધ રહેશે અને ત્યારબાદ સપ્ટેમ્બરમાં રોથસે કાઉન્ટી ચેમ્પિયનશિપની છેલ્લી ચાર મેચમાંથી ત્રણ રમવા માટે હેડિંગ્લે પરત ફરશે.''

કુલદીપ શુક્રવારે નીથમાં ગ્લેમોર્ગન સામેની ૫૦ ઓવરની મેચ માટે ટીમમાં જોડાઈ રહ્યો છે. યોર્કશાયરમાં સામેલ થવા પર કુલદીપે કહ્યું હતું કે ''હું યોર્કશાયરમાં જોડાવા બદલ ખૂબ જ ખુશ છું અને આ તક માટે આભાર માનું છું. યોર્કશાયર જેવી શાનદાર ઇતિહાસ ધરાવતી ક્લબનું પ્રતિનિધિત્વ કરવું મારા માટે સન્માનની વાત હશે.''

તેણે કહ્યું હતું કે, ''મને હંમેશાંથી ઇંગ્લિશ પરિસ્થિતિઓમાં રમવાનો પડકાર પસંદ રહ્યો છે અને મેનેજમેન્ટ સાથે વાત કર્યા પછી હું ટીમમાં જોડાવા માટે ખૂબ જ ઉત્સાહિત છું. હું હેડિંગ્લેમાં ટીમ માટે સારું યોગદાન આપવા માટે આતુર છું.''

ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે કુલદીપની ક્ષમતાઓ પર વધુ વિશ્વાસ વ્યક્ત કર્યો નથી, પરંતુ યોર્કશાયર મેનેજમેન્ટનું માનવું છે કે કુલદીપ બ્રિટનની ગરમીમાં ટીમ માટે ફાયદાકારક રહેશે. ક્લબના ક્રિકેટ જનરલ મેનેજર ગેવિન હેમિલ્ટને કહ્યું હતું કે, ''કુલદીપ એક આંતરરાષ્ટ્રીય ખેલાડી છે જે આ મેચો દરમિયાન અમારી ટીમ માટે એક મોટી તાકાત બનશે.''

સ્કોટલેન્ડ અને ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ખેલાડી હેમિલ્ટને કહ્યું હતું કે, ''આ સીઝન ગરમ અને સૂકી રહી છે, તેથી અમને અપેક્ષા છે કે સીઝનના અંતમાં તે સ્પિન બોલિંગમાં મુખ્ય ભૂમિકા ભજવશે. કુલદીપ સ્પિન બોલિંગથી અમારી ટીમમાં એક નવું પરિમાણ લાવશે અને ટોચના સ્તરે અનુભવનો ભંડાર ધરાવે છે. અમને તેમનું યોર્કશાયરમાં સ્વાગત કરતાં આનંદ થાય છે.'' તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં કુલદીપે ૧૮ ટેસ્ટ મેચોમાં ૨૨ની સરેરાશથી ૭૯ વિકેટ લીધી છે, જેમાં ૪૦ રનમાં પાંચ વિકેટનો શ્રેષ્ઠ દેખાવ છે. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| कावीळ | અંધારું |
| कावळा | કરકસર |
| काळोख | કાચબો |
| कासव | કમળો |
| काटकसर | કાગડો |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ■ | ૨ | | | ૩ | ■ | ૪ | ■ |
| ૫ | | | | ■ | ■ | ૬ | | | ૭ |
| ૮ | | ■ | ૯ | ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | |
| | ■ | ૧૩ | ■ | ૧૪ | | ■ | ૧૫ | ■ | |
| ■ | ૧૬ | | ૧૭ | ■ | ■ | ૧૮ | | ૧૯ | ■ |
| ■ | ૨૦ | | | ■ | ■ | ૨૧ | | | ■ |
| ૨૨ | ■ | | ■ | ૨૩ | ૨૪ | ■ | | ■ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ■ | ૨૮ | | | ૨૯ | ■ | ૩૦ | |
| ૩૧ | | | | ■ | ■ | ૩૨ | | | |
| ■ | | ■ | ૩૩ | | | | ■ | | ■ |

**આડી ચાવી**

૨. શરીરને શોભાવનાર વસ્ત્ર આભૂષણ વગેરે (૪)
૫. ઘણું મોટું (૪)
૭. કુશળ, સહીસલામત (૪)
૮. એક રાની પ્રજાનો માણસ (૨)
૯. સ્વર્ગસ્થ (૪)
૧૨. દિવસ (૨)
૧૪. ગુફા (૨)
૧૬. ઉમાપતિ (૩)
૧૮. સુંદર સ્ત્રી (૩)
૨૦. ખડિયો (૩)
૨૧. વેતન, દરમાયો (૩)
૨૩. ચીજ, જણસ (૨)
૨૬. સોનું (૨)
૨૮. ધાતુના તાર ખેંચનારો (૪)
૩૦. દીઠા --- અને પહોંચી જાત્રા (૨)
૩૧. કામકાજ કે નોકરી કરનાર (૪)
૩૨. સ્પષ્ટતા (૪)
૩૩. ઝપાટાબંધ, ઉપરાઉપરી (૪)

**ઊભી ચાવી**

૧. મગદૂર (૩)
૨. લજ્જા (૩)
૩. કૃપા, મહેરબાની (૩)
૪. અશુભ (૩)
૫. પુખ્ત, ઠરેલ (૩)
૭. મનુષ્ય અવતાર (૩)
૧૦. નકામું, બાતલ કરેલું (૨)
૧૧. અપ્સરા (૨)
૧૩. વૃતાંત, બયાન (૪)
૧૫. મનસ્વી, શોખીન (૪)
૧૬. અહંકાર, ગર્વ (૨)
૧૭. સો (૨)
૧૮. આપદા, પીડા (૨)
૧૯. સ્ત્રી (૨)
૨૨. સુગંધ (૩)
૨૩. વિલંબ, ઢીલ (૨)
૨૪. પાણી જવાનો રસ્તો (૨)
૨૫. ઉપાધિ, જંજાળ (૩)
૨૭. રહસ્ય કે ભેદ જાણનાર, ચતુર (૩)
૨૮. વખાણ, પ્રશંસા (૩)
૨૯. નિષ્ફળ ન જાય તેવું, અચૂક (૩)
૩૦. મારો હંસલો નાનો ને --- જૂનું તો થયું (૩)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ હો | ૩ ભા | ગ્ય | ■ | ■ | ૪ ભૂ | લ | ૫ ચૂ | ક |
| ૬ કા | જ | લ | ■ | ૭ અ | નં | ત | ■ | ક | ■ |
| લી | ■ | ચં | ■ | ન | ■ | ■ | ૮ સ | તે | ૯ જ |
| ન | ■ | દ્ર | ■ | ૧૦ શ | મ | ૧૧ શે | ર | ■ | હા |
| ■ | ■ | ■ | ૧૨ મૌ | ન | ■ | ર | ■ | ૧૩ બો | જ |
| ૧૪ લા | ભ | ■ | ખિ | ■ | ૧૫ બે | ડી | ■ | ■ | ■ |
| લ | ■ | ૧૬ અ | ક | બં | ધ | ■ | ૧૭ પ | ■ | ૧૮ ત |
| ૧૯ ચુ | ૨૦ નં | દા | ■ | ■ | ડ | ■ | ર | ■ | મ |
| ■ | દિ | ■ | ૨૧ આ | ર્વિ | ક | ■ | ૨૨ ગ | ૨૩ મ | ત |
| ૨૪ જા | ની | વા | સો | ■ | ■ | ૨૫ સા | જુ | સ | મું |

### જાણવા જેવું

ધૂળ એકલી જ આકાશના વાદળી રંગનું કારણ હોઈ શકે નહીં. જોકે, આકાશનાં રંગમાં ધૂળનું સ્થાન ખૂબ જ અગત્યનું માનવામાં આવે છે. હવામાંનાં ધૂળનાં રજકણોને લીધે તેમ જ હવાના અણુઓના ધૂળનાં રજકણોને લીધે તેમ જ હવાના અણુઓના કેટલાક ગુણોને લીધે આકાશનો રંગ સૌમ્ય આસમાની લાગે છે.

### ઓળખાણ પડી?



ઘોડી - ગધેડાથી અથવા ગધેડી - ઘોડાથી ઉત્પન્ન થયેલા અને બોજો ઉપાડવામાં કુશળ ગણાતા મિશ્ર જાતિના પ્રાણીની ઓળખાણ પડી?

અ) ગધેડો
બ) ખચ્ચર
ક) શર્વિલ
ડ) ઘોડસર

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૭ | ૯ | | ૪ | ૮ | | ૨ |
| | | | ૧ | ૬ | ૭ | | | |
| | ૬ | | | | | | ૭ | |
| ૭ | ૯ | ૫ | | | | ૨ | ૪ | ૬ |
| | ૪ | | | | | | ૧ | |
| ૮ | ૧ | ૬ | | | | ૫ | ૯ | ૩ |
| | ૨ | | | | | | ૮ | |
| | | | ૪ | ૧ | ૯ | | | |
| ૯ | | ૪ | ૬ | | ૮ | ૧ | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

**સુડોકુ-ગઈકાલનો જવાબ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | ૨ | ૩ | ૯ | ૭ | ૪ | ૫ | ૮ |
| ૪ | ૮ | ૯ | ૨ | ૧ | ૫ | ૬ | ૩ | ૭ |
| ૭ | ૩ | ૫ | ૪ | ૮ | ૬ | ૧ | ૯ | ૨ |
| ૨ | ૬ | ૩ | ૫ | ૭ | ૯ | ૮ | ૧ | ૪ |
| ૧ | ૯ | ૪ | ૮ | ૨ | ૩ | ૫ | ૭ | ૬ |
| ૫ | ૭ | ૮ | ૧ | ૬ | ૪ | ૯ | ૨ | ૩ |
| ૩ | ૪ | ૧ | ૭ | ૫ | ૮ | ૨ | ૬ | ૯ |
| ૮ | ૫ | ૬ | ૯ | ૩ | ૨ | ૭ | ૪ | ૧ |
| ૯ | ૨ | ૭ | ૬ | ૪ | ૧ | ૩ | ૮ | ૫ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| सण | તહેવાર |
| उस | શેરડી |
| खडू | લખવાનો ચોક |
| ओस | ઝાકળ |
| मृग | હરણ |

**ગુજરાત મોરી મોરી રેઃ** મામીજી

**ઓળખાણ પડી?** Treecreeper

**માઈન્ડ ગેમ :** સિંગાપોર

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** વરુ

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીના સસરાના એકમાત્ર પુત્રના સાળાની પત્ની સ્ત્રીની એકમાત્ર પુત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) મામી બ) કાકી
ક) માસી ડ) દાદી

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

આપેલા વાક્યમાં રેતીવાળો સપાટ પ્રદેશ સંતાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.

પદ અને ચરણ શબ્દનો સામાન્ય અર્થ પગ થાય છે.

### નોંધી રાખો

સૂર્યોદય સુંદર હોય પણ એ કલાકૃતિ નથી કારણ કે એનું નિર્માણ માનવે નથી કર્યું. કલાકૃતિ પ્રકૃતિ સર્જિત નહીં માનવ સર્જિત હોવી જોઈએ.

### માઈન્ડ ગેમ

દુનિયામાં કેટલાક શહેર બે દેશમાં ફેલાયા છે, પણ ત્રણ દેશમાં વિસ્તાર ધરાવતું શહેર કયું એ જણાવો.

અ) Rotterdam બ) Cairo ક) Melbourne ડ) Basel

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) ભરત કજરિયા (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) નિતીન જયંતીલાલ બજરિયા (૧૧) શ્રદ્ધા આસર (૧૨) કમલ માતલિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મીનળ કાપડિયા (૧૭) લજિતા ખોના (૧૮) મહેશ સંઘવી (૧૯) પ્રવીણ વોરા (૨૦) નયના ગિરીશ મિસ્ત્રી (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) ભાવના કર્વે (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિજય આસર (૨૮) ડાયના સંતોકે (૨૯) રમેશભાઈ દલાલ (૩૦) હિના બેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) અલકા વાણી (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) અરવિંદ કામદાર (૩૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૭) નિખિલ બંગાળી (૩૮) અમીશી બંગાળી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) મહેશ દોશી (૪૫) ભામિની સંપટ (૪૬) પ્રતિમા પમાણી


# પુરુષ

feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

## પુરુષ પોતાની લાગણી વ્યક્ત કરતાં કેમ અચકાય છે?

**સમાજનો** એક વણલખ્યો પણ ચુસ્તપણે પળાતો નિયમ છે કે પુરુષે હંમેશાં મજબૂત, અડીખમ અને અચળ દેખાવું જોઈએ. બાળપણથી જ એક નાના છોકરાને જ્યારે વાગે કે તે રડવા લાગે ત્યારે તેને સાંત્વના આપવાને બદલે અવારનવાર કહેવામાં આવે છે કે 'છોકરાઓ ન રડે' અથવા 'છોકરો થઈને શું છોકરીઓની જેમ રડે છે?'

આ નાનકડી વાક્યરચના જ બાળકના મગજમાં એ વિચારનું બીજ વાવી દે છે કે દુઃખ, દર્દ કે નબળાઈ દર્શાવવી એ પુરુષનું લક્ષણ નથી. જેમ જેમ એ બાળક મોટું થઈને પુરુષ બને છે, તેમ તેમ તે પોતાની અંદરની લાગણીઓ, ડર અને તણાવને એક ઊંડા અને અંધારા ખૂણામાં છુપાવવાનું શીખી લે છે. પોતાના દુઃખ કે મુશ્કેલીઓને હસતા મોઢે સહન કરી લેવી એ જ પુરુષ હોવાની પ્રાથમિક શરત માની લેવામાં આવી છે અને આ જ માનસિકતા તેમને પોતાની સાચી લાગણીઓ વ્યક્ત કરતાં અટકાવે છે.




સમાજ દ્વારા પુરુષો પર લાદવામાં આવેલી ભૂમિકાઓ પણ આ અચકાટનું એક મોટું કારણ છે. પુરુષને હંમેશાં પરિવારના 'રક્ષક' અને 'પોષક' તરીકે જોવામાં આવે છે. તેના પર પરિવારની આર્થિક, સામાજિક અને વ્યવહારિક સુરક્ષાનો ભારે બોજ હોય છે. આટલી બધી અપેક્ષાઓ વચ્ચે પુરુષને લાગે છે કે જો તે પોતે નબળો પડશે, જો તે પોતાની ચિંતાઓ કે ડર વિશે વાત કરશે, તો તેના પર નિર્ભર રહેલા લોકોનો વિશ્વાસ ડગમગી જશે. પરિણામે તે પોતાના મનમાં ચાલતા વિચારોનું વાવાઝોડું બહાર આવવા દેતો નથી. તે પોતાની જાતને એક એવા ઢાલ તરીકે રજૂ કરે છે જે ગમે તેટલી મુશ્કેલીઓ આવે તો પણ તૂટી શકતી નથી. આ પ્રક્રિયામાં તે ભૂલી જાય છે કે ઢાલ પણ આખરે તો ધાતુની બનેલી હોય છે અને સતત ઘા વાગવાથી તે પણ અંદરથી ક્ષીણ થઈ શકે છે.


લાગણીઓ વ્યક્ત ન કરવા પાછળનો બીજો એક મોટો ભય છે નિર્ણાયક દૃષ્ટિનો સામનો કરવો અથવા 'જજ' થવું. પુરુષને ઘણીવાર એ વાતનો ડર રહે છે કે જો તેઓ પોતાની નબળાઈ કે માનસિક તણાવ વિશે કોઈની સામે વાત કરશે તો લોકો તેમને અસમર્થ કે નબળા સમજી લેશે. ખાસ કરીને પોતાના કાર્યક્ષેત્રમાં કે મિત્રવર્તુળમાં પોતાની પ્રતિષ્ઠા ખોઈ બેસવાનો ભય તેમને સતત સતાવતો હોય છે. આપણી સંસ્કૃતિમાં પુરુષોને વાતચીત કરતી વખતે હંમેશાં તાર્કિક અને વ્યવહારુ રહેવાની તાલીમ મળે છે, ભાવનાત્મક નહીં. જ્યારે કોઈ પુરુષ ખૂલીને પોતાની ભાવનાઓ વ્યક્ત કરવા જાય છે ત્યારે તેને ઘણીવાર એવા પ્રતિસાદ મળે છે કે 'તું બહુ વિચાર ન કર' અથવા 'બધું ઠીક થઈ જશે.' આ પ્રકારના પ્રતિસાદોથી તેને એવું અનુભવાય છે કે તેની લાગણીઓને ગંભીરતાથી લેવામાં નથી આવી રહી, જેના કારણે તે ભવિષ્યમાં ક્યારેય ખૂલીને વાત ન કરવાનો નિર્ણય લઈ લે છે.

સ્વયં લાગણીઓને ઓળખવાની અને તેને યોગ્ય શબ્દો આપવાની ક્ષમતાનો અભાવ પણ એક અગત્યનું કારણ છે. નાનપણથી જ છોકરાઓને પોતાની લાગણીઓ સમજાવવાની તક બહુ ઓછી મળે છે. ક્રોધ કે ગુસ્સો એ જ એક માત્ર એવી લાગણી છે જેને પુરુષ માટે સામાજિક રીતે સ્વીકાર્ય માનવામાં આવી છે. તેથી જ જ્યારે કોઈ પુરુષ અંદરથી ઉદાસીનતા, ડર, ભય કે એકલતા અનુભવતો હોય છે ત્યારે તે એ લાગણીઓને યોગ્ય રીતે વ્યક્ત કરવાને બદલે ક્રોધ કે ચીડચીડાપણું દર્શાવવા લાગે છે. તેનો ગુસ્સો વાસ્તવમાં તેની છુપાયેલી લાચારી કે દુઃખનું જ એક રૂપ હોય છે. સાચી ભાવના શું છે તે ન ઓળખી શકવાને કારણે તે પોતાની અંદર મંથન જ કરતો રહે છે પણ સામેવાળી વ્યક્તિને કંઈ કહી શકતો નથી.

લાગણીઓને દબાવી રાખવાની આ પ્રવૃત્તિ પુરુષના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર અત્યંત ગંભીર અસરો છોડે છે. જે લાગણીઓ બહાર નથી આવતી તે અંદર જઈને માનસિક તણાવ, હાઈ બ્લડ પ્રેશર, હૃદયરોગ અને અનિદ્રા જેવી બીમારીઓનું રૂપ ધારણ કરે છે. માનસિક રીતે સતત પોતાની ભાવનાઓને દબાવી રાખવાથી પુરુષો અંદરથી એકલવાયા અને હતાશ થઈ જાય છે. તેઓ પોતાના નજીકના સંબંધીઓ, જીવનસાથી કે બાળકોથી પણ એક અદૃશ્ય અંતર બનાવી લે છે. સંબંધોમાં જ્યારે ભાવનાત્મક આપ-લે બંધ થઈ જાય છે ત્યારે સંબંધ માત્ર એક જવાબદારી બનીને રહી જાય છે. ઘરમાં બધાની વચ્ચે હોવા છતાં પુરુષ પોતાને એકલો અનુભવે છે, કારણ કે તેની અંદરનું સચ્ચાઈભર્યું તત્ત્વ કોઈ જોઈ શકતું નથી.

આ પરિસ્થિતિને બદલવા માટે સમાજ અને પરિવારના દૃષ્ટિકોણમાં મોટો બદલાવ આવવો જરૂરી છે. આપણે એ સ્વીકારવું પડશે કે પુરુષ પણ આખરે એક મનુષ્ય જ છે અને દરેક મનુષ્યને દુઃખ, ડર અને નબળાઈનો અનુભવ કરવાનો પૂરો હક છે. ઘરમાં એવું વાતાવરણ નિર્માણ થવું જોઈએ જ્યાં પુરુષ કોઈ પણ ભય કે સંકોચ વગર કહી શકે કે 'આજે હું થાકી ગયો છું' અથવા 'મને આ વાતનો ડર લાગે છે.' જીવનસાથી તરીકે સ્ત્રીએ પણ પુરુષની નબળાઈઓને તેની અસમર્થતા માનવાને બદલે તેને સહાનુભૂતિપૂર્વક સાંભળવી જોઈએ. જ્યારે એક પુરુષને એવો વિશ્વાસ બેસશે કે તેની લાગણીઓની કદર થશે અને તેને નબળો ગણવામાં નહીં આવે,ત્યારે તે ચોક્કસપણે પોતાના મનના દરવાજા ખોલશે.

આખરે પુરુષે પોતે પણ આ વાત સમજવી પડશે કે પોતાની ભાવનાઓ વ્યક્ત કરવી એ કોઈ નબળાઈ નથી, પરંતુ હિંમતની નિશાની છે. રડવું કે પોતાની તકલીફ કોઈની સામે મૂકવી એ પુરુષાર્થને ઓછો નથી કરતું, પણ મનને હળવું કરીને ફરીથી મજબૂતીથી ઊભા થવામાં મદદ કરે છે. પોતાના માનસિક સ્વાસ્થ્ય માટે અને પોતાના પ્રિયજનો સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે પુરુષોએ મૌનનું કવચ તોડીને પોતાની લાગણીઓને વાચા આપવી જ પડશે. જ્યારે પુરુષ પોતાની ભાવનાઓને સ્વીકારતો અને વ્યક્ત કરતો થશે ત્યારે જ તે સાચા અર્થમાં એક તંદુરસ્ત અને ખુશહાલ જીવન જીવી શકશે. ■



## ડિયર હની... તારો બન્ની

### પત્નીને પત્ર

કૌશિક મહેતા feedback@bombaysamachar.com

## બાહ્ય દેખાવને આટલું બધું મહત્ત્વ કેમ?

*ડિયર હની,*

*અભિનેત્રી દિયા મિર્ઝાએ એક મુલાકાતમાં જે વાત કરી એ સંદર્ભે મને સ્વામી વિવેકાનંદ યાદ આવી ગયા. એમનાં વસ્ત્રો પર ટિપ્પણી થઈ ત્યારે એમણે કહેલું : 'એક માણસનાં કપડાં તેના વ્યક્તિત્વનું નિર્માણ નથી કરતાં, પરંતુ તેના ચરિત્રના ઘડતરથી જ તે સાચો માણસ બને છે. વસ્ત્રો તો માત્ર શરીરને ઢાંકવાનું સાધન છે, જ્યારે ચરિત્ર એ આત્માનું પ્રતિબિંબ છે...'*

*વાત સાવ સાચી છે, પણ વાસ્તવિક દુનિયામાં અને પડદાની દુનિયામાં આ વાત કોઈ માનતું નથી. અભિનેત્રી દિયા મિર્ઝાએ એક ઇન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો છે કે એ ખૂબ યુવાન હતી અને બે સુંદરતાના ખિતાબ જીતી ચૂકેલી ત્યારે પણ તેના દેખાવમાં ફેરફાર કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. તેને હોઠ પર ઇન્જેક્શન લેવાની અને સ્તનોનો ઉભાર વધારવાની સલાહ આપવામાં આવી હતી... આવી સલાહ આપનારા લોકો મહિલાઓ નહીં, પરંતુ પુરુષો (ડાયરેક્ટર્સ કે પ્રોડ્યુસર્સ) હતા.*

*દિયાએ ચિંતા વ્યક્ત કરી હતી કે કેવી રીતે ફિલ્મ ઉદ્યોગમાં મહિલાઓને તેમના કુદરતી ફીચર્સ બદલવા માટે મજબૂર કરવામાં આવે છે. તેણે આને એક 'જાળ' ગણાવી છે, જેમાં મહિલાઓ સહજતાથી ફસાઈ જાય છે અને પોતાની જાતને તે જેવી છે તેવી સ્વીકારી શકતી નથી.*

*આવું માત્ર દિયા સાથે થયું એમ નથી. બોલિવૂડમાં આવા દાખલાઓનો પાર નથી. પ્રિયંકા ચોપરાએ તેની આત્મકથા 'અનફિનિશ્ડ'માં લખ્યું છે કે કારકિર્દીની શરૂઆતમાં એક ફિલ્મના નિર્દેશકે તેને શરીરના ચોક્કસ ભાગોમાં સર્જરી કરાવવાની સલાહ આપી હતી. તે સમયે તેને એવો આઘાત લાગ્યો કે તેણે તે ફિલ્મ છોડી દીધી હતી.*

*શિલ્પા શેટ્ટીએ પણ ઘણીવાર વાત કરી છે કે તેની કારકિર્દીની શરૂઆતમાં તેને તેના ડાર્ક કૉમ્પ્લેક્શન (શ્યામ વર્ણ) અને કાયાના આકારને લઈને ઘણી નકારાત્મક ટિપ્પણીઓ સાંભળવી પડી હતી. ઝરીન ખાને ઘણીવાર ઇન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે તેના વજનને કારણે સોશ્યલ મીડિયા પર અને ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં તેને ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો છે. તેને હંમેશાં તેના લુકને લઈને બૉડી શેમિંગનો શિકાર થવું પડ્યું છે.*

*અભિનેત્રી વિદ્યા બાલનને પણ તેની કારકિર્દી દરમિયાન તેના વજન અને ડ્રેસિંગ સેન્સને લઈને સતત નિશાન બનાવવામાં આવી છે. તેણે જાહેરમાં વાત કરી છે કે કેવી રીતે લોકો તેને સલાહ આપે છે કે તેણે શું પહેરવું જોઈએ અને તેનું વજન કેટલું હોવું જોઈએ. સોનાક્ષી સિન્હાએ પણ ઘણીવાર સ્વીકાર્યું છે કે ઇન્ડસ્ટ્રીમાં આવ્યા પહેલાં તેનું વજન ઘણું વધારે હતું. તેને દેખાવને કારણે ઘણી વાર રિજેક્શનનો સામનો કરવો પડ્યો હતો. તેણે આ દબાણને કારણે જ પોતાની જાતને સંપૂર્ણપણે બદલી નાખી હતી.*

*શ્રુતિ હાસને પણ ખૂલીને વાત કરી છે કે તેને હોઠ અને નાક વિશે ઘણી ટિપ્પણીઓ સાંભળવી પડી હતી, જેના કારણે તેણે કૉસ્મેટિક સર્જરીનો સહારો લીધો હતો. તેણે સોશ્યલ મીડિયા પર પણ ટ્રોલર્સને સણસણતો જવાબ આપીને જણાવ્યું હતું કે આ તેનો નિર્ણય છે અને બીજાએ તેના વિશે ટિપ્પણી કરવાની જરૂર નથી.*

*આ વાત માત્ર બોલીવૂડની જ નથી. સ્ત્રીઓ માટે જ આવા નિયમો છે. સામાન્ય માણસની જિંદગીમાં પણ આવું બનતું રહે છે. કોઈ છોકરા માટે છોકરી જોવાની વાત આવે તો પહેલાં એના લૂકને જ જોવામાં આવે છે. એનો રંગ કેવો છે, એના નાક નકશા કેવા છે એ વાત યોગ્ય હોય ત્યારે વાત આગળ વધે છે.*

*તને તો ખબર છે કે આ વાત સંબંધ પૂરતી નથી. લગ્ન થયા બાદ જો પત્નીનું શરીર વધી જાય તો પતિની ટીકા સાંભળવી પડે છે. ઘરના સભ્યો પણ મેણાં મારે છે. પુરુષ વિશે આવી ટિપ્પણીઓ ઓછી થાય છે. પુરુષ જરા શ્યામવર્ણો કે ઘઉંવર્ણો હોય તો ચાલી જાય છે, પણ સ્ત્રી માટે લાયકાતનાં ધોરણો બદલાઈ જાય છે. એ જ રીતે લગ્ન બાદ પુરુષનું શરીર વધે તો એને કોઈ ટોકતું નથી.*

*અહીં મને યાદ આવે છે આપણા વિખ્યાત લેખક તારક મહેતા. એમનાં પત્ની શરીરે સ્થૂળ હતાં. તારકભાઈ એમને પ્રેમથી 'જાડી' કહી બોલાવતા હતા. તમે જુઓ કે તારકભાઈની પ્રખ્યાત કૉલમ 'દુનિયાને ઊંધા ચશ્મા' આધારિત ટીવી સિરિયલ ચાલે છે અને એમાં અય્યર દંપતીમાં અય્યર વિજ્ઞાની છે અને એનો રંગ કાળો છે અને પત્ની બબીતા ગોરી છે અને એ રીતે હાસ્ય નીપજાવવાનો પ્રયત્ન થાય છે. ડૉક્ટર હાથીનું પાત્ર શરીરે સ્થૂળ છે. હાસ્ય સુધી તો વાત ઠીક છે પણ એ મજાક બને કે ટીકા-નિંદા બની જાય ત્યારે સમસ્યા શરૂ થાય છે.*


*સવાલ તો એ જ છે કે આપણે વ્યક્તિ છે એવો એને સ્વીકારી કેમ શકતા નથી? સ્વામી વિવેકાનંદની વાત ગાંઠે બાંધવા જેવી છે. જોકે પુરુષ માનસિકતા આડે આવે છે. એ ક્યારે દૂર થશે?*

*તારો બન્ની*

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## બીમારી નહીં, 'આરામ' દરદીને વધુ નુકસાનકર્તા છે...!




**ઘણી વાર** કેટલીક ખોટી માન્યતાઓ આપણા મનમાં ઘર કરી ગઈ હોય છે. એ માન્યતા પર ફક્ત આપણે જ નહીં, મોટા ભાગના લોકો વિશ્વાસ કરતા હોય છે, પણ ક્યારેક એ માન્યતા સાચી ન હોય તેવું પણ બને.

મોટેભાગે આપણે વૃદ્ધોને આરામ કરવાનું કહીએ અને એમાંય જો કોઈ વૃદ્ધ બીમાર હોય અને લાંબા સમય સુધી પથારીવશ હોય તો તેમનાં સંતાનો તેમજ સ્વજનો આરામ કરવાનું જ કહેશે.

આને લઈને આ અમારા વૉટ્સઍપ 'આવકાર' ગ્રુપમાં મને એક અનુભવી ડૉક્ટર દ્વારા રજૂ થયેલી વાત વાંચવા મળી. મને એ સાચી પણ લાગી. થયું કે, આ વાત વાચકો સુધી પહોંચાડવી જોઇએ.

ચોપન વર્ષીય ડો. સોંગ યુઆનમિંગ કહે છે, 'વૃદ્ધ વ્યક્તિ માટે પથારીમાં પડ્યા રહેવું સરળ હોય છે, પરંતુ ફરી ઊભા થવું અત્યંત મુશ્કેલ હોય છે. ઘણી વાર કોઈ રોગ માણસને મારતો નથી, પરંતુ લાંબા સમય સુધી પથારીમાં પડ્યા રહેવું તેને મારી નાખે છે...'

ડૉક્ટર સોંગને સત્તાવીસ વર્ષનો અનુભવ છે અને હજારો દર્દીઓની સારવાર તેમણે કરી છે. તેમણે સારવાર કરેલ એક વૃદ્ધ જેમને આપણે અહીં રમેશભાઈ કહીશું તેમની વાત કહે છે.

રમેશભાઈને બાથરૂમમાં પડી જવાને કારણે જાંઘના હાડકાનું ફ્રેક્ચર થયું. સર્જરી કરાવી, જે સફળ રહી. ત્રીજા દિવસથી ડૉક્ટરોએ તેમને વૉકરની મદદથી ચાલવાનું કહ્યું હતું, પરંતુ રમેશભાઈના દીકરાએ ના પાડી. દીકરાએ કહ્યું, 'પપ્પાની ઉંમર થઈ છે. ચાલવા જતાં ફરી પડી જશે તો શું થશે? તેથી તેમને આરામ કરા દો.'

ડૉ. સોંગ કહે છે : ' છેલ્લાં સત્તાવીસ વર્ષમાં મેં 'આરામ કરો' આ શબ્દ ઓછામાં ઓછા પાંચસો વખત સાંભળ્યા છે અને દરેક વખતે એ સાંભળતાં મારા શરીરે કંપારી ફરી વળી છે, કારણ કે એંશી વર્ષથી વધુ ઉંમરના લોકો માટે આ બે શબ્દો ઘણી વાર મૃત્યુ તરફ દોરી જતા હોય છે...'

રમેશભાઈએ તેમના પુત્રની વાત માની લીધી. ચાલવા માટે ઊભા થયા નહીં અને તે પથારીવશ જ રહ્યા. સાતમા દિવસે તેમને સખત તાવ આવ્યો અને સીટીસ્કૅન કરતાં તેમનાં ફેફસાંમાં ન્યુમોનિયા જોવા મળ્યો. અઢારમા દિવસે તેમને આઇસીયુમાં દાખલ કર્યા અને ત્રેવીસ દિવસે તેમનું અવસાન થયું. તેમનું મૃત્યુ ફ્રેક્ચરને કારણે કે શસ્ત્રક્રિયાની જટિલતાને કારણે નહોતું થયું, તેમનું મૃત્યુ લાંબા સમય સુધી પથારીમાં રહેવાને કારણે થયેલા ન્યુમોનિયાના કારણે થયું હતું. હાડકું તો સારું થઈ ગયું હતું, પરંતુ ફેફસાં પથારીમાં રહેવાને કારણે નિષ્ફળ થઈ ગયાં હતાં.

ડૉ. સોંગ તેમના બીજા એક દર્દી વિશે વાત કરતા કહે છે, ૭૮ વર્ષીય એક વૃદ્ધ 'સુરેશભાઈ'ને પક્ષાઘાત એટલે કે સ્ટ્રોક આવ્યો. તેના દસ દિવસ પછી સ્થિર સ્થિતિમાં આવ્યા હતા. મેં તેમની દીકરીને કહ્યું કે હવે સૌથી મહત્ત્વની બાબત પુનર્વસન છે. મેં તેમને સમજાવ્યું કે દર્દીને દિવસમાં ઓછામાં ઓછા બે વખત ત્રીસ મિનિટ સુધી બેસાડો, શક્ય હોય તો ઊભા કરો અને થોડું ચલાવો. પુત્રી ખૂબ સેવાભાવી હતી અને ચોવીસ કલાકની સંભાળ માટે એક કૅરટેકર પણ રાખ્યો હતો. ભોજન, દવા, સ્નાન, ડાયપર બધું જ યોગ્ય રીતે થતું હતું, પણ એક વસ્તુ નહોતી થતી : દર્દીને ચલાવવામાં જ આવતા ન હતા , કારણ કે પુત્રીને ડર લાગતો હતો કે ચલાવવાથી તેમને દુખશે, થાકી જશે કે પછી પડી જશે. જ્યારે કૅરટેકર સુરેશભાઈને બેસાડવાનો પ્રયત્ન કરતો ત્યારે દીકરી કહેતી જબરદસ્તી ન કરો અને તેમને આરામ કરવા દો. ત્રણ મહિના પછી તેમનો બીજો પગ પણ નિષ્ક્રિય થઈ ગયો, જે બીજો સ્ટ્રોક ન હતો, પરંતુ લાંબા સમય સુધી પથારીમાં રહેવાથી સ્નાયુઓનું ઝડપી ક્ષીણ થવું એટલે કે મસલએટ્રોફી થયું હતું. લાંબા સમય સુધી પથારીમાં રહેવાથી દર અઠવાડિયે દોઢથી ત્રણ ટકા સ્નાયુ નષ્ટ થાય છે. ત્રણ મહિનામાં લગભગ ચાલીસ ટકા સ્નાયુઓ ઘટી જાય છે. પરિણામ એ આવ્યું કે તે સંપૂર્ણ અશક્ત બની ગયા. હજુ ઊભા રહી શકે એ સ્થિતિમાંથી તે હવે ક્યારેય ઊભા નહીં રહી શકે એવી સ્થિતિમાં મુકાઈ ગયા

અન્ય એક ઘટના વર્ણવતાં ડૉ. સોંગ કહે છે : 'મનીષભાઈની હિપ રિપ્લેસમેન્ટ સર્જરી થઈ હતી. તેમનો દીકરો હવે શું કરવાનું છે તે સમજવા માટે આવ્યો. મેં તેને જણાવ્યું કે પ્રથમ દિવસે ઘૂંટણ અને પગની કસરત દર કલાકે વીસ વખત કરાવવી ને બીજા દિવસે પગ ઊંચા કરવાનો વ્યાયામ કરવાનો. ત્રીજા દિવસે વૉકરની મદદથી બે મિનિટ ઊભા રહેવું. પાંચમા દિવસે ચાર વખત દસ પગલાં ચાલવું. આ કસરતોથી તેમને દુખાવો થતો હતો. ત્રીજા દિવસે ઊભા રહેતાં તેમને પરસેવો થઈ ગયો હતો અને હોઠ સફેદ પડી ગયા હતા, પણ દીકરાએ તેમને આરામ કરવાનું ન કહ્યું. તેણે માત્ર એટલું જ કહ્યું 'પપ્પા, માત્ર ત્રીસ સેકન્ડ ઊભા રહો. મેં ટાઇમર લગાવ્યો છે.' મનીષભાઈએ દાંત ભીંસીને ત્રીસ સેકન્ડ પૂરા કર્યા અને એ જ ત્રીસ સેકન્ડ તેમના જીવનની સૌથી અસરકારક દવા બની ગયા. ચૌદમા દિવસે તે પોતાના પગે ચાલીને વૉર્ડની બહાર આવ્યા. ધીમે ધીમે પણ તે પોતાના પગે ચાલી શક્યા અને પછી સંપૂર્ણ સાજા થઈ ગયા...'

ડૉ. સોંગના મતે બે અઠવાડિયાંથી વધારે પથારીમાં રહેવું એટલે સ્નાયુઓનો ઝડપી ક્ષય થવો. પથારી આરામ નહીં, પણ વિનાશની શરૂઆત બની શકે છે. સર્જરી પછીના પ્રથમ બોત્તેર કલાક સુવર્ણ સમય હોય છે. આ સમય દરમિયાન હલનચલન શરૂ થાય છે કે નહીં તેના પર આગળનું જીવન નિર્ભર રહે છે.

ડૉ. સોંગ એક સોનેરી સલાહ આપે છે, 'દર્દીનું દરેક કામ આપણે જ કરી આપવું એ ખોટો સેવાભાવ છે. સાચી સેવા એટલે દર્દીને ફરી ઊભા કરવાનો પ્રયાસ કરવો. પોતાના પગે ચાલીને શૌચાલય સુધી જવું એ વૃદ્ધો માટે સૌથી વધુ જરૂરી બાબત છે.

અહીં એક વાત નોંધવી જરૂરી છે. દરેક દર્દીની પરસ્થિતિ અલગ હોય છે. સર્જરી, સ્ટ્રોક અથા ગંભીર રોગ પછી હલનચલન શરૂ કરવાનો નિર્ણય હંમેશાં દર્દીની સારવાર કરતા ડૉક્ટરની સલાહ મુજબ જ લેવો જોઈએ.

તમે દર્દી હો તો અહીં આ વાંચીને પાછા તમારા ડૉક્ટરને પૂછ્યા વિના ચાલવા ના માંડતા...! ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/CqBm0w0oHjE
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

મુંબઈ સમાચાર
લાડકી

# મેં જ ફિલ્મી દુનિયાથી છેડો ફાડી નાખ્યો

(ભાગઃ ૨)

**નામઃ સુધા મલ્હોત્રા**
સમયઃ ૨૦૨૬
સ્થળઃ મુંબઈ
ઉંમરઃ ૮૯ વર્ષ

એક વ્યક્તિ જ્યારે કારકિર્દીનાં પગથિયાં ચઢી રહી હોય અને એક ઉજ્જવળ ભવિષ્ય એની પ્રતિક્ષા કરી રહ્યું હોય ત્યારે એક અફવા કેવી રીતે એનું જીવન રોળી શકે એનો હું સૌથી મોટો દાખલો છું. ૧૯૫૯નું વર્ષ મારી કારકિર્દીનું સુવર્ણ વર્ષ હતું. એ વર્ષે મેં ઉત્તમ પ્લેબૅક સિંગિંગનાં ગીતો રેકૉર્ડ કર્યાં, જેમાંનાં મોટાભાગનાં સાહિર લુધિયાનવીએ લખેલાં હતાં. સાહિરજી પાસે ગીત લખાવવા આવતા એ સંગીતકારોને સાહિરજી મારી પાસે ગવડાવવાનો આગ્રહ કરતા... આમાંથી કેટલાક સંગીતકારો મારી પાસે આવ્યા ને કેટલાક લતાજીના નજીકના મિત્રો હોવાને કારણે એમણે આ માહિતી લતાજી સુધી પહોંચાડી. સાહિરજી મારી ભલામણ કરતા એમાં કોઈ અંગત કારણ નહોતું. એમને મારો અવાજ ગમતો ને કદાચ એમનાં ગીતના શબ્દોને હું વધુ સારી રીતે સમજતી હતી એવું એમને લાગતું હશે!



**કથા કોલાજ**
**કાજલ ઓઝા-વૈદ્ય**
feedback.ladki@bombaysamachar.com

અનિલ બિશ્વાસ સાથે મારું પહેલું ગીત રેકૉર્ડ થયું એ પછી જ સાહિરજી સાથે મારી મિત્રતા ગાઢ થઈ. એ રોજ સવારે ૧૦ વાગ્યે ચા પીતી વખતે મને ફોન કરતા. એ મોડા ઊઠતા જ્યારે હું અર્લી રાઇઝર મૉર્નિંગ પર્સન છું. વહેલી સવારે ઊઠીને રિયાઝ કરવો મને ગમે એટલે સાહિરજીનો ફોન આવે ત્યારે તો હું નાહી ધોઈને પરવારી ગઈ હોઉ. ફિલ્મી દુનિયાની ગૉસિપથી શરૂ કરીને એમણે લખેલી નવી કવિતા સંભળાવવા સુધીની અનેક વાતો અમારી વચ્ચે થતી. એ ક્યારેક અમ્રિતાજીને પણ યાદ કરતા. એમના દિલ્હીના કિસ્સા સંભળાવતા. એમના બાળપણ અને અમ્મી વિશે પણ ઘણી વાર વાતો કરતા. આમાં કોઈ 'અફેર' જેવી વાત નહોતી, પરંતુ જે સંગીતકારો મારી વિરુદ્ધ હતા અથવા જેમને મારી વિરુદ્ધ કરવામાં આવ્યા હતા એમણે એમના પત્રકાર મિત્રો સાથે મળીને અમારા અફેરની અફવા ઉડાડી. મને કામ સાહિર લુધિયાનવીને લીધે નહોતું મળતું. મારી ટૅલેન્ટ અને મારા અવાજને કારણે મળતું હતું.

પ્લેબૅક સિંગિંગ તો બહુ મોડું આવ્યું. હું છ વર્ષની ઉંમરે સ્ટેજ પર ગાતી હતી ત્યારે ગુલામ હૈદર નામના જાણીતા સંગીતકારે મને સાંભળી. ગણપતિ ઉત્સવના એ કાર્યક્રમમાં ગુલામ હૈદર મહેમાન હતા. એમણે મને ગાતી સાંભળીને મારા પિતાને કહેલું, 'આ છોકરીને સંગીતની તાલીમ અપાવો. એ ખૂબ જ પ્રગતિ કરશે. ઇન્સા અલ્લાહ એક દિવસ આ દુનિયા એનો અવાજ સાંભળશે.' મારા પિતા આધુનિક વ્યક્તિ હતા. મારે બે ભાઈ અને એક બહેન હતાં. પારિવારિક સંબંધો ખૂબ ગાઢ રાખતા. મારી બુઆ, મારા મામા અને એમના ભાઈઓ સાથે એ ઇમોશનલી જોડાયેલા હતા. જ્યારે ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે પંજાબના એ ગામમાંથી અમારે ઉચાળા ભરવા પડ્યા. લાહોરની નજીકના એ ગામથી અમે સૌ પગપાળા, ટ્રકોમાં લિફ્ટ લઈ લઈને ભોપાલ પહોંચ્યા. મારા પિતા એમના ત્રણ ભાઈ બહેનો, પત્ની, મા, સાળો અને બાળકો સાથે પરિવારને ટકાવવાનો સંઘર્ષ કરતા હતા. ભોપાલથી અમે ફિરોઝપુર આવ્યાં.

ફિરોઝપુરમાં એક જાહેર કાર્યક્રમમાં મેં ગીત ગાયું જ્યાંથી મારી પ્રતિભાનો પ્રારંભ થયો એમ કહું તો ખોટું નથી... મારા પિતાએ સંગીતમાં મારો રસ જોઈને આગ્રા યુનિવર્સિટીમાં સંગીતના વિષયમાં સ્નાતકની ડિગ્રી લેવાની મને છૂટ આપી. હું બીએ વિથ મ્યુઝિક છું. માત્ર ઉસ્તાદો પાસેની તાલીમ નહીં, બલ્કે સંગીતનું વ્યવસ્થિત પ્રશિક્ષણ લીધા પછી મેં જાહેરમાં ગાવાનું શરૂ કર્યું. અમારી કૉલેજના ટૅલેન્ટ કાર્યક્રમમાં સંગીતકાર અનિલ બિશ્વાસ મહેમાન તરીકે આવ્યા હતા. એમણે મારો અવાજ સાંભળ્યો અને પહેલી ફિલ્મ ઑફર કરી. ત્યારથી મારી કારકિર્દીએ ઉડાન ભરી!

૧૯૬૦ની શરૂઆતના દિવસોમાં જ્યારે આ અફવા ઉડી એ પહેલાં હું ખૂબ જ સુંદર ગીતો ગાઈ ચૂકી હતી. માત્ર પ્લેબૅક સિંગિંગ તરીકે નહીં, બલ્કે મ્યુઝિક ડિરેક્ટર તરીકે પણ મેં કેટલાંક ગીતો બનાવ્યાં. જેમાં, 'તુમ મુઝે ભૂલ ભી જાઓ' પણ મહત્ત્વનું કૉમ્પોઝિશન છે. અમે જ્યારે 'દીદી' ફિલ્મનાં ગીતો રેકૉર્ડ કરતાં હતાં ત્યારે એન. દત્તા બીમાર પડ્યા, રેકૉર્ડિંગ કરવું જ પડે એમ હતું. સાહિરજીએ આગ્રહ કર્યો કે મારે એ ગીતનું કૉમ્પોઝિશન કરીને અરેન્જમેન્ટ સાથે રેકૉર્ડ કરી લેવું. હું દત્તા સાહેબ પાસે પરવાનગી લેવા હૉસ્પિટલ ગઈ. એમણે પૂર્ણ સ્નેહ સાથે મારા માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. અમે એ દિવસે આ ગીત રેકૉર્ડ કર્યું જે મારે માટે જીવનનો અદ્‌ભુત અનુભવ હતો. એ પછી મેં ઘણાં ગીતો કમ્પોઝ કરીને રેકૉર્ડ કર્યાંય જોકે મને ક્યારેય ક્રેડિટ મળી નહીં ને લેવામાંય રસ નહોતો. મારે માટે સંગીત જ સૌથી મહત્ત્વની બાબત હતી. એવી જ રીતે એક પ્રસંગ અત્યારે યાદ આવે છે, 'બરસાત કી રાત'ની ઐતિહાસિક કવ્વાલી 'ના તો કારવાં કી તલાશ હૈ'નું રેકૉર્ડિંગ ખૂબ જ લાંબુ અને મુશ્કેલ હતું. ૧૬ મિનિટ જેટલી લાંબી આ કવ્વાલીમાં અનેક ગાયકોનો અવાજ હતો. મહોમ્મદ રફી, મન્ના ડે, આશા ભોંસલે, એસ.ડી. બાતિશ સહિત હું પણ આ ગીતના રેકૉર્ડિંગમાં હતી. સંગીત રોશન સાહેબે આપ્યું હતું. એ સમયે આજના જેવી ડિજિટલ વ્યવસ્થા નહોતી. સહુ કલાકારોએ સાથે મળીને વાદકો સાથે સંયોજન કરીને રેકૉર્ડિંગ કરવું પડે. આજે સંગીત અલગથી રેકૉર્ડ થાય છે-સંગીતમાં પણ જુદાં જુદાં વાદ્યો ભિન્ન ભિન્ન રીતે રેકૉર્ડ કરવાની ડિજિટલ સંગીત અને ૧૬થી ૩૨ ટ્રેક અલગ અલગ રેકૉર્ડ થઈ શકે એવી વ્યવસ્થા છે ત્યારે રેકૉર્ડિંગની ટેક્નૉલૉજી અત્યંત બેઝિક હતી. અઘરું રેકૉર્ડિંગ કરવું હોય તો વિદેશ જવું પડે જે ઘણું મોંઘુ પડે એટલે રોશન સાહેબે (રિતીક રોશનના દાદા) રિહર્સલ કરાવ્યાં. લગભગ ૧૦ દિવસના રિહર્સલ પછી અમે રેકૉર્ડિંગ શરૂ કર્યું. સવારે પાંચ વાગ્યે શરૂ થયેલું રેકૉર્ડિંગ બીજે દિવસે સવારે સાડાસાત વાગ્યે પૂરું થયું. ભારતીય સિનેમાના ઇતિહાસની, આ બહેતરીન કવ્વાલી જ્યારે અમે સવારે સાંભળી ત્યારે સૌની આંખોમાં આંસુ હતાં. રોશન સાહેબનાં અનેક અદ્‌ભુત ગીતોની સાથે આ કવ્વાલીએ એમને અમર કરી દીધા.

ફરી પાછા ત્યાં જ આવીએ, 'બ્લિટ્સ'ના સમાચાર છપાયા એ દિવસે મેં એમને એક પત્ર લખ્યો. મારા વકીલની નોટિસ સાથે એ પત્ર જ્યારે એમને મળ્યો ત્યારે એમને સમજાયું કે જાહેર સમારંભમાં સાથે પાડેલા ફોટોગ્રાફ્સ 'અફેરનો પુરાવો' ન હોઈ શકે! મારા વકીલે માનહાનિનો દાવો કર્યો એટલું જ નહીં, આર.કે. કરંજિયાએ માફી માગી.

જોકે મારા પિતાજીએ એ પછી મને પ્લેબૅક સિંગિંગ કરવાની ચોખ્ખી ના પાડી દીધી. મારી સગાઈ થઈ ગઈ અને બે જ મહિનામાં 'શિકાગો રેડિયો' નામની ઇલેક્ટ્રૉનિક્સ બનાવતી મોટી કંપનીના માલિક ગિરધર મોટવાણી સાથે મારાં લગ્ન થઈ ગયાં. લગ્ન પછી ગિરધરજીએ મને કોઈ દિવસ કામ કરવાની ના નથી પાડી, પરંતુ મેં મારા કુટુંબજીવન અને લગ્નજીવનને પ્રાધાન્ય આપવાનું નક્કી કર્યું. હું સમજી ગઈ હતી કે ફિલ્મી દુનિયામાં કામ કરવું હોય તો આવી અફવાઓથી ટેવાઈ જવું પડશે. મારા પતિ અત્યંત પ્રાઇવેટ પ્રકારના માણસ છે. જો આવી અફવા ઉડે તો એમના પરિવારની પ્રતિષ્ઠાને પણ હાનિ પહોંચે એટલે સમજી-વિચારીને મેં જ ફિલ્મી દુનિયાથી છેડો ફાડી નાખ્યો.

એ પછી ૧૯૮૨માં જ્યારે રાજ કપૂર પોતાની ફિલ્મ 'પ્રેમરોગ' બનાવતા હતા ત્યારે એમણે મારો સંપર્ક કર્યો. ઘણો આગ્રહ કરીને એમણે મારી પાસે 'યે પ્યાર થા યા કુછ ઔર થા...' ગવડાવ્યું. લગભગ બે દાયકા પછી મેં ગાયેલું એ ગીત ખૂબ જ પ્રસિદ્ધ થયું અને લોકોએ વખાણ્યું ત્યારે મને ખૂબ સંતોષ થયો. મારે માટે પ્લેબૅક સિંગિંગ મહત્ત્વનું નહોતું, સંગીત મહત્ત્વનું હતું જે આજે પણ છે. ■

---

**ટીના દોશી**
feedback.ladki@bombaysamachar.com

ટપાલ ટિકિટમાં અનોખી નારી

# ખૂબ લડી મર્દાનીઃ રાણી લક્ષ્મીબાઈ

નામ : રાણી લક્ષ્મીબાઈ
ઓળખ : સ્વતંત્રતા સેનાની
ટપાલ ટિકિટ બહાર પડીઃ ૧૫.૮.૧૯૫૭, ૯.૫.૧૯૮૮
ટિકિટનું મૂલ્યઃ ૧૫ પૈસા, ૬૦ પૈસા

***બુન્દેલે હરબોલોં કે મુંહ હમને સુની કહાની થી***
***ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી***

કવયિત્રી સુભદ્રાકુમારી ચૌહાણે આ પંક્તિઓ કોને અંજલિ આપવા રચી છે એ કહેવાની જરૂર ખરી?

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ. ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં અમર થઈ ગયેલું ઝળહળતું નામ. નામ એ જ ઓળખ. આકાશમાં ઝગમગતા સૂરજ અને ચાંદનો પરિચય આપવો પડે તો લક્ષ્મીબાઈની ઓળખાણ આપવાની જરૂર ઊભી થાય. ભારતના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ ગણાતા ૧૮૫૭ના વિદ્રોહમાં અંગ્રેજો વિરુદ્ધ અભિયાન ચલાવનાર શૂરવીર વીરાંગના એટલે રાણી લક્ષ્મીબાઈ! ભારત સરકારે ૧૫ ઑગસ્ટ ૧૯૫૭ના રાણીની સ્મૃતિમાં ૧૫ પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડેલી. ત્યાર બાદ ૯ મે ૧૯૮૮ના રોજ સાઠ પૈસાની ટપાલ ટિકિટ રાણીની સ્મૃતિમાં બહાર પાડી હતી.

લક્ષ્મીબાઈનું મૂળ નામ મણિકર્ણિકા. જન્મ કાશીમાં, સંવત ૧૮૧૧ના કારતક મહિનામાં કૃષ્ણ પક્ષની ચૌદસે, ૧૭ નવેમ્બર ૧૮૩૫ના. પિતા મોરોપંત તાંબે. માતા ભાગીરથીબાઈ. પેશવાઈ સાથેના સંબંધને કારણે મોરોપંતની દીવાનગીરી ચાલતી. ૧૮૧૮માં અંગ્રેજોએ પેશવાઈ સમાપ્ત કરી. પેશ્વા બાજીરાવ બીજા પુણે છોડીને બિઠુર ચાલ્યા ગયા. એમના ભાઈ ચીમાજી અપ્પાએ કાશીનિવાસ પસંદ કર્યો. ચીમાજીના કહેવાથી મોરોપંત પણ પત્ની સાથે કાશી જઈ વસ્યા. કાશીમાં ભાગીરથીની કૂખે કન્યારત્નનો જન્મ થયો ત્યારે ગંગાના ઘાટને નામે એનું નામ મણિકર્ણિકા રખાયું. લાડથી સહુ એને મનુ કહેતા. જોકે મનુ હજુ પા પા પગલી માંડતાં શીખી જ હતી કે ભાગીરથીનું મૃત્યુ થયું. મોરોપંત કાશી છોડીને બિઠુર બાજીરાવ બીજાને ત્યાં પહોંચ્યા. નાનકડી મનુ બાજીરાવની લાડકી બની ગઈ. મનુની બાળસહજ પ્રતિભાથી એનું નામ બીલી પડ્યું અને બીલીમાંથી છબીલી.



બાજીરાવના દત્તક પુત્ર એ નાનાસાહેબ. મનુ અને નાના વયમાં સરખેસરખાં. બંનેમાં ભાઈબહેન જેવો પ્રેમ. બંને સાથે હસતાંખેલતાં અને શસ્ત્રો ચલાવવાની તાલીમ લેતાં. મનુને તલવારબાજી, બંદૂક ચલાવવી અને ઘોડેસવારી પ્રિય. ૧૮૪૨માં મનુ અને ઝાંસીના મહારાજ ગંગાધરરાવના રંગેચંગે વિવાહ થયાં. ચિત્રાને અર્જુન કો પાયા, શિવ સે મિલી ભવાની થી! વિવાહ થતાંની સાથે જ મનુનું નામાભિધાન થયું.

વિવાહના કેટલાક મહિનાઓ બાદ રાણી લક્ષ્મીબાઈએ ઝાંસીના વારસદારને જન્મ આપ્યો. મંગળવાજાં શાંત થાય ત્યાં તો ત્રણ માસમાં જ પુત્રનું અવસાન થયું. નિઃસંતાન ગંગાધરરાવે પોતાના એક સંબંધી વાસુદેવરાવ નેવાલકરના પાંચ વર્ષના પુત્ર આનંદરાવને દત્તક લીધો. એનું નામ દામોદરરાવ રાખ્યું. ૨૧ નવેમ્બર ૧૮૫૩ના ગંગાધરરાવ સ્વર્ગે સિધાવ્યા.

અંગ્રેજોએ ઝાંસી કબજે કરવાનો દાવ ખેલ્યો. દામોદરરાવને દત્તક તરીકે સ્વીકારવાનો ઇનકાર કરી દીધો. ઝાંસીને ખાલસા કરીને અંગ્રેજ સરકારે ૧૩ માર્ચ ૧૮૫૪ના જાહેરનામું બહાર પાડ્યું કે ઝાંસીની સર્વે પ્રજાએ, 'આપણે બ્રિટિશ સરકારના અમલમાં છીએ' એમ સમજીને, મેજર એલીસને મહેસૂલ ભરવું. મેજર એલીસે ખુદ આ જાહેરનામું વાંચી સંભળાવ્યું ત્યારે તત્કાલીન બુંદેલી બોલીમાં રાણી લક્ષ્મીબાઈએ લલકાર કર્યોઃ મેરા ઝાંસી દેઉંગા નહીં... મેરી ઝાંસી નહીં દૂંગી!

પણ રાણીનું કાંઈ ન ચાલ્યું. એણે ઝાંસીનો કિલ્લો છોડવો પડ્યો. રાણીએ નગરમાં આવેલા રાજમહેલમાં નિવાસ કર્યો. હવે રણમેદાન લક્ષ્મીબાઈનું કાર્યક્ષેત્ર બની ગયું. રાણી સ્ત્રીના પોશાકમાં નહીં, પુરુષવેશે ઘોડા પર બેસીને સવારી કરતી, નિશાનબાજી લગાવતી... પુરુષવેશે રાજરાણી બરાબર શોભતી. માથા પર લોખંડી ટોપો, કંચુકી પર બાંધેલું અંગરખું અને પાયજામા પર હથિયાર માટેનો પટ્ટો, બંને હાથમાં બંદૂક અને કેડ પર તલવાર! દરમિયાન અંગ્રેજોએ ગાય-ડુક્કરની ચરબીવાળા કારતૂસોને મુદ્દે ચિનગારીની જ્વાળા પ્રગટી. જોતજોતામાં સમગ્ર રાષ્ટ્રમાં અગનજ્વાળા ફેલાઈ. ઝાંસીમાં પણ! દરમિયાન વિદ્રોહીઓએ કરેલા જોરદાર આક્રમણને પગલે અંગ્રેજોએ ઝાંસીમાંથી પોબારા ગણ્યા. રાણી લક્ષ્મીબાઈએ ફરી સત્તાનાં સૂત્રો સંભાળી લીધેલાં.

અંગ્રેજ સરકારે ઝાંસી કબજે કરવા તેમના સૌથી કુશળ સેનાપતિ સર હ્યુ રોજને મોકલ્યો, પણ ઝાંસી એ કાંઈ નધણિયાતું ખેતર નહોતું કે એમ ભેળાઈ જાય. એ તો વીર રાણીનું હતું. વીરાંગના લક્ષ્મીબાઈએ યુદ્ધની તૈયારીઓ આરંભી. ૨૩ માર્ચ ૧૮૫૭ના યુદ્ધ આરંભાયું. રાણીએ લગભગ તેર તેર દિવસ સુધી અંગ્રેજ લશ્કરને હંફાવ્યું. પણ ૫ એપ્રિલ ૧૮૫૭ના ઝાંસી પર અંગ્રેજોએ કબજો કરી લીધો.

જોકે રાણી લક્ષ્મીબાઈ અંગ્રેજોની આંખમાં ધૂળ નાખીને કાલ્પી પહોંચી ગઈ. હ્યુ રોજે રાણીનો પીછો પકડ્યો. અંતે કાલ્પી પણ ગયું. રાણી છૂમંતર. કાલ્પીથી ગ્વાલિયર. ગ્વાલિયરમાં અંગ્રેજો સાથે મળેલા જયાજીરાવ સિંધિયા રાણીની સામે રણભૂમિમાં ઊતર્યા, પણ રાણીના સૈનિકો સ્વતંત્રતાને સમર્પિત હતા, સિંધિયાના સિપાહીઓ ભાડૂતી હતા. પરિણામે ખુદ જયાજીરાવે મેદાન છોડીને ભાગવું પડ્યું.

અંગ્રેજોએ ગ્વાલિયરને ઘેરો ઘાલ્યો. ૧૭ જૂન ૧૮૫૭ના મહાસંગ્રામ શરૂ થયો. રાણી લક્ષ્મીબાઈ તેના થનગનતા અશ્વ ઉપર સવાર થઈને ખુલ્લી તલવાર સાથે સૈનિકોને પાનો ચડાવતી રહી. બીજે દિવસે રાણી સેનાપતિના વેશમાં સજ્જ થઈ. રણબાંકુરાના વેશમાં સજ્જ રાણીને નજરે જોનાર લંડન ટાઇમ્સના સંવાદદાતાએ રાણીનું વર્ણન કરતાં નોંધ્યું કે 'આ સ્ત્રીનું તેજ આશ્ચર્ય પમાડે તેવું હતું. માથે બત્તીની પાઘડી, બદન પર અંગરખું, પાયજામો, કાનમાં કુંડળ, કંઠે મોતીની માળા અને હાથમાં ચમકતી તલવાર, અશ્વારોહી રાણીનો અશ્વ પણ તેજીલો હતો...' આ અશ્વ રાણીનો પોતાનો નહોતો, કેમ કે તે ઘાયલ થયેલો. રાણી બીજા ઘોડા પર સવાર થયેલી. અંગ્રેજ સૈન્યના મોરચાને ભેદીને રાણીનો ઘોડો ધસમસતો આગળ વધી રહેલો, પણ વચ્ચે પાણીનું ગરનાળું આવ્યું તો ત્યાં થોભી ગયો.

પાછળ અંગ્રેજ ઘોડેસવારો અને અહીં અશ્વનું થોભી જવું! રાણીએ એડી મારી, ડચકારો કર્યો, થાબડ્યો અને નાળું કૂદી જવા પ્રેરિત કર્યો પણ અશ્વ એક ડગલુંય આગળ વધ્યો નહીં. એટલામાં અંગ્રેજો આવી પહોંચ્યા. એક સૈનિકે તલવાર વીંઝી. રાણીના દેહનો એક ભાગ ક્ષતવિક્ષત થયો. એક આંખ પણ નીકળી ગઈ. છતાં વીરાંગના લક્ષ્મીબાઈ અંતિમ શ્વાસ સુધી લડતી રહી. અંતે એક ચમકતો સિતારો ખરી પડ્યો. દેશની સ્વતંત્રતા માટે પ્રાણની આહુતિ આપનાર રાણી લક્ષ્મીબાઈને શ્રદ્ધાંજલિ આપતાં સુભદ્રાકુમારીએ સાચું જ લખ્યું છે કે,

***તેરા સ્મારક તૂ હી હોગી તૂ ખુદ અમિટ નિશાની થી***
***ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી.*** ■

---

**ઉડાન**
**મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી**
**શ્વેતા જોષી અંતાણી**
feedback.ladki@bombaysamachar.com

# બહાર સમજુ... ઘરમાં અણસમજુ?!



અઢાર વર્ષની અન્વી માટે છેલ્લાં બે વર્ષ જાણે સિદ્ધિઓની હારમાળા લઈને આવ્યાં હતાં. બારમા ધોરણમાં શાનદાર પરિણામ, રમતગમતમાં રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ અને રાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ ઊભી કરવામાં સફળતા... આ બધાએ એને આત્મવિશ્વાસથી ભરી દીધેલી. હવે એનું આગામી લક્ષ્ય હતું એક પ્રતિષ્ઠિત સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરવાનું.

અન્વી મહેનતુ હતી, શિસ્તબદ્ધ હતી અને પોતાના ભવિષ્ય અંગે અત્યંત ગંભીર પણ હતી, પરંતુ છેલ્લા કેટલાક મહિનાથી એની મમ્મી નંદિનીને લાગતું હતું કે અન્વી જેટલી બહારની દુનિયા માટે સમજદાર બની રહી હતી, એટલી જ ઘરની ચાર દીવાલ વચ્ચે અધીરી બનતી જતી હતી.

'અન્વી, નાસ્તો કરી લે. નવ વાગ્યાનો ક્લાસ છેને?'

'મમ્મી, મને ખબર છે!'

'પણ સાડાઆઠ થઈ ગયા એટલે'

'પ્લીઝ, મમ્મી! એકની એક વાત કેટલી વાર કહીશ?'

નંદિની ચૂપ થઈ જતી.

થોડી મિનિટ પછી અન્વીની મિત્રનો ફોન આવતો. 'હા બોલને જાનવી... અરે ના યાર, કંઈ પ્રૉબ્લેમ નથી. તું આરામથી કહે. હું સાંભળું છું.' નંદિનીને ક્યારેક નવાઈ લાગતી. જે દીકરી પાસે પોતાની મિત્રની એક જ વાત અડધો કલાક સાંભળવાની ધીરજ હતી એની પાસે મમ્મીનાં બે વાક્ય સાંભળવાનો સમય કેમ નહોતો?

નંદિનીએ ક્યારેય અન્વીની સફળતાને નાની નહોતી ગણી. એને ખબર હતી કે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી સરળ નથી. અન્વીની રમતની પ્રૅક્ટિસ પણ ચાલુ હતી. અભ્યાસ, ક્લાસ, ટેસ્ટ, પ્રૅક્ટિસ... એની પોતાની એક લડાઈ હતી. એટલે નંદિની ઘણી વાતો મનમાં જ રાખતી.

અન્વી મોડે સુધી ભણે તો ટેબલ પર દૂધ મૂકી આવે. સવારે પ્રૅક્ટિસ હોય તો વહેલી ઊઠીને નાસ્તો બનાવે. એની સ્પોર્ટ્સ કિટથી લઈને પરીક્ષાના જરૂરી ડૉક્યુમેન્ટ સુધી દરેક વસ્તુનું ધ્યાન રાખે. અને કદાચ ત્યાં જ અજાણતાં એક ભૂલ થઈ ગયેલી. અન્વીને લાગવા લાગ્યું હતું કે આ બધું તો મમ્મીએ કરવાનું જ હોય. એક સવારે અન્વી પ્રૅક્ટિસ માટે નીકળવાની તૈયારી કરતી હતી :

'મમ્મી! મારું બ્લૂ ટી-શર્ટ ક્યાં છે?'

'તારા કબાટમાં હશે.'

'નથી!'

'બરાબર જો.'

થોડી વાર પછી અન્વી ગુસ્સામાં બહાર આવી.

'તું મારી વસ્તુઓ સરખી જગ્યાએ કેમ નથી રાખતી'

નંદિનીએ આશ્ચર્યથી તેની સામે જોયું :

'તારી વસ્તુઓ?'

'હા, તો?'

'અન્વી, તારું ટી-શર્ટ તું ક્યાં મૂકે છે એની જવાબદારી પણ મારી છે?'

'ઓહ મમ્મી! હવે સવાર સવારમાં લેક્ચર નહીં આપ. મારે મોડું થાય છે.'

નંદિની કંઈ બોલી નહીં. સોફા પર પડેલી સ્પોર્ટ્સ બૅગ તરફ માત્ર આંગળી ચીંધી. ટી-શર્ટ એમાં જ હતું. અન્વીએ એ કાઢ્યું અને કંઈ કહ્યા વગર નીકળી ગઈ. એ આખો દિવસ નંદિનીના મનમાં એક જ વિચાર ફરતો રહ્યો :

'આપણે જેને સૌથી વધારે પ્રેમ કરીએ છીએ, ઘણી વાર એની સાથે જ સૌથી ઓછી સભ્યતાથી કેમ વર્તીએ છીએ? બહારના માણસને જવાબ આપતાં પહેલાં આપણે શબ્દો પસંદ કરીએ છીએ. મિત્ર નારાજ ના થાય એનું ધ્યાન રાખીએ. શિક્ષક સાથે આદરથી વાત કરીએ. અજાણ્યા માણસને પણ 'થૅન્ક યુ' કહીએ, પણ મમ્મી? એ તો ક્યાં જવાની છે! કદાચ આ જ ખાતરી ઘણી વાર સંબંધોમાં સૌથી મોટી બેદરકારી બની જતી હોય છે.

થોડા દિવસ પછી અન્વીની એક ખૂબ મહત્ત્વની મોક ટેસ્ટ હતી. સવારે ઊઠીને એણે બૂમ પાડીઃ 'મમ્મી, મારી બ્લૅક પેન ક્યાં છે?' સામે કોઈ જવાબ નહીં.

'મમ્મી!'

ઘરમાં અસામાન્ય શાંતિ હતી. ડાઇનિંગ ટેબલ પર નાસ્તો તૈયાર હતો, પણ નંદિની ત્યાં નહોતી. પપ્પાએ કહ્યું, 'મમ્મી બહાર ગઈ છે. આજે એની એક મીટિંગ છે.'

'આજે? એને ખબર છે ને મારી ટેસ્ટ છે?'

'હા.'

'તો પછી આજે જ જવાની શું જરૂર હતી?'

પપ્પાએ શાંતિથી પૂછ્યું :

'તારી ટેસ્ટ અને મમ્મીની મીટિંગ વચ્ચે શું સંબંધ?'

અન્વી થોડી ચિડાઈ ગઈ :

'મારી વૉચ નથી મળતી!'

'તો શોધ.'

એ બે જ શબ્દો હતા, પણ અન્વીને પહેલી વાર સમજાયું કે મમ્મી ના હોય તો જાતે શોધવું રહ્યું. વૉચ મળી ગઈ. ટેસ્ટ સારી રહી. બહાર નીકળતાં એની નજર પોતાના એક મિત્ર પર પડી. એની મમ્મી લેવા આવેલી.

'મમ્મી, પેપર બહુ સરસ ગયુ,' મિત્રએ ઉમેર્યું :

'અને કાલે તમે મને જે ચેપ્ટર રિવાઇઝ કરવાનું કહ્યું હતું ને, એમાંથી જ પ્રશ્ન આવ્યો. થૅન્ક યુ!'

અન્વી ચાલતાં ચાલતાં અટકી ગઈ. 'થૅન્ક યુ.' બે જ શબ્દો. એણે યાદ કરવાનો પ્રયત્ન કર્યો કે છેલ્લે તેણે પોતાની મમ્મીને 'થૅન્ક યુ' ક્યારે કહ્યું હતું. યાદ ના આવ્યું. સાંજે ઘરે આવી ત્યારે નંદિની લૅપટૉપ પર કામ કરતી હતી. એણે અન્વી સામે જોયા વગર કહ્યું,

'જમવાનું તૈયાર છે.'

અન્વીને આ ખૂંચ્યું : મમ્મી પૂછતી કેમ નથી કે પેપર કેવું હતું?

'નારાજ છો?'

'નારાજ નથી. બસ, એક વાત શીખી રહી છું. તને પ્રેમ કરવો અને તારી દરેક જવાબદારી મારી બનાવી લેવી એ બન્ને અલગ વાત છે.'

અન્વી ચૂપચાપ સાંભળી રહી. 'તું મોટી થઈ રહી છે. તારી પોતાની દુનિયા છે, સપનાં છે, પ્રેશર છે. એ બધું હું સમજું છું, પણ મોટું થવાનો અર્થ માત્ર પોતાની જિંદગી પર અધિકાર મેળવવો નથી. પોતાની વર્તણૂકની જવાબદારી લેવામાં પણ છે.'

'પણ મમ્મી, હું અત્યારે બહુ સ્ટ્રેસમાં છું.' અન્વી રીતસર ચીસ પાડતાં બોલી.


'હું જાણું છું, પણ સ્ટ્રેસ આપણને એ માણસ સાથે ગમે તેમ બોલવાનો અધિકાર નથી આપતો જે આપણને સૌથી વધારે પ્રેમ કરતું હોય.'

એ વાક્ય પછી રૂમમાં થોડી વાર મૌન રહ્યું. અચાનક અન્વીનો અવાજ ગજર્યો :

'મને તારા ભાષણ સાંભળવામાં રસ નથી.' કહી એણે દરવાજો લગભગ મિજાગરામાંથી છૂટ્ટો પડે એટલાં જોરથી બંધ કર્યો, જેના પડઘા ટીનએજ દીકરી ને મધ્યવસ્થાની મા બન્નેના અસ્તિત્વ પર ક્યાંય સુધી પડઘાતા રહ્યા... ■

લાફ્ટર આફ્ટર | પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# આ વરસાદ ક્યારે આવશે?




'આ વરસાદ આવશે ખરો? કે પછી આ વખતે એ રિસાયો છે?'

પડોશમાં રહેતા જ્યોતિષ કમ આગાહી કરવામાં નિષ્ણાત જ્ઞાનચંદજીને પૂછતાં જ એમણે વરસાદ ઉપર આખે આખી પીએચડીની થિસિસ જ સંભળાવી દીધી.

'જુઓ, વરસાદનું તો ઘરની વહુ જેવું છે. વરસે તો મુશળધાર અને ન વરસે તો ખાલી છમકલું કરીને રિસાઈ જાય.'

હજી તેઓ વરસાદ વિશે વધુ આગળ બોલે એ પહેલાં એમનાં પત્ની વર્ષાબહેન આવી ચઢ્યાં અને જ્ઞાનચંદજીની વાતને અધવચ્ચેથી અટકાવતાં બોલ્યાં, 'હવે ખોટે ખોટી આગાહી કરવાનું છોડો. તમારી એક પણ આગાહી આજ દિન સુધી સાચી પડી નથી. તમે જે કહો એનાથી ઊંધું જ થાય છે. પત્રકારો પણ હવે તમને વરસાદની આગાહી પૂછતા નથી.'

બિચારા જ્ઞાનચંદજી! વગર વરસાદે પત્નીના વાકબાણમાં ભીંજાઈ ગયા. કદાચ એમને એમ કે પાણીનો વરસાદ ન કર્યો, પણ ભગવાને મારા ઉપર વાણીનો (કર્કશ) વરસાદ તો કર્યો!

હવે મને પણ આ છમકલું મોટું સ્વરૂપ પકડે તો વિના વરસાદે બ્રહ્માનંદ પ્રાપ્ત થાય એવી લાલચ લાગી અને અમે બળતામાં ઘી ઉમેર્યું :

'વર્ષાબહેન, તમે નસીબદાર તો ખરાં જ. તમારે ઘરમાં જ પ્રકાંડ જ્યોતિષ હોય એટલે શુભ મુહૂર્ત કે જન્મ કુંડળી જોવડાવવી હોય તો મફતમાં જ ઇન્સ્ટન્ટ સર્વિસ મળી જાય અને એ સમયે તમે કાર્ય પ્રારંભ કરો એટલે એમાં સફળતા પણ સો ટકા નક્કી, ખરુંને?'

'બસ રમાબહેન, તમે મારા નસીબની વધારે પ્રશંસા કરશો નહીં. મને તો મારા નસીબ ઉપર રડવું આવે છે. વર્ષોના ડૂમા ભીતરે ભરીને બેઠી છું, પણ...'

'પણ... પણ... શું કરે છે? દુઃખના ડૂમાઓ રમાબહેનની સામે ઠાલવી નાખને. મૌકા ભી હૈ ઔર દસ્તૂર ભી.'

'હા... હા, તમને તો ગમે જ છે કે હું કોઈની સામે રડું અને નીચી પડું, પણ હું મારા ડૂમા સમાવીને સીધી મારી વાત જ રમાબહેનને કહીશ. (ઘર ફૂટે ઘર જાય. મારે શું. મારો તો ધંધો જ એવો છે જે કદી બંધ થતો નથી.) રમાબહેન, મારા ખુદના દીકરાની કુંડળી પણ આ માણસે બરાબર જોઈ નથી. 'કુંડળી ખૂબ સરસ છે. કન્યા સાથે પૂરેપૂરા આંકડા મળે છે. કન્યાને પગલે આપણે કરોડપતિ બની જઈશું. કન્યા લક્ષ્મી રૂપે ઘરમાં આવશે.' એવું કહી કહીને મોટા છોકરાને જે છોકરી સાથે પરણાવી તે વહુએ અમને રાતોરાત રોડપતિ બનાવ્યાં.અમારી બીજા નંબરની છોકરી સાથે જે છોકરાના એમની નજરે સોમાંથી સો ગુણ મળતા હતા અને અમેરિકાથી આવેલ છોકરા સાથે બે મહિનામાં જ દીકરી અમેરિકા જવા ઊપડી જશે અને પછી આપણે પણ એમની પાછળ સીધા અમેરિકા જ સ્થાયી થઈ જશું. એ જમાઈને ખુશ કરવા, સોના-ચાંદીથી સત્કારવા અને અમેરિકાની કાર્યવાહી કરવા રોકડા પંદર લાખ અને મારું બધું પિયરનું સોનું-ચાંદી લૂંટાવી દીધું. જે લઈને રામ જાણે! જમાઈ ક્યાં ભાગી ગયો કે એમને કુંડળીની રડારમાં હજી શોધ્યો જડતો નથી. મારી દીકરી ને દીકરો બંને બાપાની નવી આગાહીની રાહ જોઈને એક ખૂણે સૂનમૂન બેઠાં છે. કુંડળીને ભરોસે તમે વરસાદની આગાહી જાણો ત્યાં સુધી તમે કશું ગુમાવશો નહીં. બાકી તો બીજી ગંભીર વાત માટે જ્ઞાનચંદજીની આગાહી કે કુંડળી ઉપર કોઈ દાવ લગાવશો નહીં. બાવાની બેઉ નહીં, બધી જ બગડવાની. હું તમને ખાતરી આપું છું.'

બહારના વરસાદ કરતાં જ્ઞાનચંદજીના ઘરમાં તો મુશળધાર એવો વરસાદ વરસ્યો કે રમાબહેન છત્રી ઓઢે તો પણ પલળ્યા વિના ના જ રહે. આજ વર્ષાબહેનનાં હૃદયમાં ઘેરાયેલ વાદળો એવાં ફાટ્યાં હતાં કે રમાબહેન શું બોલે?

હજી રમાબહેન વર્ષાબહેનને આશ્વાસન આપવા જાય ત્યાં તો હાથમાં મીઠાઈનું પૅકેટ લઈને એક દંપતી આવીને સીધું જ્ઞાનચંદજીના પગમાં પડી ગયું. એક ભાઈ બોલ્યા, 'તમે તો મારા ભગવાન છો! આ વખતે પણ તમે મારી દીકરીની કુંડળી જેની સાથે મેળવેલી તે જમાઈ મારા દીકરાથી પણ અધિક સુશીલ, સજ્જન અને મળતાવડો નીકળ્યો. અમારી દરેક મુશ્કેલીમાં સાથે ઊભો રહે છે. મારા દીકરાને પણ એણે એમની ફૅક્ટરીમાં પાર્ટનર બનાવી દીધો અને દીકરીને સાડીની દુકાનની માલકિન બનાવી દીધી. ભાભીજી, જ્ઞાનચંદજી જેવા મહાન જ્યોતિષ મેં કોઈ જોયા નથી. લ્યો, તમે પણ મીઠાઈ ખાવ.'

એમ કહી પૅકેટ વર્ષાબહેનને થમાવી એ લોકો તો ગયાં. હવે ફરી રમાબહેનનો વરસાદ એવો ત્રાટક્યો કે વર્ષાબહેન હવે વગર લેવેદેવે જ્ઞાનચંદજીના ઘરમાં વિના આગાહીએ ઘેરાઈ ગયાં. જ્ઞાનચંદજી પણ 'એક બોલે તો બે ખાય' એવી પરિસ્થિતિમાં હતા.

'લોકોનાં છોકરા-છોકરીની કુંડળી તો કેવી ધારીધારીને જોઈ હશે કે એમના છોકરા ફૅક્ટરીના માલિક બની ગયા અને આપણા બિચારા...!'

'જો રમા, હું શાંતિ હવન અને શનિ-રાહુને શાંત કરવાની તમામ વિધિ કરીને થોડા મહિનામાં બધું ઠેકાણે પાડી દેવા.'

'ના... ના, તમે તો રહેવા જ દેજો. તમે અમને એવાં ઠેકાણે પાડ્યાંછે કે હવે બેઠાં થવાનો સવાલ જ નથી.'

આ પણ કેવું...! જ્ઞાનચંદજીનું જ્ઞાન ઘરમાં કામ ન આવ્યું અને બહારનાને ફળ્યું! બહારના લોકો તેમને ભગવાન માની પગે લાગતા હતા, જ્યારે ઘરમાં એમની વાત સાંભળવા પણ કોઈ તૈયાર નહોતું.

યોગ્ય સમયે અને યોગ્ય જગ્યાએ વરસાદ પડે તો કામનો, પણ કમોસમી કે અતિ વરસાદનું પરિણામ જોયુંને? વર્ષાબહેન તો વિના વરસાદે પણ કાદવમાં ખૂંપી ગયાં, એનું શું?

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# સ્નેહની સરવાણીઃ લીલુંછમ લગ્નજીવન

## લગ્નજીવનને સારી રીતે જીવવા માટે બંનેએ એકબીજાના માનસને સમજવું બહુ જરૂરી છે



લગ્ન વિશે ઘણી કહેવતો છે તેમાં એક કહેવત એ પણ છે કે

- 'શાદી કા લડુ જો ખાયે વો ભી પછતાયે ન ખાયે વો ભી પછતાયે.'

- ઘણી વખત આપણે વાસ્તવિક લાઇફમાં જોતા હોઈએ છીએ; લગ્નને વર્ષો વીતી ગયાં હોય તો શાદીનો લાડુ ખાઈને પસ્તાવવાનો જ વારો આવે છે,

- પણ જો આ સંબંધમાં બંને એકબીજાના માનસને સારી રીતે સમજી લે તો લગ્નજીવન મધુરતાથી સભર બની જાય છે.

- ગૃહસ્થ જીવનને સુખમય બનાવવા માટે જો થોડી ઉદારતા અને સમાધાનની વૃત્તિ રાખવામાં આવે તો સંબંધોની કડવાશને મીઠાશમાં પરિવર્તિત કરી શકાય છે.

- જોકે આમ તો દરેક સંબંધને સાચવવા માટે થોડું ઘણું ઍડ્જસ્ટમેન્ટ કરવું જરૂરી છે.

- સંબંધો વિશે ગુજરાતી કવિ હરીન્દ્ર દવે સાહેબે બહુ સરસ કહ્યું છે કે

- કોઈનો પ્રેમ ક્યારેય ઓછો હોતો નથી, પણ આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.

- આ પક્તિ અન્ય સંબંધોની સાથે લગ્નજીવનને પણ એટલી જ લાગુ પડે છે.

- લાડકી પૂર્તિના વહાલા વાચક મિત્રો!

- સંબંધોને અપેક્ષાનો એટલો બધો લૂણો લાગવા ન દો કે સંબંધો દિવસે ને દિવસે ખોખલા બનતા જાય.

- અપેક્ષાઓ સિવાય પણ આવા ઘણા મુદ્દા છે જે લગ્નજીવનમાં કડવાશ ભરી શકે છે.

- અહં,

- શંકાશીલ સ્વભાવ,

- ગુસ્સાવાળો મિજાજ,

- જતું ન કરવાની વૃત્તિ

- વગેરે બાબતો સંબંધને ખીલવા નથી દેતી કે સારી રીતે જીવવા દેતી નથી.

- તો સૌપ્રથમ એ વાત જાણી લઈએ કે લગ્નજીવનમાં શું ન કરવું.

- મૅરેજ લાઇફમાં અનેક પ્રશ્નો આવતા હોય છે.

- દરેક રસ્તા સરળ હોતા નથી.

- લગ્નજીવનમાં જો કોઈ મુશ્કેલી ઊભી થાય કે અચાનક કોઈ પ્રશ્નો ઊભા થાય ત્યારે ક્યારેક પતિ કે પત્નીએ એકબીજા પર દોષારોપણ કરવું જોઈએ નહીં

- એક વાત યાદ રાખો કે આ કોઈ કોર્ટ નથી કે જ્યાં તમારે દલીલો કરીને સચ્ચાઈ સાબિત કરવાની છે.

- માત્ર પ્રશ્નના નિરાકરણ પર ધ્યાન આપો અને તેને ઉકેલવાનો પ્રયાસ કરો.

- એકબીજા પર દોષારોપણ કરવાથી સંબંધો કડવાશથી ભરાઈ જાય છે.

- લગ્નજીવન બંને વ્યક્તિથી બને છે, જેથી જ્યારે પણ વિચાર કરો બંનેનો સાથે કરો.

- ક્યારેય કંઈ પણ એકલા માટે ન વિચારો.

- લગ્ન પછી સ્વાર્થને ક્યાંય સ્થાન નથી હોતું.

- આપણી ભારતીય સંસ્કૃતિમાં પત્નીને અર્ધાંગિની કહેવામાં આવે છે.

- પતિ-પત્નીને જ્યારે અલગ અલગ વ્યક્તિ તરીકે ન જોતાં એક જ સમજવામાં આવે છે ત્યારે જો પતિ કે પત્નીમાં કોઈ પણ સ્વાર્થી બનીને વિચારશે તો ચોક્કસ સંઘર્ષો ઊભા થશે.

- કોઈ પણ મનુષ્ય સંપૂર્ણ હોતો નથી.

- દરેકમાં કોઈ ને કોઈ ખામી હોય છે.

- જે રીતે તમે તમારા લાઇફ પાર્ટનરની ખૂબીની તારીફ -પ્રશંસા કરો છો તેવી જ રીતે તેમની ખામીને પણ સ્વીકારો. ઠીક છે, તમે થોડો સમય તેમની ખામીને દૂર કરવા માટે પ્રયાસ કરો, બની શકે કે લાઇફ પાર્ટનર પણ તેના પાર્ટનરને અનુકૂળ થવા માટે તેની પોતામાં રહેલી ખામીને દૂર કરી દે, પરંતુ લગ્નજીવનનાં વર્ષો વીતી ગયા બાદ પણ લાઇફ પાર્ટનરની ખામી દૂર ન થાય ત્યારે તેને એ જ સ્વરૂપે સ્વીકારી લેવી જોઈએ.

- લાડકી પૂર્તિના પ્રિય વાચકો!


- જો તમે તેમની ખામીને જીવનભર પૉઇન્ટઆઉટ કરતા રહેશો તો સંબંધોને સારી રીતે જાળવી નહીં શકો. આવું કરવાથી જિંદગીનો બધો જ સમય દલીલો કરવામાં અને સાચું-ખોટું સાબિત કરવામાં જ જશે. પ્રસ્તુત લેખનો બીજો અને છેલ્લો ભાગ આવતા અંકમાં વાંચી સ્નેહની સરવાણીને સદા હરીભરી રાખીશું.

**ચિંતા કરશો નહીંઃ**

- કેટલાક મનુષ્યો કહે છે કે 'મને શું થાય છે એની ચિંતા હું કરતો નથી, પણ હું તો બીજા માટે ચિંતા કરું છું.'

- આ એક મોટું અજ્ઞાન છે...!

- આમ કહેનાર પોતાની જાતને - સ્વયં પોતાને જ છેતરતો હોય છે.




> દરેક સ્ત્રી એવું ઈચ્છતી હોય કે તે જે ઘરમાં પરણીને જાય ત્યાં બધાને એ પ્રિય હોય. એ સમજી ગઈ હતી કે દાદા એને પૂર્ણપણે કદી નહીં સ્વીકારે. તેના મનમાં એવી ઈચ્છા હશે કે પોતાના સસરા સાથે તેનો એક ફોટો હોય.

સોનલે ઘડિયાળ જોતાં કહ્યું, 'તમને ઊંઘ નથી આવતી?'

'મારી ઊંઘ તો ક્યારનીય ઊડી ગઈ છે. એવું થાય છે જાણે તમે બોલતા રહો અને હું સાંભળતો રહું. તમારી વાર્તા એટલી તો રોમાંચક છે કે પૂરી સાંભળ્યા વગર ચેન નહીં પડે. લાગે છે તમારી ટ્રેજીડી હવે શરૂ થવાની છે. મને તો તમને મોટા થતા જોવાના છે. આઈ મીન સાંભળવાનું છે.'

'ઓહ ગોડ હું બોલી બોલીને થાકી જઈશ.'

'જે ગણો તે. પણ આજે અહીં તમે જાહેર કર્યું તે પ્રમાણે તમે મારી વાઈફ છો. સાલ્લું કેવું વિચિત્ર કહેવાય. કોઈ કુંવારી છોકરી પોતે કોઈની વાઈફ છે એ જાણી જોઈને જાહેર કરે. તમને જરાય બીક ન લાગી?'

'બીક શેની? રોજ એટલા બનાવો બને છે કે કોઈ કશું યાદ રાખતું નથી. કાલે છૂટા પડ્યા પછી બધા તમને, મને ભૂલી જશે. સનત, જો ડર ગયા સમજો વો મર ગયા.'

હિન્દી ફિલ્મો જોવાનો શોખ લાગે છે. જોકે તમારી કહાની ફિલ્મથી કમ નથી.

'તમને કોઈ સારો રાઈટર મળે તો મારી કહાની લખાવજો અને તમે ફિલ્મ બનાવજો. સાલ્લી ભૂખ લાગી છે અને ખાવાનું કંઈ નથી.'

'કોણે કહ્યું કશું નથી? મેડમ તમારી સેવા કરવા માટે તો કુદરતે મારો મેળાપ કરાવ્યો છે. મારી પાસે વેફર્સ છે.'

'ચાલો મને વેફર આપો. હું ખાઉધરી છું હોં.'

'ચિંતા ન કરો. કહેશો તો બહાર જઈને હજુ વધુ લઈ આવીશ. મને કોઈ મહિલાની સેવા કરવાનું પુણ્ય મળશે.'

સોનલે સનત સામે તીરછી નજરે જોયું. પછી પેકેટ ખોલી સનત સામે ધરતા કહ્યું, 'લ્યો, પછી કહેતા નહીં કે મને ઓફર પણ ન કરી. તમારી વેફર ચૂરો થઈ ગઈ છે. છતાં અત્યારે ચાલશે.'

'પ્લીઝ. તમે ખાઓ. તમારા મોઢા પર સંતોષ દેખાય છે તે મને ગમે છે. હું એક સિગારેટ પી લઉં પછી જલ્દી તમારી સ્ટોરીને આગળ વધારો. તમારા બેય ભાઈઓને એમના મામા સુરત લઈ ગયા ત્યાં સુધી તમે પહોંચ્યા છો. તમે મને પૂછો તે પહેલા યાદ અપાવી દઉં.'

'આભાર. પણ મને ખાતાં ખાતાં વાત કરવાનું ફાવશે નહીં. તમે મોજથી સિગારેટ ફૂંકો હું વેફર ખાઉં. હા, થોડીવાર એસી બંધ કરી બારી ખોલું, નહીંતર તમારી આ સોનેરી સળીનો ધુમાડો ફીજ્ડ થઈ જશે.'

સોનલે ગોલ્ડ ફ્લેક માટે વાપરેલો સોનેરી સળી શબ્દ સાંભળી સનત એની સામે એકીટશે જોઈ રહ્યો. તેણે સિગારેટનો કશ લઈ બારીની સ્ટોપર ખોલવા પંજા પર ઊંચી થયેલી સોનલના ગાઉનમાં ઊપસી આવતા ગોળાકાર નિતંબને જોયા. એને થયું કે તે ઊઠે અને સોનલને પાછળથી બાથમાં લઈ લે. કદાચ પોતે અત્યારે આવું કરી બેસે તો સોનલની પ્રતિક્રિયા શું હોય? એ મને ચતુરાઈથી ટાળી દે કે પછી ગુસ્સે થઈ જાય? સાલ્લી કેવી સ્થિતિ છે. પહેલીવાર કોઈ સુંદર છોકરીની નીકટ આવવાનું થયું. એટલું નીકટ કે એક જ બેડ પર સૂવાનો મોકો મળ્યો છે. તેમ છતાં કંઈ જ થઈ શકે તેમ નથી. સ્ટોપર ખોલી સોનલે પાછળ જોયું. તેણે સનતની આંખોમાં આંખ નાખતા પુછ્યું, 'શું વિચારતા હતા મને જોઈને?'

જાણે પોતાની કોઈ ચોરી પકડાઈ ગઈ હોય તેમ સનતે આડું જોતાં કહ્યું, 'કશું નહીં કેમ?'

મારી પીઠમાં તમારી નજર ભોંકાતી હોય એવું લાગ્યું. સોનલ કંઈક જુદી જાતનું હસી. સનત ઓજપાઈ ગયો. તેણે વિષય બદલાવતા કહ્યું, 'ચલો શુરૂ હો જાઓ.'

બાબા જરા ઠહરો કહી સોનલે ડાબી હથેળીમાં વેફરનો ભુક્કો ઠાલવ્યો અને બુકડો ભરી મોઢામાં નાખતાં સનતને પાણીની બોટલ આપવાનો ઈશારો કર્યો. સનતે બોટલનું ઢાકણ ખોલી પોતે પાણી પીવડાવવા માગતો હોય તેમ જરા આગળ ઝુક્યો. તેના આશ્ચર્ય વચ્ચે સોનલ પણ ઝૂકી. સનતે બોટલ સોનલના હોઠ પર ધરી. સોનલે બે ઘૂંટડા ભર્યા. પછી સંતોષ થયો હોય તેમ આંખો મીંચી જરા ટટ્ટાર થઈને ઓશીકું ખોળામાં લીધું. સનતે હાથનો ઈશારો કરી ઊભો થયો અને બારી બંધ કરી સોનલની સામે બેસી ગયો.

સનત મારા બેઉ ભાઈઓને એમના મામા લઈ ગયા તે પછી દાદા એક વર્ષ સુધી પપ્પા સાથે બોલ્યા નહોતા. એ ગાળામાં જ મને અંગ્રેજી સ્કૂલમાં દાખલ કરવામાં આવી. જ્યાં મારા બેઉ ભાઈઓ પણ ભણ્યા હતા. એડમિશનના દિવસે પ્રિન્સિપાલે વાતચિત દરમિયાન મમ્મીને અંગ્રેજીમાં કંઈક પૂછ્યું હશે. મમ્મી બિચારી શિયાવિયાં થઈ ગયેલી. જોકે પ્રિન્સિપાલે કદાચ ખાતરી કરવા જ પૂછ્યું હતું. કારણ કે ભાઈઓના એલ.સી. લેતી વખતે દાદાની સાથે ગયેલા પપ્પાના સાળાઓ ઘણું બાફી આવ્યા હતા. હું કે.જી.માં હતી તે વખતે મને શિક્ષકોના વ્યવહારની ખબર પડતી નહોતી. પણ મોટા થયા પછી મને ધીમે ધીમે ખબર પડતી ગઈ કે મને કેટલીક શિક્ષિકાઓ લફરાનું સંતાન ગણતી હતી. હું ભણવામાં એકદમ તેજ હતી. મારા વર્ગમાં હંમેશાં ટોપ પર રહેતી એટલે મારા તરફ કેટલાક શિક્ષકોને માન પણ હતું. હા, દાદાનું વર્તન હવે જરા કૂણું પડ્યું હતું. તે મને રમાડતા કે ક્યારેક ફરવા પણ લઈ જતા. અને કંઈક મારી મમ્મીની ચટાકેદાર રસોઈએ પણ દાદાને નરમ પાડ્યા હતા. આમ તો અમારા ઘરમાં રસોઈ મહારાજ બનાવે છે. પણ એકવાર મમ્મીએ દાળ બાટી બનાવી હતી. દાદાએ દાળ બાટી ચાખી ત્યારે તેમણે મહારાજને બોલાવીને પૂછેલું કે 'આ તને કોણે શીખવાડ્યું છે?' મહારાજે કહેલું કે, 'આ મેં નહીં શેઠાણીએ બનાવી છે.' તે દિવસે દાદાએ પહેલી વાર મારી મમ્મી સાથે સીધી વાત કરી હતી. એ દાદાની ઓગળવાની શરૂઆત હતી. ધીમે ધીમે દાદાને લસણવાળા શાકની આદત પડી ગઈ. એમને જ્યારે તીખું અને ચટાકેદાર ખાવાનું મન થાય ત્યારે મમ્મીને રસોઈ બનાવવાનું કહેવા લાગ્યા હતા. ઘરનું ડહોળાયેલું વાતાવરણ સ્થિર થવા માડ્યું હતું.

'હું કોણ છું. ક્યાં છું, મારા મમ્મી પપ્પા ક્યા સંજોગોમાં ભેગા થયા, કયા સંજોગોમાં પરણ્યા એ બધું જ મારી મમ્મીએ મને ધીમે ધીમે સમજાવેલું. મારી મમ્મી એક ધીરજવાન શિક્ષકની જેમ મને સમજાવતી. મારા મમ્મી અને પપ્પા મને ખૂબ વહાલ કરતાં. ચાર વર્ષ નીકળી ગયાં. ચાર વર્ષમાં એકેય વાર મારા બેઉ ભાઈઓએ મુંબઈ આવવાની ઈચ્છા દર્શાવી નહીં. મારા દાદા અને પપ્પા સુરત જઈને મળી આવતા.'

હું ત્રીજા ધોરણમાં હતી એ વખતે એક અગત્યનો બનાવ બન્યો.

'મારી શાળામાં એક કોમ્પિટિશન હતી. આમ તો મારાથી બે ધોરણ ઉપરના વિદ્યાર્થીઓ માટે હતી. તેમ છતાં મારી ટીચરે મને ભાગ લેવડાવ્યો. તમને નવાઈ લાગશે એ કોમ્પિટિશનમાં હું પ્રથમ આવી. કોમ્પિટશનનું પ્રાઈઝ આપવાનો કાર્યક્રમ યોજાયો ત્યારે મારા પપ્પા બહાર હતા. મારી સાથે મમ્મી અને દાદા આવેલા. પ્રાઈઝ લેવા સ્ટેજ પર મમ્મી પપ્પાને પણ આવવાનું હતું. મારી સાથે મારી મમ્મી આવી. જોકે મારી કહાનીથી વાકેફ એવા કેટલાક લોકો મારી મમ્મીને તાકીને રહ્યા હતા. ચુલબુલી લેડી એનાઉન્સરે અંગ્રેજીમાં મારી મમ્મીને પ્રશ્ન કર્યો કે, તમે તમારી બાળકીને કેવી રીતે મોટીવેટ કરો છો? મારી મમ્મી એ પ્રશ્ન સમજી શકી નહોતી. પણ મારી મમ્મી જરાય ડરી નહોતી. એના ચહેરા પર ગજબનો આત્મવિશ્વાસ હતો. તેણે કહેલો એકેએક શબ્દ મને હજુ યાદ છે.'

'દેખિયે બહનજી આપને મુઝે ક્યા પૂછા હૈ વો મૈ નહી સમજ પાઈ હું. ક્યોં કી મૈં ઈંગ્લીશ બિલકુલ નહીં જાનતી. અરે ઈંગ્લીશ ક્યા મૈં તો ઠીક સે ગુજરાતીભી નહીં બોલ પાતી. મેરી બેટીને આજ જો ઈનામ પાયા હૈ વો સારી મેહનત ઈસ ઈસ્કુલકી હૈ. મૈ મેરી બચ્ચીકો પઢાને વાલે સભી શિક્ષકોં કો પ્રણામ કરતી હું. મેરી બચ્ચીકી પરવરીશ મૈ જરૂર કરતી હું લેકીન ઉસકો પઢા નહીં પાતી. વો કામ ઈસકે પાપા ઔર દાદાજી કરતે હૈં. સોનલ કે દાદાજી યહાં પર ઈસ વક્ત મૌજુદ હૈં. આપસે મેરી વિનતી હૈ. અગર એતરાજ ન હો તો મૈં મેરે પુજ્ય સ્વસુરજી કો યહાં પર બુલાના ચાહતી હું. ઉન્હી કે સાથ એક તસ્વીર ખીચવાના ચાહતી હું.'

મમ્મી આટલું બોલી અને આખા હોલમાં તાળીઓનો ગડગડાટ પથરાઈ ગયો. એનાઉન્સરે મારા દાદાનું નામ બોલીને એમને સ્ટેજ પર આવવાની વિનંતી કરી. દાદાને ઘડીભર તો સમજાયું નહીં કે શું થઈ રહ્યું છે. દાદા સ્ટેજ પર આવ્યા. ફોટોગ્રાફરે ફોટો પાડ્યો. હું રોમાંચિત હતી. દાદા ખુશ હતા. તેમણે એનાઉન્સરના હાથમાંથી માઈક લઈ પોતાના તરફથી સ્કૂલને પચાસ હજારનું દાન જાહેર કરી દીધું. હોલ ફરી તાળીઓથી ગુંજી ઉઠ્યો. એ દિવસે મને પહેલીવાર એવું લાગ્યું કે એ મારા દાદા છે. મમ્મીના હાથનું ખાવા તૈયાર નહોતા એ દાદા મમ્મીને હોટેલમાં લઈ ગયા. મોડી રાતે અમે પાછા ફર્યા. તે પછી શાળામાં હું એક અગત્યની વિદ્યાર્થિની બની ગઈ.

દરેક સ્ત્રી એવું ઈચ્છતી હોય કે તે જે ઘરમાં પરણીને જાય ત્યાં બધાને એ પ્રિય હોય. એ સમજી ગઈ હતી કે દાદા એને પૂર્ણપણે કદી નહીં સ્વીકારે. તેના મનમાં એવી ઈચ્છા હશે કે પોતાના સસરા સાથે તેનો એક ફોટો હોય. એ ઘટના મારી મમ્મીની સીક્સ્થ સેંન્સનું પરિણામ હતું કે બીજું કંઈ. પણ એ તસ્વીર મમ્મીના જીવનની એક યાદગાર તસ્વીર છે. કદાચ મમ્મીને એવું પણ લાગ્યું હોય કે તે લાંબું જીવવાની નથી અને તેને ફોટો પડાવવાની ઈચ્છા થઈ હોય બનવા જોગ છે.

'મમ્મી તરફ તમારા દાદાનો એટીટ્યૂડ એવો જ રહ્યો કે બદલાયો?'

'એ થોડા નરમ પડ્યા તે છતાંય નમી દેવા તૈયાર નહોતા. તેમને વાંધો એટલો જ હતો કે મારી મમ્મીને કારણે એમના બે પૌત્ર એમનાથી છૂટા પડી ગયા હતા. જો મમ્મી કોઈ ઉંચી ગણાતી જાતિ અને પૈસાદાર ઘરમાંથી આવતી હોત તો કદાચ ચિત્ર જુદું હોત. મારા પપ્પા સિવાય મમ્મીને બીજું કોઈ ચાહતું હોય તો એ હું હતી.'

'તમારા પેલા બે ભાઈઓ તમને બહેન તરીકે ચાહતા હતા કે નહીં?'

સનત મારા ભાઈઓ મારી સાથે મોટા થયા હોત તો કદાચેય મને ચાહી શક્યા હોત. ક્યારેક આશ્ચર્ય થાય કે માણસો મોટી મોટી ડિગ્રીઓ લે છે તે છતાંય અભણ જ રહે છે. કમલામાના પિયરના લોકોની અંદર એટલો વેરાગ્ની ભરેલો હતો કે તેમણે મારી મમ્મીને તો ઠીક મને પણ સ્વીકારી નહીં. એમની મામીઓ ભયંકર ડંખીલી છે. એમણે પોતાના ભાણેજોને ચોખ્ખું કહી દીધેલું કે મને બહેન માનવી જ નહીં. તમને કદાચ આઘાત લાગશે પણ એ બેઉ જણે કદી મારી પાસેથી રાખડી બંધાવી નથી. તેઓ સુરતથી અમારી સાથે રહેવા આવ્યા પછી પહેલી રક્ષાપૂનમ આવી તે વખતે બેય જણ સુરત ચાલ્યા ગયા હતા. પણ બીજા વર્ષે ઘરમાં બખેડો થયો. હું એ દિવસે રાખડીઓ લઈ આવી હતી. મમ્મીએ જ મને કહેલું. મારા બેઉ ભાઈઓને સવારે રાખડી બાંધવાનું મેં સામેથી કહ્યું. ત્યારે મોટાએ એવી ભાષામાં મને ધમકાવી નાખી કે હું રડી પડેલી. બસ ત્યારથી મેં કદી એમને રાખડી બંધાવવાનું કહ્યું નથી. એટલું જ નહીં તેમણે બેય જણાએ લવમેરેજ કરેલા છે. એમના રીસેપ્શન વખતે એમની બાજુમાં બહેન તરીકે બેસવાની મને અગાઉથી જ ના પાડી દેવામાં આવેલી. મોટો મારાથી દસ વર્ષ અને નાનો આઠ વર્ષ મોટો છે. એ બેય આમ તો મારા ભાઈઓ છે તેમ છતાં હું જ્યારે યુવાનીમાં આવી પછી તેમનો મને રીતસર ડર લાગતો.

'તમારા પપ્પાએ એ બાબતમાં કોઈ દરમ્યાનગીરી કે સમજાવટ કરી નહોતી?'

'પપ્પા એમને કહેવાની કોઈ સ્થિતિમાં જ નહોતા. મેં કહ્યું ને કે રૂપાળી સ્ત્રી પપ્પાની નબળાઈ છે. એક ઓર સ્ત્રી પપ્પાની જિદગીમાં ગુપચુપ આવી ગઈ હતી, જેની મમ્મીને જરાય ખબર નહોતી.'

સનત જરા ચોંકીને સોનલ સામે જોઈ રહ્યો.

(ક્રમશઃ)■

# જેનેરિક ડ્રગ્સ પર ઊંચી ટેરીફની ધમકીથી ખરડાયેલા સેન્ટિમેન્ટ વચ્ચે સેન્સેક્સમાં ૭૦૦ પોઈન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના સતત ૧૧માં હુમલા બાદ હુથીઓએ રાતા સમુદ્રનો માર્ગ પણ અવરોધ્યો હોવાથી ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઉછાળો આવવા સાથે ટ્રમ્પે જેનેરિક ડ્રગ્સની આયાત પર ઊંચી ટેરિફની ધમકી આપી હોવાથી ખરડાયેલા માનસ વચ્ચે ખાસ કરની ફાર્મા અને બેંક શેરોમાં વેચવાલીના દબાણ વચ્ચે બુધવારે બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી લગભગ એકાદ ટકા ઘટ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૪.૬૮ ટકા વધીને ૯૫.૨૭ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

સેન્સેક્સ દિવસ દરમિયાન, તે ૮૨૮.૯૨ પોઈન્ટ અથવા ૧ ટકા ઘટીને ૭૬,૬૪૧.૧૯ને અથડાઇને અંતે ૭૧૫.૦૬ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકા ઘટીને ૭૬,૭૫૫.૦૫ પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૯૧.૪૫ પોઈન્ટ અથવા ૦.૭૯ ટકા ઘટીને ૨૩,૯૯૬.૨૫ની સપાટી પર બંધ થયો હતો. સેન્સેક્સ પેકમાંથી, ઇન્ટરગ્લોબ એવિએશન, ઇન્ફોસિસ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ, આઇસીઆઇસીઆઇ બેંક અને એક્સિસ બેંક ચોપ લુઝર્સમાં સામેલ હતા, જ્યારે હિન્દુસ્તાન યુનિલિવર, એનટીપીસી, પાવર ગ્રીડ અને ટાઇટન ગેઇનર્સમાં સામેલ હતા.

કોર્પોરેટ પરિણામોને આધારે શેરલક્ષી કામકાજ થઇ રહ્યા છે. સ્ટીલ એક્સચેન્જ ઈન્ડિયા લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં રૂ. ૨૭,૦૭૦.૯૨ લાખની કુલ આવક નોંધાવી હતી. વાર્ષિક ધોરણે ૪૬.૮૯ ટકાના વધારા સાથે રૂ. ૧,૫૦૨.૫૬ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો, જે ક્રમિક ધોરણે ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરના રૂ. ૧,૨૩૭.૦૪ લાખના નફા સામે ૨૧.૪૬ ટકાનો વધારો દર્શાવે છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડે બહાર પાડેલા પરિપત્ર અનુસાર ૨૩ જુલાઈ, ૨૦૨૬થી એનએસઇના ઇક્વિટી શેરની સૂચિમાં માઇક્રો ઇરીગેશન સોલ્યુશન્સની અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર તથા, સોલર ઇપીસી બજારમાં વૈવિધ્યસભર હાજરી ધરાવતી કેપ્ટન પોલીપ્લાસ્ટ લિમિટેડનો સમાવેશ કર્યો છે. નેસ્લે ઇન્ડિયાનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૪૮ ટકા વધીને રૂ. ૯૫૮ કરોડ રહ્યો હતો. એચએફસીએલે એપ્રિલ-જૂનમાં રૂ. ૨૪૬ કરોડનો, ઓરિએન્ટ ઇલેક્ટ્રિકે રૂ. ૩૧.૪૯ કરોડનો અને એસઆરએફ રૂ. ૭૫૯ કરોડનો નફો નોંધાવ્યો છે.

અમેરિકાના પ્રમુખે જેનેરિક ફાર્મા પ્રોડ્કટસની આયાત પર બે વર્ષ બાદના પહેલા વર્ષે ૧૦૦ ટકા અને બીજા વર્ષ ૨૦૦ ટકા ટેરિફ નાંખવાની વાત ઉચ્ચારી હોવાથી ફાર્મા શેરોમાં ધોવાણ જોવા મળ્યું હતું. ઓરબિંદો ફાર્મામાં ૪.૧૩ ટકા, ગ્લેનમાર્ક ફાર્મામાં ૩.૨૬ ટકા, બાયોકોન ૩.૧૮ ટકા, સિપ્લામાં ૨.૫૪ ટકા, સન ફાર્મામાં ૧.૯૧ ટકા, ડો. રેડ્ડીઝ લેબમાં ૧.૮૬ ટકા અને ટોરન્ટ ફાર્મામાં ૧.૩૮ ટકાનો કડાકો પડ્યો હતો.

જૂન ૨૦૨૬ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં એચડીએફસી લાઇફ ઇન્શ્યોરન્સ કંપનીનો ચોખ્ખો નફો ૧૧.૪૬ ટકા વધીને રૂ. ૬૧૧.૧૯ કરોડ અને વેચાણ ૧૫.૦૫ ટકા વધીને રૂ. ૧૬૭૨૭.૬૩ કરોડ થયું. ગેબ્રિઅલ ઇન્ડિયા દક્ષિણ કોરિયાની એચએલ મન્ડો કોર્પ સાથેના જેવીમાં રૂ. ૩૧૬૫ કરોડમાં પ્રમોટર હિસ્સો હસ્તગત કરશે.

ડોનલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પરની તેમની પોસ્ટમાં જણાવ્યું હતું. કે પહેલી ઓગસ્ટ, ૨૦૨૬થી, યુનાઇટેડ સ્ટેટ્સમાં લાવવામાં આવતી બધી જેનરિક દવાઓ પર બે વર્ષના સમયગાળા માટે શૂન્ય ટકાનો ટેરિફ ચાલુ રહેશે, ત્યારબાદ એક વર્ષના સમયગાળા માટે ટેરિફ ૧૦૦ ટકા અને ત્યારબાદ ૨૦૦ ટકા સુધી વધારવામાં આવશે. માર્કેટ એનાલિસ્ટ જણાવે છે કે, મધ્ય પૂર્વમાં ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર વધારો અને સતત ભૂરાજકીય તણાવને કારણે ભારતીય શેરબજાર નીચા સ્તરે બંધ થયા. બેન્ચમાર્ક સૂચકાંકોએ સમગ્ર સત્ર



દરમિયાન સતત વેચાણ દબાણનો સામનો કરવો પડ્યો. વ્યાપક બજારમાં લાર્જ કેપ કરતાં વધુ વેચવાલી અને ધોવાણ જોવા મળ્યા હતા. રોકાણકારોનું ધ્યાન મેક્રો પૃષ્ઠભૂમિ પર મજબૂત રીતે રહ્યું કારણ કે ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ અને ફાર્માસ્યુટિકલ આયાત પર સંભવિત યુએસ ટેરિફ અંગે નવી ચિંતા ફરી સપાટી પર આવી છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ઊંચા મથાળે બંધ રહ્યો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે સ્થિર થયો. યુરોપમાં બજારો ઊંચા મથાળે ટ્રેડિંગ કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો ઊંચા બંધ થયા હતા. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) મંગળવારે નેટ બાયર્સ બન્યા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, તેઓએ અગાઉના વેપારમાં રૂ. ૧,૬૫૦.૧૬ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા. મંગળવારે, સેન્સેક્સ ૨૩૮.૪૧ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા ઘટીને ૭૭,૪૭૦.૧૧ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૫૦.૮૦ પોઈન્ટ અથવા ૦.૨૧ ટકા ઘટીને ૨૪,૧૮૭.૭૦ પર બંધ થયો હતો. વ્યક્તિગત શેરોમાં, બંધન બેંકના મેનેજમેન્ટે તેના એક્ઝિટ રિટર્ન ઓન એસેટ્સ (આરઓએ) માર્ગદર્શનમાં ૨૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાનો નિર્ણય લીધા પછી, તેના શેર ૧૭ ટકાના જોરદાર કડાકા સાથે રૂ. ૧૭૩.૫૦ પર બંધ થયા હતા. ઇન્ટરગ્લોબ એવિએશન ગઈૠઝઢ૫૦ ઇન્ડેક્સમાં સૌથી વધુ ધોવાણ નોંધાવનાર શેર બન્યો હતો, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારાને પગલે શેર ૩.૬૦ ટકાના કડાકા સાથે રૂ. ૫,૧૧૫ પર બંધ થયો.

નિફ્ટી૫૦ ઇન્ડેક્સમાં ઇન્ફોસિસ, એક્સિસ બેંક, જિયો ફાઇનાન્શિયલ સર્વિસીસ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ, મેક્સ હેલ્થકેર અને ટાટા મોટર્સ પીવી પણ ટોચના ઘટનારા શેરોમાં સામેલ હતા. બીજી બાજુ, બજાજ ઓટો નિફ્ટી ઇન્ડેક્સમાં સૌથી વધુ વધ્યો હતો, શેર ૫.૯૨ ટકા વધીને રૂ. ૧૧,૦૧૯ પર બંધ થયો હતો.

અમેરિકાના સતત હુમલાને કારણે અટવાયેલા હોર્મુઝ સ્ટ્રેઇટમાં ઓઇલ ટેન્કરો અટકી પડતા ક્રૂડના ઉછળી રહેલા ભાવને કારણે શેરબજારમાં નરમાઇનો માહોલ રહ્યો છે. ખાસ કરીને એફએમસીજી સિવાય બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જ્યારે રિયલ્ટી અને સર્વિસીસ શેર્સ સૌથી અધિક પટકાયા હતા. એક્સચન્જનાં માર્કેટ કેપમાં રૂ.૪.૨૪ લાખ કરોડનો ઘટાડો થયો હતો.

મુંબઇ: બુધવારે સેન્સેક્સ ગત મંગળવારના ૭૭,૪૭૦.૧૧ પોઈન્ટના બંધની સરખામણીએ ૭૧૫.૦૬ પોઈન્ટ કે ૦.૯૨ ટકા ઘટ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૭,૩૮૪.૯૫ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૭,૩૮૪.૯૫ પોઈન્ટ સુધી તથા નીચામાં ૭૬,૬૪૧.૧૯ પોઈન્ટ સુધી ગયા બાદ અંતે ૭૬,૭૫૫.૦૫ બંધ રહ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ૪૮૦.૦૫. લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૮૪.૨૯ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૪.૨૪ લાખ કરોડનો ઘટાડો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની છ સ્ક્રિપ વધી અને ૨૪ સ્ક્રિપ ઘટી હતી.

બીએસઈ પર કુલ ૪,૪૧૮ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૧,૪૫૮ શેરોના ભાવ વધ્યા હતા, ૨,૭૮૦ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૮૦ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૧૪ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૦૦ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. કુલ ૨૫ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૫ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૧૦ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૧.૦૫ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૩૯ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૫૧ ટકા ઘટ્યો તથા એસએમઈ આઈપીઓ ૦.૩૬ ટકા વધ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર એફએમસીજી ઈન્ડેક્સ ૦.૪૧ ટકા વધ્યો હતો, જ્યારે અન્ય બધા સેક્ટરલ સૂચકાંક ઘટ્યા હતા. મુખ્યત્વે રિયલ્ટી ૨.૬૨ ટકા, સર્વિસીસ ૧.૯૭ ટકા, પીએસયુ બેન્ક ૧.૮૩ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૭૩ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ૧.૬૩ ટકા, આઈટી ૧.૪૭ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ૧.૪૨ ટકા, ઈન્સ્યુરન્સ ૧.૩૩ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૨૮ ટકા અને હેલ્થકેર ૧.૨૭ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં હિંદુસ્તાન યુનિલિવર ૦.૭૫ ટકા, એનટીપીસી ૦.૫૯ ટકા, પાવર ગ્રીડ ૦.૫૮ ટકા, ટાઈટન ૦.૩૮ ટકા, ભારતી એરટેલ ૦.૦૮ ટકા અને એશિયન પેઈન્ટ ૦.૦૪ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ઈન્ડિગો ૩.૫૭ ટકા, ઈન્ફોસિસ ૧.૯૭ ટકા, સ્ટેટ બેન્ક ૧.૮૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૮૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૫૦ ટકા, એક્સિસ બેન્ક ૧.૪૪ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૩૭ ટકા, ટેક મહિન્દ્ર ૧.૧૭ ટકા ઈટર્નલ ૧.૧૫ ટકા અને રિલાયન્સ ૧.૧૪ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૨૫૬.૨૧ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૧,૩૪૮ ટ્રેડ્સમાં ૧,૬૬૧ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૪૦,૬૬,૯૯૨ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૧,૭૫,૦૨,૧૩૮.૮૭ કરોડ રહ્યું હતું.

# ક્રૂડતેલના ભાવ ઊછળતા રૂપિયો ૨૮ પૈસા પટકાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક ભૂરાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે આજે ક્રૂડતેલના ભાવમાં ૪.૩૦ ટકા જેટલો ઉછાળો આવ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ખાસ કરીને ડૉલરમાં રોકાણકારોની સલામતી માટે લેવાલી નીકળતાં ડૉલર સામે રૂપિયો ૨૮ પૈસા પટકાઈને ૯૬.૫૩ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૬૫૦.૧૬ કરોડની લેવાલી રહી હોવાના એક્સચેન્જના નિર્દેશો અને ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ધોવાણ અમુક અંશે મર્યાદિત રહ્યું હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૨૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૬.૩૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૬૦ અને ઉપરમાં ૯૬.૨૫ની રેન્જમાં અથડાઈને અંતે ૨૮ પૈસાના ઘટાડા સાથે ૯૬.૫૩ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૧૧ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.

આજે અમેરિકાએ ઈરાન પર અને ઈરાને અમેરિકાના સહયોગી દેશો કુવૈત, બહેરીન અને જોર્ડન પર હુમલાઓ ચાલુ રાખ્યા હોવાથી તેમ જ હુથીએ પણ સાઉદી અરેબિયાથી બાબ અલ માનદેબ દરિયાઈ માર્ગે જતાં તેલના વેસલોને લક્ષ્યાંક બનાવવામાં આવશે એવી ધમકી આપતાં ક્રૂડતેલના ભાવમાં ઉછાળો આવ્યો હતો. આમ ક્રૂડતેલના ભાવ ઊછળતાં ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના વધતા ભાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૬.૨૫થી ૯૬.૮૫ આસપાસની રેન્જમાં જોવા મળી શકે છે. સિવાય કે ઈરાન-અમેરિકા વચ્ચે રાજદ્વારી વાટાઘાટોના કોઈ પ્રોત્સાહક અહેવાલે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો થાય અને જો રિઝર્વ બૅન્ક બજારમાં હસ્તક્ષેપ કરે તો રૂપિયામાં સુધારો જોવા મળી શકે છે.

વધુમાં એચડીએફસી સિક્યોરિટીઝનાં રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવ્યું હતું કે આજે ક્રૂડતેલના ભાવમાં વધારો અને અમેરિકી ટૅરિફની ભીતિ હેઠળ રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો.

# વૈશ્વિક સોનું બે મહિનાની ટોચે પહોંચતા સ્થાનિકમાં ₹ ૨૧૪૬નો ચમકારો, ચાંદી ₹ ૨૨૫૬ વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ હળવો થવાના આશાવાદે આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સોના અને ચાંદીમાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં સુધારો જોવા મળ્યો હતો અને તેમાં પણ સોનાના ભાવ બે મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૩૭થી ૨૧૪૬નો ચમકારો આવ્યો હતો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૨૫૬ની આગેકૂચ જોવા મળી હતી. વધુમાં આજે ડૉલર સામે રૂપિયામાં ૨૭ પૈસાનો કડાકો બોલાયો હોવાથી આયાત પડતરો વધવાની પણ ભાવ પર અસર જોવા મળી હતી. આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને રૂપિયો નબળો પડતાં હાજરમાં ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ રૂ. ૨૧૩૭ વધીને રૂ. ૧,૪૪,૧૦૧ના મથાળે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૧૪૬ વધીને રૂ. ૧,૪૫,૨૮૩ના મથાળે રહ્યા હતા. જોકે, તેજીના માહોલમાં આજે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ



રહી હતી. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ હાજરમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૫૬ વધીને રૂ. ૨,૨૫,૪૬૦ના મથાળે રહ્યા હતા, પરંતુ ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ એક ટકો વધીને ઔંસદીઠ ૪૧૧૫.૮૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૧ ટકો વધીને ૪૧૨૦.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ એક ટકો વધીને ઔંસદીઠ ૫૯.૩૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના વધતા ભાવ અને તેને કારણે ફુગાવામાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા કેન્દ્રવર્તી બૅન્કો લાંબા સમયગાળા સુધી ઊંચા વ્યાજદર જાળવી રાથે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં સોનામાં માગ નબળી રહે છે. જોકે, આજે અમેરિકા અને વચ્ચે શાંતિ માટે રાજદ્વારી સ્તરે થઈ રહેલા પ્રયાસો સફળ થવાના આશાવાદ હેઠળ રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું એક્ટિવ ટ્રેડનાં વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવ્યું હતું. હાલમાં જોવા મળેલા ઉછાળાને વધતા ક્રૂડતેલના ભાવનો સામનો કરવો પડે, પરંતુ એકંદરે ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થશે, એમ તેમણે ઉમેર્યું હતું. અમેરિકી સચિવ માર્કો રુબિયાએ જણાવ્યું હતું કે ઈરાન સાથેની કટોકટીનો અંત આણવા વૉશિંગ્ટન વાટાઘાટ કરવા તૈયાર છે, પરંતુ વાતચીત કરવા માટે ગંભીરતા નથી દાખવી રહ્યું.

હાલમાં બજાર વર્તુળો શેષ વર્ષ ૨૦૨૬માં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં બે વખત વધારો કરે તેવી શક્યતા જોઈ રહ્યા છે ત્યારે તાજેતરમાં રૉઈટર્સ દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણમાં વ્યાજદર યથાવત્ રાખવામાં આવે તેવી શક્યતા ફલિત થઈ હતી.

# વિશ્વ બજાર પાછળ કોપર અને ટીન સહિતની ધાતુઓમાં સુધારો

### વૈશ્વિક કોપરમાં પુરવઠાખેંચ વચ્ચે આગળ ધપતી તેજી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવમાં શાંઘાઈ ફ્યુચર એક્સચેન્જ ખાતે કોપરનાં સ્ટોકમાં ગત મે મહિનાની તુલનામાં ૮૨ ટકા જેટલો ઘટાડો થયો હોવાના નિર્દેશો તેમ જ લંડન મેટલ એક્સચેન્જ ખાતે પણ કોપરનો સ્ટોક ઘટીને ૧,૬૬,૦૨૫ ટનની સપાટીએ રહ્યો હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા લંડન ખાતે સત્રના આરંભે કોપરના વાયદામાં ભાવ ૧.૭ ટકા વધીને ટનદીઠ ૧૩,૮૫૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૩નો ઉછાળો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે જે ધાતુઓમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૫૩૬૪, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૧૩૧૯, કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૧૩૦૯ અને રૂ. ૧૨૧૩, નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૬૬૭ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૧૪૧૬ના મથાળે રહ્યા હતા.

વધુમાં અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગનો ટેકો મળતા સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૩૦૧ અને રૂ. ૮૪૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૮૩ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૪૮ના મથાળે રહ્યા હતા. આજે માત્ર બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૩૦, રૂ. ૩૦૫ અને રૂ. ૨૦૬ના મથાળે ટકેલા રહ્યા હતા.

### મથકો પર ખાંડમાં ₹ ૨૦ની પીછેહઠ

# હાજરમાં મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો




(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર તાજેતરમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ભાવમાં જોવા મળેલી એકતરફી તેજી પશ્ચાત્ આજે મથકો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં ઊંચા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો અને વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૮૦થી ૪૪૩૦માં થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ધીમો સુધારો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ હતી અને રિટેલ સ્તરની માગ પણ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૧૨થી ૪૫૬૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા અને મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૫૮૦થી ૪૬૬૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરના નિરુત્સાહી અહેવાલે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૯૫થી ૪૪૩૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૭૫થી ૪૫૫૫માં થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# પાંખાં કામકાજો વચ્ચે આરબીડી પામોલિન, સિંગતેલ અને સોયા રિફાઈન્ડમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૧ રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૩૮ સેન્ટ ઘટી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં વરસાદી વાતાવરણમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં હાજરમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૦નો અને સિંગતેલ તથા સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના સન રિફાઈન્ડના રૂ. ૧૭૪૦ તથા જુલાઈ અને ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, એવીઆઈ તથા ગોકુલ એગ્રોના સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૯૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૫૨૦ અને સન રિફાઈન્ડના ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૭૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. જોકે, આજે ગોકુલ એગ્રોની સોયા રિફાઈન્ડમાં રેડી કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૪૦માં અને જુલાઈ મહિનાના કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૪૪માં બાયબેકમાં લેવાલી નીકળી હતી. આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૧૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૯૦૦ ગૂણી મગફળીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે હાજરમાં સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૮૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૨૦થી ૧૬૨૫માં થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની ૫૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૦૦૦થી ૭૨૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૪૦૦થી ૭૪૭૫માં થયા હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૫, સન રિફાઈન્ડના રૂ. ૧૭૪૦, સિંગતેલના રૂ. ૧૭૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૦ અને સરસવના રૂ. ૧૭૫૦ના મથાળે રહ્યા હતા.

# સુરતમાં ભારે વરસાદના કારણે ત્રણ ઈમારતની દીવાલ ધરાશાયી, જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : સુરત શહેરમાં ભારે વરસાદને લઈને અનેક વિસ્તારો પ્રભાવિત થયાં હતાં. આ દરમિયાન કેટલાક વિસ્તારોમાં જૂના અને જર્જરિત મકાનો ધરાશાયી પણ થયાં હતાં. સુરતમાં છેલ્લા ૨૪ કલાકમાં જર્જરિત હાલતમાં રહેલા ત્રણ મકાન ધરાશાયી થયા હતા. જો કે, આ દરમિયાન કોઈ જાનહાનિ થઈ નહોતી, જેથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, આવા વિસ્તારોથી દૂર રહેવા માટે તંત્ર દ્વારા અપીલ પણ કરવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર ભાગળના હરિપુરા વિસ્તારમાં આવેલ સુખડિયા શેરીમાં મકાનનો એક ભાગ ધરાશાયી થયો હતો. તે પછી ઝાપા બજારમાં આવેલ તૈયાબી મહોલ્લામાં પણ એક જર્જરિત મકાનનો ઉપરનો ભાગ અને દીવાલ ધરાશાયી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. આ વિસ્તારને સ્થાનિક તંત્ર દ્વારા બેરિકેટ લગાવીને સુરક્ષિત કરી લેવામાં આવ્યો અને વાહનવ્યવહાર પણ બંધ કરાવી દેવામાં આવ્યો હતો.

ત્રીજી ઘટના કોટ વિસ્તારમાં આવેલ બાલાજી રોડ પાસે બની હતી. અહીં શ્રીનાથજી મંદિર પાસે એક મકાનનો આગળનો ભાગ ધરાશાયી થયો હતો. આ ઘટનામાં ત્રણ વાહનો કાટમાળ નીચે દટાઈ ગયાં હતાં. જો કે, કોઈ જાનહાનિ થઈ નહોતી પરંતુ ત્રણેય વાહનોને ભારે નુકસાન થયું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલા એક સર્વે પ્રમાણે અત્યારે શહેરમાં ૬૭૦ એવી ઈમારતો છે જે જોખમી હાલતમાં છે. જેથી આ તમામના માલિકોને મનપા દ્વારા નોટિસ આપી દેવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે ૬૭૦ માંથી ૪૬૫ ઈમારતોનું તો ડિમોલિશન પણ કરી દેવામાં આવ્યું છે. સુરત મનપા દ્વારા કુલ ૧૦૦ થી પણ મિલકતોને ખાલી કરાવી દેવામાં આવી હતી. આગળની કાર્યવાહી પણ મનપા દ્વારા કરવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદ એરપોર્ટ પર ફરી ૧.૪ કરોડનું સોનું પકડાયું, આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : શહેરના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર અબુધાબીથી અમદાવાદ આવેલા આઠ પેસેન્જર પાસેથી અંદાજે એક કરોડ ૧૪ લાખના ૨૪ કેરેટના સોનાના દાગીના મળી આવ્યા હતા. જોકે આ તમામ પેસેન્જરોએ મહેસાણાના લીચ ગામના રહેવાસી અને ટ્રાવેલ્સનો બિઝનેસ કરતા પંકજ પટેલનું નામ આપતા કસ્ટમ વિભાગ એ માસ્ટર માઈન્ડ અને પેસેન્જર પાસે દાણચોરી કરાવનાર પંકજ પટેલની ધરપકડ કરી લીધી છે.

એરપોર્ટ કસ્ટમના અધિકારીઓને બાતમી મળી હતી કે અબુધાબીથી અમદાવાદ ફ્લાઇટ નંબર ૩એલ ૧૧૧ અમદાવાદ આવી રહી છે, જેમાં મહેસાણા અને તેની આસપાસના ગામના આઠ જેટલા પેસેન્જર પરત ફરી રહ્યા છે. જેના આધારે કસ્ટમ વિભાગએ તપાસ કરતા સાત પેસેન્જર પાસે ૧૦ ગ્રામ ૨૦ ગ્રામ ૨૫ ગ્રામ મળીને કુલ ૭૭૦.૩૩ ગ્રામ સોનાના દાગીના તેમના પોકેટમાંથી પ્લાસ્ટિકમાં કન્સિડ કરેલા મળી આવ્યા હતા. ૨૪ કેરેટના આ ગોલ્ડમાં ગોલ્ડ ચેન, પેન્ડલ, બુટ્ટી, મંગળસૂત્ર, મણકાની માળા જેવા દાગીના મળી આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં તમામ પેસેન્જરે જણાવ્યું કે અમને લઈ જનાર ટૂર ઓપરેટર પંકજ પટેલ અમારી સાથે છે અને તેઓ અમને અબુધાબી લઈ ગયા હતા અને ટિકિટ પણ કરાવી આપી હતી અને દાગીના પેસેન્જરને આપ્યા હતા, જેના ૭ થી ૧૦ હજાર રૂપિયા ઓછા કરી દેવાની લાલચ આપીને દાગીના અમને આપ્યા હતા. કસ્ટમ વિભાગે તમામના નિવેદનો નોંધીને માસ્ટર માઈન્ડ અને પેસેન્જર પાસે દાણચોરી કરાવનાર પંકજ પટેલની ધરપકડ કરી લીધી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# દીપડા અંગેના વાયરલ થયેલા વીડિયો નકલી હોવાની વન વિભાગની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)





અમદાવાદ : અમદાવાદમાં ઘુમા અને ચાંદખેડા વિસ્તારમાં દીપડા દેખાયા બાદ સોશિયલ મીડિયામાં આ અંગે અમુક અફવાઓ ફેલાઈ રહી હતી. એક વીડિયોમાં દીપડો પકડાઈ ગયો હોય તેમ જણાવવામાં આવ્યું હતું જ્યારે બીજા વીડિયોમાં વધુ એક સ્થળેથી કાર નીચેથી દીપડો નીકળ્યાનો વીડિયો વાયરલ થયો હતો. વન વિભાગે બન્ને વીડિયોમાં તથ્ય ન હોવાનું સ્પષ્ટ કર્યું હતું.

ઘુમા વિસ્તારમાં દીપડો દેખાયા બાદ અમદાવાદ સામાજિક વનીકરણ વિભાગે લોકોને અફવાઓ પર વિશ્વાસ ન કરવા કે ફેલાવવા માટે અપીલ કરી છે, અને ચેતવણી આપી છેકે સોશિયલ મીડિયા પર ઘણા નકલી વીડિયો શેર કરવામાં આવી રહ્યા છે, જેનાથી બિનજરૂરી ગભરાટ ફેલાયો છે.

સત્તાવાર રીતે ઘુમામાં શરણદીપ સોસાયટી નજીક ૨૦ જુલાઈના રોજ વહેલી સવારે સીસીટીવીમાં એક સાથે ઘુમાની ગ્રિન સિટીમાં પાર્ક કરેલી કાર નીચેથી દીપડો નીકળ્યો હોવાનો વીડિયો પણ ખોટો હોવાનું અને તે દીપડો નહીં પણ બિલાડી હોવાનું વન વિભાગે સ્પષ્ટ કર્યું હતું. વન વિભાગે સ્થળની મુલાકાત લઈ તમામ દીપડો કેદ થયો હતો. આ ઘટનાને પગલે, વન વિભાગની એક ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આસપાસના વિસ્તારમાં સઘન શોધખોળ શરૂ કરી હતી. વિભાગે પ્રાણીને સુરક્ષિત રીતે પકડવા માટે પાંજરા ગોઠવ્યા છે, જ્યારે પશુ ચિકિત્સકો, તાલીમ પામેલા જવાનો અને ૨૦થી વધુ વન રક્ષકો અને વનપાલોની એક ટીમ, જરૂરી બચાવ સાધનોથી સજ્જ છે અને દીપડાની શોધખોળ ચાલી રહી છે. ચાંદખેડાથી દીપડા પકડાઈ ગયેલા દાવા સાથેના વીડિયો પર પણ ભરોસો ન કરવા વન વિભાગે લોકોને અપીલ કરી હતી. આ ચકાસણી કરી હતી અને લોકોને પણ વન્ય પ્રાણીઓ દેખાવા અંગે કોઈ અફવા ન ફેલાવવા અને લોકોમાં ગભરાટ ન ફેલાવવા અપીલ કરી હતી. જો તેમને આ પ્રકારે કોઈ પ્રાણી દેખાય તો વન વિભાગને તાત્કાલિક જાણ કરવા પણ અપીલ કરી હતી. ■

# અરવલ્લી જિલ્લાની ૫૫ ગ્રામ પંચાયતો ‘ટીબી મુક્ત’ જાહેર, સરપંચોને સન્માનિત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : અરવલ્લી જિલ્લામાં જિલ્લા તંત્ર દ્વારા ટીબી મુક્તિ માટે સારી એવી કામગીરી કરવામાં આવી હતી. ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત અરવલ્લી જિલ્લાની કુલ ૫૫ ગ્રામ પંચાયતોને ટીબી મુક્ત જાહેર કરવામાં આવી છે. આ મામલે સેન્ટ્રલ ટીબી ડિવિઝન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નવી દિલ્હી અને પંચાયતી રાજ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા નિર્ધારિત માપદંડોના તપાસ કરવામાં આવી અને તેના આધારે આ ગ્રામ પંચાયતોને ટીબી મુક્ત જાહેર કરવામાં આવી છે.

ટીબી મુક્ત પંચાયત-૨૦૨૫ના લક્ષ્ય હેઠળ ગ્રામ્ય કક્ષાએ ક્ષય રોગના નાબૂદી માટે સારી એવી કામગીરી કરવામાં આવી હતી. જેના માટે આ ગ્રામપંચાયતોમાં ટીબીના દર્દીઓની નિયમિત સારવાર, ફોલોઅપ, દવાઓ આપવી અને નિક્ષય પોષણ યોજનાનો સંપૂર્ણ લાભ આપવામાં આવ્યો હતો. જેથી આ તમામ ૫૫ ગ્રામ પંચાયતોના સરપંચોનું અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન ટીબી મુક્ત પંચાયત પ્રશસ્તિપત્ર, ગાંધીજીની ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ પ્રતિમાઓ પણ એનાયત કરવામાં આવી હતી. આ ગામો આસપાસના અન્ય ગામો સહિત ગુજરાતના ગામો માટે પણ પ્રેરણારૂપ બન્યાં છે. આ સાથે ટીબી મુક્ત ભારત અભિયાનને સફળ બનાવવા માટે આરોગ્ય તંત્ર સાથે ખાનગી તબીબો, એનજીઓ અને સમાજના તમામ વર્ગોને સમર્પિત બનવા અપીલ કરવામાં આવી હતી. ■

# સુરતમાં પરિવારને મળવા આવેલી ૧૫ વર્ષીય કિશોરીએ આપઘાત કરી લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : યુવાનો જ નહીં, કિશોરોમાં પણ માનસિક સંતાપનું પ્રમાણ વધી રહ્યું છે. સુરતમાં માત્ર ૧૫ વર્ષની કમ્પ્યુટર એન્જિનિયરિંગની વિદ્યાર્થિનીએ આપઘાત કરી લીધો હોવાની માહિતી મળી હતી. વિધિ માકડિયા નામની વિદ્યાર્થિની અમદાવાદમાં કમ્પ્યુટર એન્જિનિયરિંગનો અભ્યાસ કરતી હતી અને સાથે કૉલેજની બેક ઓફિસમાં પાર્ટ ટાઈમ નોકરી પણ કરતી હતી.

ઘટનાની મળતી વિગતો અનુસાર વિધિ અમદાવાદથી સુરત ચાર દિવસ પહેલા આવી હતી. પરિવારને મળવા આવેલી કિશોરીએ ઝેરી દવા પી લીધી હતી. બનાવના સમયે વિધિ પરિવાર સાથે જમતી હતી અને મમ્મી સાથે મજાક મસ્તી કરતી હતી. અચાનક તેને ઉલટી થઈ અને તે ઢળી પડી. ઉલટીની દુર્ગંધથી માતા-પિતા ચિંતામાં મૂકાયા અને તેને તાબડતોબ નવી સિવિલ હૉસ્પિટલમાં ખસેડી હતી, પરંતુ તબીબોની ટીમે તેને મૃત જાહેર કરી હતી. મૂળ સૌરાષ્ટ્રનો પરિવાર ફ્રૂટ વેચી ઘરનું ગુજરાન ચલાવતો હતો. દીકરી ભણવામાં હોશિયાર હતી અને સુરતમાં ભણ્યા બાદ અમદાવાદમાં અભ્યાસ કરી રહી હતી. જોકે તે સુરત આવી ત્યારથી થોડી ચિંતામાં હોવાનું જણાઈ રહ્યું હતું, પરંતુ પરિવાર સાથે તેણે કોઈ વાત કરી ન હતી. દીકરીની આ રીતે થયેલા અવસાનથી પરિવાર શોકમાં સરી પડ્યો છે. પોલીસ વધુ તપાસ હાથ ધરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સાણંદ પોલીસે ૧૫૨૪ દારૂની બોટલો સાથે ₹૧૪.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાની સાણંદ પોલીસે એક કારમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે રૂ. ૧૪.૭૮ લાખના મુદ્દામાલ સાથે દારૂની કુલ ૧૫૨૪ બોટલો જપ્ત કરી હતી. પોલીસે ચોક્કસ બાતમીના આધારે પોલીસે ભાવનપુરા ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. કડી તરફથી આવતી શંકાસ્પદ સફેદ રંગની કારનો પોલીસે ફિલ્મી ઢબે પીછો કરીને કારને ઝડપી પાડી હતી.

આ કારમાંથી જુદી જુદી બ્રાન્ડની કુલ ૧૫૨૪ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ. ૪,૭૮,૬૪૦/- થાય છે. પોલીસે રૂ. ૧૦,૦૦,૦૦૦/- ની કિંમતની કાર જપ્ત કરી હતી. આમ, કુલ રૂ. ૧૪,૭૮,૬૪૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે પ્રોહીબીશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કારના ચાલક અને તેની સાથેના અજાણ્યા શખ્સને વોન્ટેડ જાહેર કરી તેમની સામે આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# નીટ પેપર લીક મામલે કૉંગ્રેસના રાજ્યવ્યાપી પ્રદર્શનો, ભાજપે પણ કૉંગ્રેસ કાર્યાલય ઘેર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદ : પેપર લીક, પરીક્ષાઓમાં ગેરરીતિ મામલે શાંતિપૂર્ણ આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ પર થઈ રહેલા પોલીસ દમનનો આક્ષેપ કરી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ દ્વારા રાજ્યમાં અનેક જગ્યાએ આ મામલે વિરોધ પ્રદર્શનો કર્યાં હતાં.

અમદાવાદમાં રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યો, આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરોએ ભાજપા શરમ કરો, પેપરલીક મુદ્દે શિક્ષણ પ્રધાન રાજીનામું આપો અને વિદ્યાર્થીઓના બર્બરતા પૂર્વક લાઠીચાર્જ બદલ માફી માંગે જેવા ભારે સૂત્રોચ્ચાર કરીને સરકાર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેના કારણે ધારાસભ્ય અમિત ચાવડા, ઈમરાન ખેડાવાલાની ટીંગાટોળી કરી અટકાયત કરવામાં આવી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું હતું કે, ભાજપની ડબલ એન્જિન સરકારના શાસનમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં અનેક વખત પેપર લીક થયા, પરીક્ષાઓ રદ થઈ અને લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ગંભીર ચેડાં થયા છે.

તાજેતરમાં નીટ પરીક્ષા પેપર લીકની ઘટનાએ સમગ્ર દેશના યુવાનોમાં ભારે આક્રોશ ફેલાવ્યો છે. લાખો પરીક્ષાર્થીઓ આજે પોતાના ભવિષ્ય અંગે ચિંતિત છે અને સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરીને ન્યાયની માંગ કરી રહ્યા છે, તેમ ચાવડાએ જણાવ્યું હતું.

નીટ પેપર લીક વિવાદમાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા અને રાજકોટ માં વિરોધ પ્રદર્શન કર્યા હતાં. અમદાવાદમાં રાજીવ ગાંધી ભવન, ગાંધીનગરમાં મુખ્ય પ્રધાનના નિવાસસ્થાન બહાર, વડોદરમાં માંજલપુર વિસ્તારમાં, જ્યારે સુરત અને રાજકોટમાં કોંગ્રેસ દ્વારા રસ્તા પર ઉતરીને પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાન બહાર રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા પ્રદર્શનને અરાજકતા ફેલાવવાનું ષડયંત્ર ગણાવીને ગુજરાત ભાજપ દ્વારા અમદાવાદના પાલડી સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે આક્રમક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં મોટી સંખ્યામાં એકઠા થયેલા કાર્યકર્તાઓ સૂત્રોચ્ચાર સાથે કોંગ્રેસ કાર્યાલય સુધી પહોંચ્યાં હતાં. પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. વિરોધ શાંતિપૂર્ણ રહ્યો હતો. ■

# ભારે વરસાદના કારણે પશ્ચિમ રેલવેની સેવાઓ પ્રભાવિત; અનેક ટ્રેનો રદ અને શોર્ટ-ટર્મિનેટ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : દક્ષિણ ગુજરાતમાં વરસી રહેલા તોફાની વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું, જેની સીધી અસર રેલવે સેવા પર પણ પડી. બુધવારે વલસાડ જિલ્લાના ઉદવાડા અને પારડી સ્ટેશન વચ્ચે ભારે વરસાદને લીધે રેલવે ટ્રેક નજીકનો ભૂસ્ખલન થતાં સુરક્ષાના ભાગરૂપે પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ-અમદાવાદ રૂટ પરથી પસાર થતી અનેક મહત્વપૂર્ણ ટ્રેનોના રૂટ ટૂંકાવવામાં આવ્યા છે, જ્યારે કેટલીક ટ્રેનોને આંશિક કે સંપૂર્ણપણે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રેલવે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ટ્રેક રિપેરિંગ અને માટી હટાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી અને મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મુસાફરીમાં ફેરફાર કરવામાં આવ્યાં હતાં.

પૂર્ણ રદ કરવામાં આવેલી ટ્રેનની વાત કરવામાં આવે તો, ૬૯૧૫૩ ઉમરગામ રોડ-વલસાડ મેમુ આ ટ્રેન ૨૨ જુલાઈના રોજ સંપૂર્ણપણે રદ કરવામાં આવી હતી. આ પશ્ચિમ રેલવે દ્વારા અનેક ટ્રેનોને શોર્ટ-ટર્મિનેટ (અડધેથી પૂરી) કરવામાં આવી હતી. જેમાં ૨૨ જુલાઈના રોજ ચાલનારી ૬૯૧૫૪ વલસાડ-ઉમરગામ રોડ ટ્રેન વલસાડ ખાતે, ૬૯૧૩૯ બોરીવલી-વલસાડ વાપી ખાતે, ૧૨૯૩૪ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ કરણાવતી એક્સપ્રેસ વલસાડ ખાતે, ૧૨૯૩૨ અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ નવસારી ખાતે, ૨૨૯૩૦ વડોદરા-દહાણુ રોડ બીલીમોરા ખાતે અને ૫૯૦૪૫ મુંબઈ સેન્ટ્રલ-વાપી પેસેન્જર ઘોલવડ ખાતે શોર્ટ-ટર્મિનેટ કરવામાં આવી હતી. આ ઉપરાંત, ૨૧ જુલાઈના રોજ ઉપડેલી ૨૦૯૦૮ ભુજ-દાદર સયાજીનગરી એક્સપ્રેસને સુરત ખાતે અને ૧૨૯૯૬ અજમેર-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટને વલસાડ ખાતે જ રોકીને શોર્ટ-ટર્મિનેટ કરી દેવામાં આવી હતી.

આ સાથે આંશિક રીતે રદ કરાયેલી કેટલીક ટ્રેનો મૂળ સ્ટેશનને બદલે સુધારેલા સ્ટેશનો પરથી પોતાના આગળના પ્રવાસ માટે ઉપડી હતી. ૧૨૯૩૩ બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ કરણાવતી એક્સપ્રેસ બાંદ્રાથી વલસાડ વચ્ચે રદ રહીને સાંજે ૧૬:૨૦ કલાકે વલસાડથી ઉપડી હતી. ૧૨૯૩૧ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ડબલ ડેકર એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલથી નવસારી વચ્ચે રદ રહી સાંજે ૧૭:૨૦ કલાકે નવસારીથી ઉપડી હતી. ૨૨૯૨૯ દહાણુ રોડ-વડોદરા ટ્રેન દહાણુ રોડથી બીલીમોરા વચ્ચે રદ રહીને સાંજે ૧૭:૨૦ કલાકે બીલીમોરાથી રવાના થઈ હતી. આ સિવાય, ૫૯૦૪૦ વાપી-મુંબઈ સેન્ટ્રલ ટ્રેન વાપીથી ઘોલવડ વચ્ચે રદ રહી બપોરે ૧૪:૩૮ કલાકે ઘોલવડથી ઉપડી હતી.

જ્યારે ૨૦૯૦૭ દાદર-ભુજ સયાજીનગરી એક્સપ્રેસ દાદરથી સુરત વચ્ચે રદ રહી રાત્રે ૧૯:૩૫ કલાકે સુરતથી અને ૧૨૯૯૫ બાંદ્રા ટર્મિનસ-અજમેર સુપરફાસ્ટ બાંદ્રાથી વલસાડ વચ્ચે રદ રહીને રાત્રે ૨૦:૧૫ કલાકે વલસાડથી ઉપડી હતી. ■

# નશામુક્ત ગુજરાત માટે ૩૪ જિલ્લા હૉસ્પિટલોમાં શરૂ થશે ૧૫ બેડના ડી-એડિક્શન સેન્ટર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : રાજ્યમાં નશા-મુક્તિની લડતને વધુ મજબૂત બનાવતા ગુજરાત સરકારે તમામ ૩૪ જિલ્લા હૉસ્પિટલોમાં ૧૫ બેડ ક્ષમતાવાળા ડી-એડિક્શન સેન્ટરો (નશામુક્તિ કેન્દ્રો) શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આ માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૧૪.૯૦ કરોડના ખર્ચને વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

આ નિર્ણયથી અત્યાર સુધી વિશેષ સારવાર માટે મોટા શહેરોનો સહારો લેતા નશાના વ્યસનથી અસરગ્રસ્ત લોકોને હવે પોતાના જિલ્લામાં જ સારવાર, કાઉન્સેલિંગ, માનસિક આરોગ્ય સેવાઓ અને પુનર્વસનની સુવિધા ઉપલબ્ધ થશે.

દરેક કેન્દ્રમાં નશાની લતમાંથી મુક્તિ માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી ડિટૉક્સ સારવાર, ડી-એડિક્શન થેરાપી, કાઉન્સેલિંગ, માનસિક આરોગ્ય સેવા, પરિવાર પરામર્શ અને પુનર્વસન જેવી સર્વગ્રાહી સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. ઉપરાંત, ઇન-પેશન્ટ અને આઉટ-પેશન્ટ બંને પ્રકારની સેવાઓ પણ શરૂ કરવામાં આવશે.

દરેક કેન્દ્રમાં તબીબો, નર્સિંગ સ્ટાફ, કાઉન્સેલર, મનોવિજ્ઞાનીઓ અને અન્ય પ્રશિક્ષિત કર્મચારીઓની ટીમ કાર્યરત રહેશે, જેથી દર્દીને એક જ સ્થળે સર્વાંગી સારવાર મળી શકે.

નશો માત્ર વ્યક્તિ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને અસર કરે છે. તેથી નવી વ્યવસ્થા હેઠળ દર્દીને વ્યસન-મુક્ત કરવાની સાથે તેને ફરી સામાન્ય અને સ્વાભિમાની જીવન જીવવા સક્ષમ બનાવવાનો પણ પ્રયાસ કરવામાં આવશે. યોજનાના અમલમાં પારદર્શિતા જળવાય તે માટે જરૂરી સાધનોની ખરીદી જીઈએમ પોર્ટલ મારફતે કરવામાં આવશે. ઉપરાંત કામગીરીનું નિયમિત મોનીટરિંગ, સોશિયલ ઓડિટ અને થર્ડ પાર્ટી વેરિફિકેશન પણ હાથ ધરાશે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું. ■

# અમદાવાદમાં વગર વરસાદે પાણીજન્ય રોગો વકર્યા, તંત્ર સાબદું થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ચોમાસાની ઋતુ ચાલી રહી છે, પરંતુ અમદાવાદમાં વરસાદ લગભગ નહીવત્ છે, તેમ છતાં ઋતુ-બેઋતુ હોવાથી શહેરમાં પાણીજન્ય રોગોના દરદીઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરમાં રોગચાળાના આંકડા મુજબ, જુલાઈ મહિનાના પ્રથમ ૧૯ દિવસોમાં જ પીવાના દૂષિત પાણી અને મચ્છરોના ઉપદ્રવને કારણે થતા રોગોના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

જુલાઈના ૧૯ દિવસમાં નોંધાયેલા રોગચાળાના આંકડાની વિગતે વાત કરવામાં આવે તો, પાણીજન્ય રોગોમાં ઝાડા-ઉલટીના ૨૮૩ કેસ, ટાઈફોઈડના ૧૮૪ કેસ અને કમળોના ૪૫ કેસ નોંધાયા છે. મચ્છરજન્ય રોગોમાં મલેરિયાના ૧૪ કેસ, ફાલ્સીપેરમ મલેરિયાના ૨ કેસ, ડેન્ગ્યુના ૧૯ કેસ અને ચિકનગુનિયાનો ૧ કેસ નોંધાયો હતો.

ચોમાસામાં દૂષિત પાણીની સમસ્યા રોકવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી પાણીના નમૂના લઈ ચકાસણી હાથ ધરવામાં આવી હતી જેમાં ક્લોરિનની માત્રા ચકાસવા માટે લેવાયેલા ૩૨,૦૪૪ સેમ્પલમાંથી ૨૫ સેમ્પલમાં ક્લોરિનનું પ્રમાણ શૂન્ય અથવા નહિવત જણાયું હતું.

આ સાથે પીવાના પાણીના બેક્ટેરિયા તપાસવા માટે ૪,૬૬૫ સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેમાંથી ૩૧ સેમ્પલ પીવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યા છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

વર્ષના પ્રારંભથી એટલે કે જાન્યુઆરીથી લઈને અત્યાર સુધીના આંકડાની વાત કરવામાં આવે તો, ઝાડા-ઉલટીના ૩,૪૧૭ કેસ, ટાઈફોઈડના ૧,૧૧૮ કેસ, કમળોના ૪૦૯ કેસ, મલેરિયાના ૧૩૯ કેસ, ફાલ્સીપેરમ મલેરિયાના ૧૬ કેસ, ડેન્ગ્યુના ૧૭૮ કેસ અને ચિકનગુનિયાના ૩ કેસ નોંધાયા હતાં.

ચોમાસા દરમિયાન પાણીને ઉકાળીને પીવા, બહારનો ખુલ્લો કે વાસી ખોરાક ન ખાવા અને ઘરની આસપાસ પાણી ભરાઈ રહેતા પાણીનો નિકાલ કરવા માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી. ■

# વલસાડમાં ખાનગી બસના મુસાફરો અને મજૂરોને બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદ : વલસાડ શહેરમાં ભારે વરસાદના પરિણામે પાલીહિલ વિસ્તારની પાછળ આવેલા એસટીપી પ્લાન્ટ ખાતે પાણી ભરાવાના કારણે ત્રણ મજૂરો ફસાઈ ગયા હતા. આ અંગેની જાણ થતાં જ એનડીઆરએફની ટીમ તાત્કાલિક ધોરણે સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમત બાદ ત્રણેય મજૂરોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. એનડીઆરએફની આ ઝડપી અને સરાહનીય બચાવ કામગીરીના કારણે એક મોટી હોનારત ટળી ગઈ હતી. સ્થાનિકોએ તંત્રની આ કામગીરીને બિરદાવી હતી.

વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના અંભેટી પાસે કોપરેલી- વાપી મુખ્ય રસ્તા પર ખાનગી બસ ફસાઈ હતી. આ બસમાં મુસાફરી કરી રહેલા ૧૬ મુસાફરોને બચાવવા માટે તંત્ર અને સ્થાનિક ગ્રામજનો દ્વારા રેસ્ક્યુ ઓપરેશનની કામગીરી હાથ ધરવામાં આવી અને તમામને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યાં હતાં. તે પછી સુરક્ષાના ભાગરૂપે આ માર્ગ પર બંને બાજુએ બેરિકેડ્સ લગાવી દેવામાં આવ્યા અને વાહનવ્યવહાર પણ બંધ કરી દેવામાં આવ્યો હતો.

તંત્ર દ્વારા નાગરિકોને સુરક્ષાના નિયમોનું પાલન કરવા માટે અપીલ કરવામાં આવી હતી. ■